



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**



**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ


**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૬ અંક : ૬૭ નવેમ્બર-૨૦૧૨**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | ભક્તરૂપે વસ્ત્રાલંકાર | ૦૪ |
| ૦૪. | મહિમા અને સમજણ | ૦૫ |
| ૦૫. | પ.પૂ. મોટા મહારાજશ્રીની અમૃતવાણી (સીડની-ન્યુઝિલેન્ડ) | ૦૬ |
| ૦૬. | જે શ્રી નરનારાયણદેવના છે એ જ અમારા છે - પ.પૂ. મહારાજશ્રીનું આશીર્વચન | ૦૮ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૦ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૨ |
| ૦૯. | ભક્તિ સુધા | ૧૫ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૧૯ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૦ |

# ॥ અસ્મદીયમ્ ॥



સમસ્ત સત્સંગને વિક્રમ સંવત ૨૦૬૯ વર્ષના નૂતન વર્ષના શ્રીહરિ સ્મૃતિ સહ જયશ્રી સ્વામિનારાયણ. અત્યારે તો સમગ્ર ગુજરાત રાજ્યમાં ચૂંટણીની મોસમ પુર બહારમાં ખીલી છે. દરેક રાજકિય પક્ષો, એટીચોટીનું જોર લગાવી રહ્યાં છે. જો કે હવે સામાન્ય માણસ પણ દરેકને ઓળખવા લાગ્યો છે.

આપણા સૌની ફરજ મતદાન કરવાની છે. દરેક લોકો મતદાનમાં રસ દાખવે તો અમૂક તો સારા લોકો પ્રજાના પ્રતિનિધિરૂપે મળે. ભ્રષ્ટાચારની ભૂંગળ ચારે દિશામાં ફેલાયેલી છે. સાચો માણસ ઓળખવો પણ કઠીન છે. આ બધી વાતો જેને રાજકારણ અને લોકવ્યવહારમાં રસ હોય તેના માટે છે. પણ આપણે તો સુખેથી ભજન કરવું છે.

આધારાનંદ સ્વામીના ગ્રંથમાં (પુર ૨૭ તરંગ ૯૮) સુંદર વાત છે.

સંતો, વર્ણી તથા દેશ દેશના હરિભક્તો અને જે ધર્મવંશી કહેવાય છે તે બધા કોઈ ધર્મની રીતને લોપે નહી. આતો સત્સંગની પુરી સભા કહેવાય છે. અને જે ખૂણે બેસીને સભા કરાતી હોય તે તો ઉત્પાત કરે છે અને સમજણની છાની વાતો કરે છે તે વાતો કરનારા ગમે તેટલા ધર્મ ને પાળતા હોય પણ છાની વાતો કરવી તે સત્સંગમાં કુસંગ કહેવાય છે. અને તે છાની વાત કરનારાઓ છેવટે વિમુખમાં ખપે છે. આ વાત બહુ સમજવા જેવી છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓકટોબર-૨૦૧૨)



૧. પ.ભ. દિપકભાઈ નગીનભાઈ પટેલને ત્યાં પધરામણી, નવરંગપુરા.

૭. હળવદ ગામે બ્રાહ્મણ ચોર્યાસી પ્રસંગે પધરામણી.

૧૪-૧૫. માંડવી (કચ્છ) પધરામણી.

૨૧-૨૩. સુખપર (કચ્છ) અને વેકરા (કચ્છ) પધરામણી.

૨૪. ૪૦ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંત હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો.

૨૪ થી ૬. નવેમ્બર સુધી ઓસ્ટ્રેલિયાના ધર્મ પ્રવાસે પધરામણી.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com

છપૈયા : www.chhapaiya.com

નારણઘાટ : www.narayanghat.com

પ્રયાગ : www.prayagmilan.org

મહેસાણા : www.mahesanadarshan.org

ટોરડા : www.gopallalji.com

વડનગર : www.vadnagar.com

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

# ભક્તરૂપે વસ્ત્રાલંકાર

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આત્યન્તિક મુક્તિના શ્રેષ્ઠ ઉપાયોમાં સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સ્વરૂપ સુધી પહોંચવા અને નિજસ્વરૂપ અનુપમ દિવ્ય અલૌકિક સુખ માણવા માટે શ્રીજી મહારાજે આશ્રિત માત્રને માટે ખૂબ શ્રેષ્ઠ ઉત્તમ સરલ પરંપરા આપી છે. તેમાં ભગવાનના સ્વરૂપને વસ્ત્ર અલંકાર ધૂપ દીપ આદિ સેવાના ઉપકરણોના માધ્યમથી ભગવાનના સ્વરૂપને પામી અને શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે. નિત્ય વિવિધ પ્રકારની સેવા વિધિમાં ભગવાનની મૂર્તિને વસ્ત્ર-અલંકાર રાજોપચાર ધૂપ, દીપ, નૈવેદ્ય આદિ અર્પણ કરવામાં આવે છે ત્યારે તે તે ઉપચારોને ભગવાન સ્વયં પ્રત્યક્ષ રીતે અંગીકાર સ્વીકાર કરીને જે તે વસ્તુના માધ્યમથી શ્રીહરિ અર્પણ કરનાર ભક્તની પ્રીતિ ભક્તિને વશ થઈને તેને ભક્તને નિજ સ્વરૂપમાં સ્થાન આપે છે. તેથી વસ્ત્ર અલંકાર જેવી વસ્તુના માધ્યમથી આત્યંતિક મુક્તિ રૂપે ભગવાનની મૂર્તિમાં સ્થાન પામે છે. એટલે શ્રીહરિએ કહ્યું છે કે, ઉપાસના સાથે અમે મંદિરો કરાવ્યા અને કરાવી રહ્યા છે. એટલે કે ભગવાનની મૂર્તિને પામવા સારું મંદિરોમાં મૂર્તિઓ પધરાવવામાં આવે છે. તે સ્વરૂપને યથા સમયે યથા શક્તિ પ્રીતિ અને ભક્તિપૂર્વક જે મુમુક્ષુ વસ્ત્ર અર્પણ કરે કે અલંકાર (ઘરેણા) અર્પણ કરે તો સ્વયં શ્રીહરિ વસ્ત્ર/અલંકાર અર્પણ કરનાર ભક્તને પોતાના સ્વરૂપમાં કાયમી સ્થાન આપવાનું વચન આપે છે. પ્રારબ્ધ રહે ત્યાં સુધી પ્રારબ્ધ પ્રમાણે જીવન જીવે પણ દેહના અંતે વસ્ત્ર/અલંકાર રૂપે અક્ષરધામમાં સેવાનું સુખ આપે છે. આપણા સંપ્રદાયમાં શિખરબધ્ધ કે હરિ મંદિરમાં બિરાજમાન ભગવાનના શ્રી વિગ્રહ મૂર્તિને ઋતુ પ્રમાણે સમયોચિત્ત વસ્ત્રો અલંકાર નૈવેદ્ય આપવામાં આવે છે. તે સેવાનું રહસ્ય છે કે, જે જે હરિભક્ત ભગવાનને વસ્ત્રાલંકારથી સેવા કરે ત્યારે આ પ્રમાણે ભાવ રાખીને અર્પણ કરે જે, તે મુગટ આપે કે કુંડળ કે તોડા કે હાર, છત્ર, ચામર, વ્યંજન, ઘંટડી, આરતી, શંખ આદિ કોઈપણ વસ્તુ અર્પણ કરે ત્યારે મુગટ રૂપે હું ભગવાનની પાસે રહ્યો છું અને શ્રીજી મહારાજે મુગટના રૂપે મને સ્થાન આપ્યું છે. અથવા કુંડળના સ્વરૂપે સ્થાન આપ્યું છે કે વાઘા રૂપે કે પાઘરૂપે કે થાળના વાસણ રૂપે કે જળ પિવાના (લોટા) અબખોરા રૂપે હું સેવામાં રહ્યો છું. વસ્તુ અર્પણ કર્યા પછી ભૂલી જવુ નહિ, કાયમ સંભારી રાખવું કે હું શ્રી નરનારાયણદેવ આદિના કુંડળ, કડા, તોડા, મુગટ બનીને સેવા કરુ છું અને મારા ભાગ્યનો કોઈ પાર નથી કે ભગવાન મને નિજ સ્વરૂપનું સુખ આપે છે. એવો વિચાર કરતા કરતા અહો ભાગ્ય માનીને સદાય આનંદમાં રહેવું. નિત્ય સંભારી રાખવું. એવો ભક્ત પરમ પદનો અધિકારી બન્યો છે. અર્પણ કરવાનો અહંકાર ન રાખવો પણ અહોભાગ્ય તો માનવો જ.

પુષ્ટિ માર્ગમાં વૈષ્ણવના રાજા વલ્લભાચાર્યજીએ ઉત્તમ સેવા રીતિ પ્રવર્તાવી. તો તેમાં ભગવાનને વસ્ત્ર અલંકાર અર્પણ કર્યા પહેલાં વસ્ત્ર અલંકાર છત્ર મુગટ ચામર વિગેરેની પૂજા આરતી કરવામાં આવે છે. ત્યાર પછી ભગવાનના નિજ સ્વરૂપને ધારણ કરાવવામાં આવે છે. આજે પણ કેટલાક ઉત્તમ સેવાના પ્રતિક જેવા મંદિરો બદ્રિનાથ/શ્રીનાથજી જેવા મંદિરોમાં મંગળા આરતીના સમયે તે દિવસે ધારણ કરાવવાના વસ્ત્ર અલંકારોની પૂજા આરતી યથા વિધિ કરવામાં આવે છે. અને દિવસના અંતે તે વસ્ત્ર અલંકારને મર્યાદાપૂર્વક સાચવી રાખવામાં આવે છે. તે પદાર્થને ભગવાનની બરાબર વસ્ત્ર અલંકાર રૂપો મુક્તોની સમાન માને છે. વૈષ્ણવની હવેલીમાં ઠાકોરજી નિત્ય નવીન વસ્ત્રો જ ધારણ કરે છે. શ્રીજી મહારાજના ગઢડા વચનામૃત પ્ર.૭૧ માં અમૃત વચનો છે કે, "ભગવાન તે મનુષ્ય જે પોતાના ભક્ત હોય તેની જ સેવાને અંગીકાર કરે છે અને તે પોતાના ભક્તનાં ગાર માટીને પાણાના જે ઘર તેને વિષે વિરાજમાન રહે છે. અને તે ભક્ત ધુપ, દીપ, અન્ન, વસ્ત્રાદિક જે જે અર્પણ કરે છે. તેને ભગવાન પ્રીતિએ કરીને અંગીકાર કરે છે. તે મનુષ્ય સેવક છે. તેને દિવ્યરૂપ પાર્ષદ ભેળા ભેળવવા વાસ્તે કરે છે. અને જે ભક્તજન જે જે વસ્તુ ભગવાનને અર્પણ કરે છે તે તે વસ્તુ ભગવાનના ધામને વિષે દિવ્યરૂપ થાય છે.

ભગવાનની પૂજા વિધિ કે પદાર્થ અર્પણ કરવામાં આવોભાવ ઉત્પન્ન થાય તો જ સાચી પૂજા છે. નહિતર માત્ર શ્રમ છે. તેથી મુમુક્ષુ ભગવાનને પુષ્પમાળા બનાવીને અર્પણ કરે ત્યારે હું જ આ હાર રૂપે ભગવાન

(પેજ નં. ૧૪ પર)

# મહિમા અને સમજણ

- સાધુ દેવસ્વરૂપદાસ (જયપુર)

ભક્તની મૂળભૂત ઝંખના કે પરમેશ્વર તરફ ગતિ કરવી અને પોતાની ભક્તિ વડે પોતાનું ભવિષ્ય નક્કી કરવું. તેની શરૂઆત તો જુદી જુદી ઢબે અને અલગ અલગ રીતે થાય છે. પરંતુ ઝંખના તો એક જ હોય છે ને તે શ્રીજી મહારાજને પામવાની. આ મૂળભૂત ઝંખનાનો સત્સંગમાં તેનો હમેંશા આદર થતો આવ્યો છે. સ્વામિનારાયણ ભગવાને આ યુગની પ્રજાની મૂળભૂત ઝંખના ને વ્યાપકપણે ચરિતાર્થ કરવા અક્ષરધામથી પોતાના મુક્તો સાથે પધાર્યા. ''આવ્યા ધામ થકી ધરી દેહ'' અક્ષરાધિપતિના પૃથ્વી પર આગમનથી અનેક ભક્તોને અક્ષરધામના અધિકારી બનાવ્યા અને આ બ્રહ્માંડમાં નવો આયામ આપ્યો. ''અક્ષરનાવાસી વાલો આવ્યા અવની પર, અવની પર આવી વાલે સત્સંગ સ્થાપ્યો.'' શ્રીમદ્ ભગવત ગીતાનું વચન ધર્મની ગ્લાનિ કેવળ નિમિત્ત માત્ર છે. અંતર્ધાન બાદ સ્વામિનારાયણ ભગવાને માણસને ભગવાન સાથે જોડાનારા ઘણા બધા સેતુ આપ્યા છે. તેમાં દેવ, આચાર્ય, સંત, શાસ્ત્ર, અને હરિભક્ત આ મુખ્ય સેતુ છે, આ અંગના માધ્યમથી વિશુદ્ધ પરંપરા સૂર્ય અને ચંદ્ર રહે ત્યાં સુધી અખંડ ચાલ્યા કરશે. અને આ સત્સંગમાં એક ભક્ત અને તેની મૂળભૂત ઝંખનાનો હંમેશા આદર થતો રહે તો સ્વામિનારાયણ ભગવાનનો દાખડો લેખે લાગ્યો ગણાય. આ સત્સંગ જે શ્રીજી મહારાજે સ્થાપ્યો છે તે સત્સંગમાં મહિમા અને સમજણને પરમ ધર્મ સમજી બીજી બધા માથાકૂટમાં પડ્યા વગર મુક્તિ મેળવી લેવી. આ સત્સંગ પરસ્પર મહિમા સમજવા ઉપર ભાગ મુકે છે. આ જ સત્સંગનો પાયો ને સુંદર શોભા છે બાકી બધું શોભાહીન છે. આપણે બધાને રાજી તો આપણા ઈષ્ટદેવને જ કરવાના છે. જ્યાં શ્રીજી મહારાજને રાજી કરવાની વાત આવે ત્યાં આપણી સ્વાર્થવૃત્તિ ખરી પડવી જોઈએ. સ્વયં સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં આ બે શબ્દ મહિમા અને સમજણનો સૌથી વધારે વખત ઉપયોગ કર્યો છે. મહારાજના આ શબ્દો જ્યાં સુધી આપણા જીવનમાં ચરિતાર્થ ન થાય ત્યાં સુધી સત્સંગમાં સાચો આનંદ નહિ આવે. ભલે ને પછી ઘણા સમયથી સત્સંગમાં નભ્યો જતો હોય. આપણે આપણી જાતને પૂછીએ કે ક્યાંક આપણે સત્સંગમાં ખાલી કહેવા ખાતર તો નથીને ? સભાનતા વધે તો ગરબડ ટળે. મહિમા અને સમજણને બળ મળે અને જીવનમાં આ પ્રાપ્તિનો હંમેશા આનંદ ને અહો...અહોપણું... વર્ત્યા કરે એવા શુભ હેતુ માટે આ પ્રભુમય પ્રસંગ છે અને પ્રસંગમય પ્રભુ છે.

શ્રીજી મહારાજ એકવાર લોયા ગામમાં વિનોદી ભક્તરાજ સુરાખાચરના દરબારગઢમાં સંત, હરિભક્તની સભામાં વિરાજમાન હતા. સભાની બહારની બાજુમાં ઝાલાવાડ પ્રદેશનો અતિ વૃદ્ધ પણ ભક્તિભાવથી સમૃદ્ધ બ્રાહ્મણ આવીને ઉભો રહ્યો. કંપનવાયુના કારણે તે ભૂદેવના શરીરના અંગો ભલે ધરુજતા હતા પણ આત્મામાં ઘણી મક્કમતા હતી. તે બ્રાહ્મણને માથે બાંધવાનું બાંધણનગડું ઘણી જગ્યાથી ફાટેલું હતું પણ સમજણ અતૂટ હતી. તેથી બાંધણમાં ઠેર ઠેર ગાંઠો બાંધી હતી પણ ગ્રંથીઓની એકપણ ગાંઠ જીવનમાં ન હતી. માથે બાંધવાના લૂગડામાં એક રૂપિયો પણ તેમાં ગાંઠ વાળીને બાંધેલો તેથી લૂગડામાં બાંધેલી ગાંઠો વારાફરતી ખોલે એને પેલો બાંધેલો રૂપિયો ગોતે. ભૂદેવ માટે આ ઘણી મથામણ થઈ પડી. રૂપિયો છે જ મથામણનો ભેરુ ! કોઈ તેને મેળવવાની મથામણમાં લાગ્યા છે તો કોઈ તેને સાચવવામાં પડ્યો છે. બ્રાહ્મણને રૂપિયામાંથી મુક્ત બનવું હતું તે પણ અક્ષરધામના મુક્ત ! શ્રીજી મહારાજ આ દ્રશ્ય એક નજરે જોઈ રહેલા. પછી એ બ્રાહ્મણના હાથમાં રૂપિયો આવ્યો અને આનંદ થયો. રૂપિયો ભગવાનના ચરણે ધરવાનો જે આનંદ છે તે ખીસ્સામાં મૂકવામાં નથી. વૃદ્ધ બ્રાહ્મણ હાથમાં રૂપિયો લઈને કંઈવાર સુધી ઉભો રહ્યો પણ સભામાં ભક્તોની ભીડ ઘણી હતી તેથી મહારાજ પાસે જવા માટે માર્ગ મળે નહિ. દયાળુ મહારાજ સભામાં બોલ્યા માર્ગ કરો અને ભૂદેવને આવવા દો. માર્ગ થયો અને અતિવૃદ્ધ બ્રાહ્મણ મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે પોતાનો લાંબો હાથ કર્યો તેમાં ભૂદેવ એક રૂપિયો મુકીને પગે લાગ્યા. ભગવાન શ્રીહરિ તે એક રૂપિયાનું મૂલ્ય સમજતા હતા. મહારાજ બોલ્યા, ભૂદેવ ! આ રૂપિયો ક્યાંથી લાવ્યા ? ત્યારે તે નિખાલસ બ્રાહ્મણ કહે મેં જન્જવાડાનું કાસદું કર્યું હતું તેનો આવ્યો હતો. મહારાજ કહે, આ તમારે માથે બાંધેલું લૂગડું સાવ ફાટી ગયેલ છે તે આ રૂપિયાનું લઈએ નહિ ? સંતોષી બ્રાહ્મણ બોલ્યો, હે મહારાજ ! હું લૂગડું લઉં તો તમને બીજો રૂપિયો ક્યાંથી આપું ? મારા ઘરમાં કાંઈ નથી. તે ફાટેલ લુગડે હું ચલાવીશ. પણ તમે મને ક્યાં મળો. તે એક રૂપિયો તમારી સારું સંઘરીને રાખ્યો હતો ને તે તમને આપ્યો. તે બ્રાહ્મણના ભાવથી નિતરતાં શબ્દો સાંભળીને ભગવાન શ્રીહરિ ઘણીવાર સુધી બ્રાહ્મણ સામું જોઈ રહ્યા. પછી મહારાજ મુક્તાનંદ સ્વામીના સામું જોઈ બોલ્યા, સ્વામી ! હવે આ બ્રાહ્મણે કાંઈ કરવાનું બાકી રહ્યું છે ? મુક્તાનંદ સ્વામી બોલ્યા, હે મહારાજ ! અક્ષરધામમાં જવાના જે સાધન તે સર્વે એ બ્રાહ્મણના સંપૂર્ણ થઈ ગયા છે.

સમજણ અને મહિમા આ બે શબ્દ વચનામૃત અને આ સત્સંગના પ્રાણતત્વ છે. જીવનમાં સમજણ કેળવવાથી સમગ્ર જીવનનો મર્મ હાથમાં આવે છે. અને આ જ માનવધર્મ માટે સાચો ધર્મ બની રહે છે. આમ ક્યાં લગી શબ્દો જ શબ્દો સમજાવ્યા કરીશું ? ''રવિ રવિ કરતાં રે રજની નહિ મટે રે, અંધારું તો ઊગ્યા પૂંઠે જાય.''

# પ.પૂ. મોટા મહારાજશ્રીની અમૃતવાણી (સીડની-ન્યુઝિલેન્ડ)

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)
સહયોગ : હજુરી પાર્ષદ શ્રી કનુ ભગત ગુરુ હજુરી પાર્ષદ વનરાજ ભગત

આપણા સત્સંગી ખેડૂતને ત્યાં સવારના સમયે એક મોટા ઓફિસર ફરતા ફરતા જઈ ચડ્યા. ખેડૂતે ખાટલો ઢાળી દીધો. ''સાહેબ ! બેસો આના ઉપર'' એટલે સાહેબ બેઠા. પછી ખેડૂતે સાહેબને ચા-પાણી ઓફર કર્યા. સાહેબ કહે, ''તમે પણ લ્યો પટેલ'' ? ખેડૂત કહે, ''ના અમારે હજુ પૂજા બાકી છે, નહાવાનું બાકી છે. માટે હું નહીં લઉ, તમે લ્યો.'' સાહેબ સત્સંગી નહોતા એટલે કહે, ''તમારે સ્વામિનારાયણમાં આ શું બધું ? નહાવાનું ને પૂજાનું ને ? ત્યારે ખેડૂતે એક સરસ વાત કરી. જુઓ સાહેબ અમે તે - હું એક સમયે મારી દીકરાના લગ્ન હોવાથી ગાડામાં બેસીને ગામમાં શોપીંગ કરવા ગયેલો. કોથળો ભરીને ખાંડ, ચોખા તથા અન્ય સીધા-સામગ્રી ગાડામાં મૂકીને ઘેર આવતો હતો. તેમાં ખાંડનો કોથળો થોડો કાણો વાળો હતો. કાણું હોવાથી આખા રસ્તે થોડી થોડી ખાંડ વેરાતી આવી. તેથી રસ્તામાં જે કીડી જેવા નાના જીવ હતા તે ખાંડનો સ્વાદ લઈને આનંદ લેતા આવ્યા. પછી એ રસ્તા પરથી ગધેડા નીકળ્યા. ઉંટ નીકળ્યા, પરંતુ આ બધા મોટા પશુઓને તેની કંઈ ખબર ન પડી. તેઓ તો રસ્તામાં ખાંડ પર ધૂળ વાળતા ગયા. એમ અમે તો કીડી જેવા જીવ છીએ. આ સત્સંગનો આનંદ લઈએ છીએ. તમે તો મોટા માણસ કહેવાવ. એટલે ઈન્ડાયરેકટલી સાહેબને ગધેડા જેવો કહી દીધો ખેડૂતે ! આમ તો મહારાજે કોઈને ગાળ દેવાની ના પાડી છે. પરંતુ ખેડૂતે દ્રષ્ટાંત આપીને સાહેબની સરખામણી ગધેડા જેવા પશુ સાથે કરી દીધી.

આપણે સત્સંગનો આનંદ લઈ રહ્યા છીએ. આ મનુષ્યનું જીવન બહું ટૂંકુ છે. આપણને જે સમય મળ્યો છે તેમાં આપણું કામ કાઢી લેવું. કૌન બનેગા કરોડપતિ જુઓ છો ને ? તેમાં આપણી તૈયારીનો સવાલ પૂછવાનો આવે, ઈનામ મળવાનું થાય. ત્યાં જ પેલો વાગે, સમય સમાપ્ત થઈ ગયો છે. પતી ગયું. હવે કાલે ! એમ સમય સમાપ્તિની ધોષણા થઈ જાય એટલે આપણું પણ બાકી રહી જાય !

કલકત્તામાં લાલા બાબુ કરીને એક બહુ મોટા શેઠ હતા. ગંગા કિનારે ફરવા નીકળ્યા. ત્યાં એક ફેરી કરવા વાળો નાવિક જોર જોરથી બૂમ પાડતો હતો. ''જેને આવવું હોય તે આવી જાય, આ છેલ્લો ફેરો છે, પછી આજે વારો નહી આવે.'' આ શબ્દો શેઠના કાને પડ્યા. એમના જીવનનું પરિવર્તન થઈ ગયું. છેલ્લા ફેરાની વાત કાને પડી એટલે ઘર બાર મૂકીને ચાલી નીકળ્યા. આપણા નંદ સંતોએ કીર્તનમાં ગાયું છે ને કે અબકી દેર ફીર ન આયે....' આ ચાન્સ ફરી વાર મળવાનો નથી. ઘણા શું કરે છે ખબર ? એક સરસ વાત છે.

એક ખેડૂતની વાડી હતી. તે ખેડૂતને તેના બીજા એક ખેડૂત મિત્ર ત્યાં મળવા ગયા. ખેડૂત હાજર ન હોતા, નજીકની બીજી વાડીમાં ગયા હતા. પટલાણી એકલા હતા. પટલાણી કહે, ''બેસો, તમારા મિત્ર હમણા જ આવી જશે, નજીકની વાડીમાં જ ગયા છે. લ્યો હું કોઈકને બોલાવવા મોકલું.'' એટલે પેલા ભાઈ બેઠા. પટલાણીએ કોઈકને મોકલ્યા એટલે પટેલ થોડીવારમાં આવી ગયા. પટેલની સાથે એક કૂતરો હતો. તે કૂતરો હાંફી ગયેલો. આ જોઈ મળવા આવનાર ખેડૂત કહે, ''તમે તો પટલાણી કહેતા હતા ને કે પટેલ નજીકમાં જ ગયા છે, વાડી નજીક જ છે ! પરંતુ આ કૂતરો તો હાંફી ગયો છે, તે સાબિત કરે છે કે પટેલ દૂર ગયા હતા.'' એટલે પટેલ કહે, મારા પત્નીની વાત તો સાચી જ છે, હું જ્યાં ગયો હતો તે વાડી તો નજીકમાં જ છે. રસ્તામાં બીજી બે-ત્રણ વાડી જ આવે છે. પરંતુ બન્યું એવું કે બીજી બધી વાડીના કૂતરા, મારા આ કૂતરા સાથે ઝઘડો કરતા ગયા. એટલે આ કૂતરો પણ તે બધા કૂતરા સાથે ઝઘડો કરવામાં બિચારો હાંફી ગયો છે. માણસમાં પણ એવું જ છે. જન્મથી લઈને અંત કાળ સુધીમાં સમય બહુ સારો છે, બહુ નજીકમાં જ છે બધુ ! ટેકનિકથી જીવના કલ્યાણનું કાર્ય સાધી શકાય તેમ છે. પરંતુ ઘણા માણસો ઝઘડા કરવામાં હાંફી જાય છે.

આપણને તો આ સુંદર તક મહારાજે આપી છે. દેવો ને પણ દુર્લભ ! એક બાજુ શાસ્ત્રકારો એમ કહે છે કે મનુષ્ય દેહ નાશવંત છે. અનાજ જેવી પવિત્ર વસ્તુ પણ સંઘરી શકતો નથી. ૨૪ કલાકમાં તેને મળ બનાવી દે છે. પણ એ જ શાસ્ત્રકારો એમ કહે છે કે મનુષ્ય દેહ દેવોને પણ દુર્લભ છે. કારણ કે એ જ દેહ વડે કરીને આપણે ભગવાનને પ્રાપ્ત કરી શકીએ છીએ. ભગવાનને ભજી શકીએ છીએ. એ આપણને પ્રાપ્તિ થઈ છે. તેનો મહિમા સમજીને, આપણને મહારાજ મળ્યા છે. તો મહારાજને રાજી કરી લેવા.

સામાન્ય રીતે જોઈએ તો ધામમાં જવાના અને ગામમાં જવાના એમ બન્નેના રસ્તા જૂદા છે. પરંતુ મહારાજે આપણા માટે એવો રસ્તો શોધી કાઢ્યો છે કે ગામમાં થઈને ધામમાં જવાય. મહારાજને મેળવવા માટે આપણે સંસાર કે ગૃહસ્થાશ્રમ છોડવો નથી પડતો. નારદજી એકવાર ફરતા ફરતા ભગવાન પાસે પહોંચ્યા. ભગવાને તેમને એક કામ સોંપ્યુ નારદજી શીખા રાખે છે. ભગવાન કહે, નારદજી ! આ રાઈનો એક દાણો છે તે તમારી શીખા પર મૂકીને આખી પૃથ્વીની પ્રદક્ષિણા ફરીને મારી પાસે આવો. નારદજીએ આજ્ઞા પાળી. દાણો મૂક્યો શીખા ઉપર અને પૃથ્વીની પ્રદક્ષિણા ફરીને પ્રભુ પાસે આવ્યા. આવીને કહે, ''પ્રભુ ! થાકી ગયો હું તો ! કારણ કે આ દાણાનું ધ્યાન રાખું કે ભજન કરું તમારું?'' પરમાત્મા કહે, જુઓ નારદજી ! હું તમને એ જ કહેવાનો હતો કે તમે એક દાણો સાચવવામાં થાકી ગયા તો ગૃહસ્થએ તો કેટલા દાણા સાચવવા પડે ! વ્યવહાર કરવો પડે, ફેમીલી હોય, બીઝનેસ કરવો પડે અને છતાય એ મારું ભજન કરે છે એટલે ભજનની કેટલી બધી કિમત છે ! તો મહારજે આપણને આ તક આપી છે તે તક ઝડપી લેવી અને સુખેથી ભગવાનનું ભજન કરવું. આપણે બહુ ભાગ્યશાળી છીએ.

નંદ સંતો વાત કરતા, જગતના જીવો હોય તે બહુ સારું જીવન જીવે, ભક્તિમય જીવન જીવે ત્યારે એમના મૃત્યુ પછી એમને જે પ્રાપ્તિ થાય તે પ્રાપ્તિ આપણને આ દેહે મળી છે. એટલે એ તક ઝડપીને મૂર્તિમાં મહારાજનું પ્રગટપણું, પ્રત્યક્ષપણું માનીને તેનું સેવન કરજો.

સ્વામીએ વ્યસનની વાત કરી. પહેલાના જમાનામાં આફ્રિકાના જંગલોમાં ત્યાંના આદિવાસી વાંદરાને પકડવો હોય ત્યારે માટલા જેવું વાસણ મુકતા, એનું મોઢું નાનું હોય. તેમાં ચણા ભરે, પછી પોતે દૂર ઉભા રહે. વાંદરા ચણા લેવા માટે વાસણમાં હાથ નાખે, ચણા લઈને મૂઠી વાળે. પરંતુ પછી હાથ બહાર ન નીકળે. ચણા મૂકી દે તો હાથ બહાર નીકળી જાય. પરંતુ તેને એવી બુદ્ધિ ન સૂઝે કે આ ચણા મૂકી દઉં તો હાથ બહાર નીકળી જાય. વાંદરાને એમ થાય કે આ ચણાએ મને પકડી લીધો. પરંતુ ખરેખર તો વાંદરાએ ચણાને પકડ્યા છે. એવી જ રીતે માણસ એમ માને છે કે વ્યસને મને પકડ્યો છે, પણ ના, આપણે વ્યસનને પકડ્યા છે.

મહારાજ વખતમાં, મહારાજ એક ગામથી બીજે ગામ વિચરણ કરતા હતા. ત્યારે એક કાઠી દરબાર દૂર ઊભો રહ્યો. સૂરા ખાચરને મહારાજે પૂછ્યું, ''આ કેમ દૂર ઉભો છે?'' સૂરા ખાચર કહે, ''મહારાજ ! એની વાત જવા દો, એ વ્યસની છે.'' મહારાજ કહે, ''એને લઈ લો આપણી સાથે''. સૂરા ખાચર કહે, 'આવી છૂટ આપશો તો બધા તમારી સાથે આવવા તૈયાર થઈ જશે.'' મહારાજ કહે, ''ના, એને આપણી સાથે લઈ લો.'' મહારાજની આજ્ઞા થઈ એટલે બધા તેને સાથે લઈને ચાલ્યા. મહારાજની સાથે બધા કાઠી દરબાર ઘોડે સવાર થઈને ચાલતા હતા. તેમાં પેલા કાઠી દરબારના હાથમાં હોકો હતો. જ્યાંથી બધા પસાર થાય ત્યાં જોનાર લોકો કોમેન્ટ પાસ કરે કે આ બધા સ્વામિનારાયણના સત્સંગી છે. પણ પેલો કોઈક બીજો લાગે છે. એ સ્વામિનારાયણનો સત્સંગી નથી. પેલાને બહુ ચીડ ચડી એટલે હોકો નાંખી દીધો રસ્તામાં જ ! આગળ જતા એક જગ્યાએ રાત રોકાવાનું થયું. પેલો અફીણનો બંધાણી હતો. એટલે આધો-પાછો થાય પણ અફીણ મળે નહી. ત્યાં, એટલે અફીણનો પણ ત્યાગ કરી દીધો. સત્સંગના ભીડામાં રહીએ તો આપણામાં જે દોષો હોય તે ઓટોમેટીક ધીમે ધીમે જતા રહે. એનો અર્થ એ નહીં કે આપણે દોષો ચાલુ રાખવા, પણ ભીડામાં રહેવાથી ઘણો ફાયદો થાય છે.

## આપણા આગામી ઉત્સવ

કારતક સુદ-૧૧ તા. ૨૫-૧૧-૨૦૧૨ અમદાવાદ મંદિરમાં રવિવારે રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ

કારતક સુદ-૧૪ તા. ૨૩-૧૧-૧૨ મંગળવાર સિધ્ધપુર મંદિર પાટોત્સવ.

કારતક વદ-૨ તા. ૩૦-૧૧-૧૨ શુક્રવાર સુરેન્દ્રનગર મંદિર પાટોત્સવ.

કારતક વદ૦૫ તા. ૩-૧૨-૧૨ સોમવાર બામરોલી (એમ.પી.) મંદિર પાટોત્સવ.

માગસર સુદ-૪ તા. ૧૬-૧૨-૧૨ રવિવાર ધનુર્માસ પ્રારંભ

માગસર સુદ૦૫ તા. ૧૭-૧૨-૧૨ સોમવાર ગાંધીનગર મંદિર (સેકટર-૨) પાટોત્સવ.

માગસર સુદ-૬ તા. ૧૮-૧૨-૧૨ મંગળવાર હિંમતનગર મંદિર પાટોત્સવ.

# જે શ્રી નરનારાયણદેવના છે એ જ અમારા છે - પ.પૂ. મહારાજશ્રીનું આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

દશેરાના વિજયોત્સવ પર્વના પવિત્ર દિવસે અમદાવાદ મંદિરમાં મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ.પૂ. મહારાજશ્રીનો ૪૦ મો પ્રાકટ્યોત્સવ ઉજવાયો એ પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીના આશીર્વચનના કેટલાક અંશો.

પ્રથમ તો દરેક સંત-હરિભક્તોને શુભેચ્છા આપવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ ! મોટા બાપજીએ અમારી સમક્ષ સ્ક્રીપ્ટ પ્રસ્તુત કર્યા વિના જ અમારા બધા ચિત્રો આપ સૌની સમક્ષ રજૂ કરી દીધાં છે. (પ.પૂ. મહારાજશ્રીના બાળપણથી શરૂ કરી હમણાં સુધીના કેટલાક અપ્રસ્તુત ફોટા) એટલે વધારે તો કંઈ કહેવું નથી. પરંતુ અમારા માતા-પિતા, ગ્રાન્ડ મધર જેઓને અમે 'અમ્મા' કહીને બોલાવતા તે સર્વેએ અમને ભગવાનને કેન્દ્રમાં રાખવાના જે નાનપણથી સંસ્કાર આપ્યા છે. વડીલ સંતો પાસેથી તેમજ હરિભક્તો પાસેથી - સત્સંગીના નાના બાળક પાસેથી પણ અમને ઘણું શીખવા મળ્યું છે. વડીલ સંતો પાસે બેસીને તેમના નાના સંતો સાથે પણ હસી-ખુશી-રમૂજ પણ એટલી જ કરીએ છીએ.

અમારામાં જે કંઈ સારું છે તે ખાસ તો શ્રી નરનારાયણદેવની કૃપાનું અને આપણા આ સત્સંગરૂપી ફેમીલીના આશીર્વાદનું પરિણામ છે અને જે કંઈ ક્ષતિ છે તે અમારા પોતાના સ્વભાવની છે. અમે ઘણીવાર કહીએ છીએ કે આપણા સૌનું જે કંઈ અસ્તિત્વ છે તે શ્રી નરનારાયણદેવના કારણે જ છે. આ વાત ફક્ત બોલવા માટે નથી કરતો પરંતુ વ્યક્તિગત રીતે તેમ જ માનું છું. દેવના લાભ માટેની જે વાત હોય તેમાં જ અમે કાયમ સામેલ રહીએ છીએ અને તેવી વાત કરવામાં ઘણાંને માઠું લાગે. ખોટું લાગે, કડક લાગે કે ઘણીવાર સમજણમાં ફેર હોય પરંતુ અમે કાયમ આ દેવ માટે જ કાર્ય કરીએ છીએ.

૮૪ લાખ યોનિમાં કોણ જાણે આપણે ક્યારે કોના કે કેટલાય ના થયા હોઈશું. પરંતુ આ વખતે તો આ દેવના થઈને રહેવાનું છે. અને હકીકતમાં **જે શ્રી નરનારાયણદેવના છે એજ અમારા છે.** આમા બહુ લાંબી-પહોળી વાત નથી. સીધી અને ટૂંકી-સ્પષ્ટ વાત છે. મર્સીડીઝ જેવી મોટી મોટી કિંમતી ગાડીઓ હોય, ચાર બેડરૂમનો મોટો બંગલો ધરાવતા હોય કે નાના ગામડાના ગરીબ હરિભક્ત હોય, ભલે અંતરમાં અમારાથી દૂર હોય પરંતુ તે સૌ જો શ્રી નરનારાયણદેવના દ્રઢ આશ્રિત હોય તો અમારે મન એ સૌ સરખા છે અને અમારાથી નજીક છે. વ્યક્તિગત રીતે અમારા જન્મોત્સવ ઉજવવાનું બહુ પ્રયોજન નથી હોતું પરંતુ હેતુ એકજ હોય કે કોઈ પણ ઉત્સવ-સમૈયાના નિમિત્તથી આપણે સૌ એક જગ્યાએ ભેગા થઈએ અને પરસ્પર મળીએ. જેથી દેવ પ્રત્યેની આપણી નિષ્ઠા-ભક્તિનું ચાર્જીંગ થતું રહે. વેદ, પુરાણ, આપણા શાસ્ત્રો શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન કે ભૂષણ એમ કોઈ પણ શાસ્ત્રનો આપણે સાર કાઢીએ તો તેનો છેડો તો એક જ આવશે કે આપણે ભગવાન સાથે જોડાઈએ.

ધર્માદાની વાત કરીએ તો મહારાજે આપણને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે. વ્યક્તિગત રીતે કોઈ હરિભક્તો પાસે દાન કે ધર્માદા અંગેનું દબાણ કરવાનું અમને ક્યારેય રુચતું નથી. હરિભક્તો દેવને આપતા જ હોય છે. પરંતુ ધર્માદાના શ્લોકમાં હરિભક્તો પોતાની રીતે બાદબાકી પણ ઘણી કરતા હોય છે. આપણી સત્સંગ શિબિરો અવાર-નવાર થતી હોય છે. આળસ તજીને આવી શિબિરોમાં સૌ આવજો. શા.સ્વા. નિર્ગુણદાસજી ધર્માદા અંગે ઘણીવાર સુંદર છણાવટ કરતા હોય છે. શિબિરોમાં તમને ઘણું જાણવા મળશે. દેવનો ધર્માદો આપણે દેવ માટે જ વાપરીએ છીએ.

આપણાં આ અમદાવાદ કાલુપુર મંદિરમાં જ જીર્ણોધ્ધાર ચાલી રહ્યો છે એવું નથી. દેશ વિદેશમાં આજે વર્તમાનકાળે કેટલાય નવા મંદિરોનું નિર્માણ કાર્ય ચાલુ છે. તેમજ કેટલાય મંદિરોના જીર્ણોદ્ધાર ચાલી રહ્યા છે. અમદાવાદમાં જ આપણા નારણઘાટ મંદિરનો જીર્ણોધ્ધાર ચાલુ છે. મહારાજની જન્મ ભૂમિ ઘનશ્યામ મહારાજના જન્મ સ્થાન કે નવું મંદિર બની રહ્યું છે. વિદેશમાં ઓસ્ટ્રેલિયા, અમેરિકા તેમજ યુરોપ ખંડમાં નવા મંદિરો બની રહ્યા છે. અહીં નાના નાના ગામડાઓમાં અરે !

અમુક ગામ તો એવા છે કે જ્યાં એક પણ હરિભક્તનું ઘર ન હોય તેવા ગામમાં આપણું મંદિર બની રહ્યું છે ! આવા ગામમાં મંદિર બનાવવાનું કારણ શું ? કારણ એ છે કે આપણા સત્સંગીની દીકરી એવા ગામમાં પરણીને ગઈ હોય તો તેના સુખ માટે તથા ભાવિ પેઢીના સંસ્કાર માટે પણ આપણે મંદિર કરીએ છીએ. આપણા જ સત્સંગીઓ વિદેશમાં સ્થાયી થયા હોય પછી તેના બાળકોના સંસ્કાર માટે તેઓને ચિંતા રહે એ સ્વભાવિક છે. આપણા મંદિરો જ ન હોય તો પછી તેઓ મહારાજે પધરાવેલા આ દેવથી છૂટા પડીને ગમે ત્યાં સુખ-શાંતિ-આશરો કે સંસ્કારો શોધવા જાય તેમાં તેઓનો વાંક નથી. આપણા સંતોનું સાનિધ્ય ન મળે કે આપણા શાસ્ત્રોની પ્રાપ્તિ ન થાય તો તેઓ શું કરે ? અમદાવાદના કોઈપણ વિસ્તારમાં આપણે જઈએ એટલે આપણું મંદિર મળે. પરંતુ દરેક જગ્યાએ આવું હોતું નથી !

મંદિરો ઘડાય તેની સાથે આપણા સંસ્કારો પણ ઘડાય છે. મંદિરના પથ્થર પર ટાંકણું પડે અને પથ્થર ઘડાય તેમ આપણું હૃદય પણ ઘડાવું જોઈએ. જો હૃદય ન ઘડાય અને આપણે કોરા રહી જઈએ તો પણ નિરર્થક છે. મંદિર બનાવવા એ સહેલું કાર્ય નથી. પહેલાના જમાનામાં તો ઘણીવાર મંદિર બનાવતા પેઢી પણ બદલી જતી. મહારાજે બનાવેલા મંદિરો જુઓ. ફોટોગ્રાફી આવી પછી આપણા મંદિરોના જૂના ફોટા જોજો. આપણું અમદાવાદ મંદિર બન્યું તે સમયે ડેલાનું પ્રવેશદ્વારનું કામ અધુરું હતું. તો આપણે હાલમાં જે મંદિરો બનાવીએ છીએ કે સત્સંગના બીજા જે પ્રોજેકટ ચાલુ હોય તેમાં વિચાર કરો કે પૈસા ક્યાંથી આવે છે ? પૈસા ઉપર આકાશમાંથી પડતા નથી કે નીચે જમીનમાં ઉગતા નથી ! હરિભકતો દેવને જે દાન-ધર્માદો આપે છે તેમાંથી જ આ કાર્યો થાય છે. તમારા ધર્માદાનો ઉપયોગ શું થાય છે તે તમે જાણી શકો છો.

હાલમાં આપણને મહારાજે પહેલા કરતા વધુ સુખી કર્યા છે. અને ટેકનોલોજી પણ અદ્યતન છે. જેથી મંદિરના કાર્યો ઝડપથી થઈ રહ્યાં છે. પૈસાથી પાછળ આંધળી દોટ મૂકવાની પણ જરૂર નથી. કારણ કે બહુ પૈસામાં ઉદ્વેગ પણ વધારે હોય છે. પહેલા પૈસા ઓછા હતા ત્યારે દરેકને ઉંઘ બહુ સારી આવતી હતી. દરેક વસ્તુની પાછળ તેનું મેઈન્ટેનન્સ પણ જરૂરી બનતું હોય છે.

યુરોપમાં એક સમયે અમે એક બ્રાન્ડેડ કંપનીમાં વસ્તુઓ જોવા ગયા. કોઈ વસ્તુ ખરીદવી નહોતી. થોડો ટાઈમ પાસ કરવા માટે ગયા હતા. ત્યાં એક પલંગ જોઈ. પલંગ બહુ ભારે કિંમતી હતી. મનમાં વિચાર થયો કે આની કિંમત સાત-આઠ લાખ રૂપિયા હશે. પેલાને પૂછ્યું કે ભાઈ! શું કિંમત છે આની ? પલંગ લેવી નહોતી, ફક્ત રમૂજ કરવી હતી. સેલ્સમેન કહે, ત્રણ કરોડ ! અમે કહ્યું કદાચ એટલા પૈસા અમારા ખીસ્સામાં આવશે તો એ સમયે તમારી પાસેથી આ પલંગ લઈ જઈશું. પરંતુ એક વાત પૂછવી છે. પેલો કહે, પૂછો ! અમે કહ્યું, ગાદલા સાથે ઘણાં ઓશીકા કે તકીયા ફ્રી આપતા હોય છે એમ તમારી પલંગ સાથે ઉંઘ ફ્રી આવે ? આ પલંગમાં સૂવાથી ઉંઘ આવી જ જાય એવી કોઈ ગેરંટી ખરી ? પેલા ભાઈ તો ઉંઘની ગેરંટી આપવા અસમર્થ હતા. પરંતુ હકીકતમાં આવી પલંગમાં ઉંઘ આવે તો નહી, પરંતુ ઉલ્ટું ઉંઘ ઉડી જાય ! એટલે ફક્ત પૈસા આપવાથી પણ કામ થઈ જતું નથી. મહંત સ્વામી ઘણીવાર બહુ હરિભક્તોને ઓળખતા હોય એટલે સુખી હરિભક્તોને જુદાં જુદાં પ્રસંગોમાં યજમાન બનવાની પ્રેરણા કરતા હોય ત્યારે ઘણાં હરિભક્તો કહેતા હોય સ્વામી ! પૈસા લઈ જાવ ! ત્યાં યજ્ઞ કે પૂજાના પાટલે બેસાડવાનો બહુ આગ્રહ ન કરતા, એવો ટાઈમ નથી હોતો. તો પૈસાની સાથે આપણા તન અને મનની પણ જરૂર પડતી હોય છે.

જેમ આવતો જન્મોત્સવ ગાંધીનગરમાં ઉજવવાની સંતોએ વાત કરી તેમ અમારો તો એવો વિચાર છે કે ત્યાર પછી બીજા વર્ષે, અમારા જન્મોત્સવ નિમિત્તે નહીં પરંતુ બીજું કંઈક નિમિત્ત બનાવીને, જન્મસ્થાનકે મંદિર પૂર્ણ થાય ત્યારે આપણે બધા સાથે મળી છપૈયા ચાલતા જઈએ. ઢીંચણ સારા છે ત્યાં સુધીમાં એ બહાને મહારાજની વિશેષ ભજન-ભક્તિ થાય !

મહારાજ સૌને ખૂબ સુખિયા કરે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના !

શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના શબ્દો પણ મનમાં સતત ગુંજ્યા કરે છે, આ રહ્યા એ શબ્દો !

અમારા પપ્પા સત્સંગ માટે જેટલું કાર્ય કરી રહ્યા છે તેનું ૫૦% કાર્ય પણ અમે કરી શકીએ તેવી શક્તિ અને નિષ્ઠા મહારાજ અમને પણ આપે તેવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. પપ્પાનો એક ગુણ તો અમને બહુ જ ગમે છે તે છે તેઓનું નિરાભિમાનીપણું. સત્સંગની આવી સેવા કરવાનું મહારાજ તેઓને અવિરત બળ આપે, દીર્ઘાયુષ્ય અને સારું આરોગ્ય બક્ષે એવી આજના પ્રસંગે શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના !

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

સ્વસ્તિ શ્રી જેતલપુર મહા શુભ સ્થાને વિરાજમાન ઉત્તમોત્તમ સર્વ શુભ ઊપમા યોગ્ય બાઈ ગંગા એતાન શ્રીનરનારાયણના સમીપથી લિખાવિત સ્વામિશ્રી ૭ સહજાનંદજી તથા બાઈ જસબાના નારાયણ વાંચજો. અપર લખવા કારણ એ છે જે જસબાએ અમને કહ્યું છે જે આસજી પાસે રૂપિયા ૧૭૫) પોણા બસો છે તે રૂપિયા નરનારાયણ નિમિત્ત લેવા વેરાગાનંદ
સ્વામી જાય છે તે જોઈએ છે તે રૂપિયા તમે આપજો અને તમારે જારે જોઈશુ તમારા રુપૈયા અમે પાછા આપશું.

મ્યુઝિયમની શરૂઆત થઇ ત્યારે હરિભક્તો એક પછી એક ખંડના દર્શન કરી, અહો...અહો... પણું અનુભવતા. શ્રીજી મહારાજની પ્રસાદીની અસલ વસ્તુઓનાં દર્શન કર્યા પછી આપણે જેમ સ્વપ્નમાં એક પછી એક ધન, હીરા, માણેકના ખજાનાના મોટા પટારા ખુલતા જોઈએ તેવું લાગવા માંડ્યુ.

પણ બધા ખંડના દર્શન કર્યા પછી છેલ્લા ખંડ આગળ આવી હરિભક્તો દાસભાઇને પૂછે છે, ‘‘આ ખંડ બંધ છે, તેમાં શું છે ? એ કેમ બંધ રાખ્યો છે ? અમારે આ ખંડના પણ દર્શન કરવા છે.’’

જેમ અમૃતની પ્રાપ્તિ થાય એ અતિ દુર્લભ છે, આજથી ૧૯૩ વર્ષ પહેલાં શ્રીજી મહારાજ અમૃતવાણીનું પાન કરાવતા અને જીવ, માયા, ઈશ્વર એમ ત્રણ ભેદ તે અનાદિ છે કે પુરૂષોત્તમભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એમ પાંચ ભેદ અનાદિ છે ? આવા પ્રશ્નો આ છેલ્લા ખંડમાં તા.૨૧-૧૦-૨૦૧૨ને રવિવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦માં સદ્‌ગુરૂ શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ ખૂબજ ભાવુકતાથી સમજાવ્યા. પ્રશ્નની શરૂઆત ડો. ગંગારામભાઈએ કરી અને વચનામૃતની વાણીનો દુર્લભમાં દુર્લભ યોગ હરિભક્તોને આ છેલ્લા ખંડમાં થયો.

સ્વામીશ્રી એ કહ્યું કે આપણું મહદ્ ભાગ્ય છે કે નંદસંતોએ સ્થળ, સમય અને શ્રીજી મહારાજની મૂર્તિનું આબેહૂબ વર્ણન કરી આ ‘‘વચનામૃત’’ સત્સંગનો અધ્યાત્મગ્રંથ રૂપે આપ્યો છે. મનને શુધ્ધ કરી, જીવને ભગવાનમાં જોડવો હોય તો વચનામૃતના જ્ઞાનની જરૂર છે. આપણા સ્વભાવ ટાળવા હોય, વિષય જીતવા હોય, આત્મભાવને પામી, ભગવાનના મહાત્મ્ય સામી દષ્ટિ કરવી હોય તો વચનામૃતના યથાર્થ જ્ઞાનનો સાક્ષાત્કાર કરવો પડશે.

મ્યુઝિયમના છેલ્લા ખંડમાં પ.પૂ.મોટા મહારાજશ્રીની નિશ્રામાં હરિભક્તોને આવી અનુભૂતિ થઈ.

- મહાદેવ સી. પટેલ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓક્ટોબર-૨૦૧૨

પ.પૂ. મોટા મહારાજશ્રીની અમેરિકા યાત્રા દરમ્યાન
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે આવેલ ભેટ

| | |
|---|---|
| રૂા. ૨૫૦૧૦૦/- | અમરીષ અને કામિની પટેલ, શિકાગો |
| રૂા. ૨૫૦૦૦૦/- | હિરેન અને ગોપી પટેલ, શિકાગો |
| રૂા. ૧૫૦૦૦૦/- | મહેન્દ્ર અને કોકિલા પટેલ, શિકાગો |
| રૂા. ૧૦૦૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર એલ.એ. |
| રૂા. ૫૦૦૫૦/- | રૂપેશ બ્રહ્મભટ્ટ, એટલાન્ટા |
| રૂા. ૫૦૦૦૦/- | મનોજ બ્રહ્મભટ્ટ, ડિટ્રોઈટ |
| રૂા. ૩૦૫૦૦/- | સૌમીલ વી. પટેલ, શિકાગો |
| રૂા. ૨૫૦૫૦/- | સુમિત વી. પટેલ, શિકાગો |
| રૂા. ૪૮૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો |

★★★★★★★★

| | |
|---|---|
| રૂા.૧,૦૦,૦૦૦/- | કરશનભાઈ જીણાભાઈ જેસાણી બળદીયા (કચ્છ) |
| રૂા.૧,૦૦,૦૦૦/- | ભીમજીભાઈ વેલજીભાઈ ટાંક, બોડકા હા. દુબઈ |
| રૂા.૫૦,૦૦૦/- | પ.પૂ.મોટા મહારાજશ્રીના બેન પૂ.અ.સૌ. રાજેન્દ્રકુમારી તથા રૂપલ રાજા, સોનીરાજા તથા શ્રી રતનબાબુ |
| રૂા.૨૫,૦૦૦/- | પ્રહલાદભાઈ પટેલ, પરેશભાઈ પટેલ અમદાવાદ |
| રૂા.૧૧,૧૧૧/- | અ.નિ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબ ને વિશે હેતવાળા હરિભક્તો |
| રૂા.૧૧,૦૦૦/- | અંકુરભાઈ ધીરજભાઈ પટેલ-અમદાવાદ |
| રૂા.૧૧,૦૦૦/- | પુનમભાઈ મગનભાઈ પટેલ - અમદાવાદ |
| રૂા.૧૧,૦૦૦/- | અ.નિ. દિનકરરાય મહેતાની પુણ્યતિથિ નિમિત્તે હ.નિર્મળાબેન દિનકરરાય મહેતા-યુ.એસ.એ. |
| રૂા.૧૧,૦૦૦/- | સજની ફેશન - નિકોલ હ. બલવંત પોલરા |
| રૂા.૧૦,૦૦૧/- | સુધાકરભાઈ ત્રિવેદી - અમદાવાદ |
| રૂા.૭,૦૦૦/- | પટેલ ઘનશ્યામભાઈ બાપુદાસ તથા પટેલ સાંકુબેન ઘનશ્યામભાઈ - રાણીપ |
| રૂા.૬,૦૦૦/- | પંચાલ કૌશલ બળદેવભાઈ - નારણપુરા |
| રૂા.૬,૦૦૦/- | અ.નિ. શાંતાબેન લવજીભાઈ સોલંકી, અમદાવાદ |
| રૂા.૫૫૦૦/- | વાસુદેવભાઈ ગજ્જર -નારણપુરા |
| રૂા.૫૦૦૧/- | ચંપાબેન ગંગારામ પટેલ - ભુયંગદેવ |
| રૂા.૫૦૦૦/- | કાંતિભાઈ એમ. કોન્ટ્રાકટર- આંબાવાડી |
| રૂા.૫૦૦૦/- | હિતેન્દ્રભાઈ એમ. દરજી (એડવોકેટ)- ઘાટલોડીયા |
| રૂા.૫૦૦૦/- | હેમંત મથુરભાઈ પટેલ - અમદાવાદ |
| રૂા.૫૦૦૦/- | મહેશભાઈ એસ. પટેલ (લાલોડાવાળા) શિવ કેમીકલ- વાપી |
| રૂા.૫૦૦૦/- | ઘનશ્યામએન્જીનીરીંગ વર્કસ - બોપલ |
| રૂા.૫૦૦૦/- | અરૂણભાઈ જમનાદાસ લખતરીયા અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | કૌશિકભાઈ જોશી અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | ગોકુળભાઈ પટેલ અમદાવાદ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ઓક્ટોબર-૨૦૧૨

| | |
|---|---|
| તા.૨૮/૮ | લલીતકુમાર જગજીવનરામ ઠક્કર - અમદાવાદ |
| તા.૬/૧૦ | અરવિંદભાઈ આર. દોંગા - બાપુનગર |
| તા.૬/૧૦ | વાલજીભાઈ પ્રેમજીભાઈ સભાડીયા-મુંબઈ |
| તા.૭/૧૦ | ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર- નવા વાડજ હ.મુકેશભાઈ તથા રિકેશભાઈ |
| તા.૧૦/૧૦ | શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ - વિરાટનગર હ. સાં.યો.રંજનબા તથા નાનીબેન |
| તા.૧૩/૧૦ | પ.પૂ.મોટા મહારાજશ્રી હ. સંદિપભાઈ, અમૃતભાઈ તથા ચિરાગભાઈ |
| તા.૧૪/૧૦ | શ્રી સ્વામિ.મહિલા મંડળ -કાલુપુર હ. નેહાબેન |
| તા.૨૦/૧૦ | મનજીભાઈ શીવજીભાઈ હિરાણી (અમેરિકા)- નારાયણપર-કચ્છ-ભૂજ |
| તા.૨૧/૧૦ | કાંતાબેન નટવરલાલ પૂજારા -અમદાવાદ |
| તા.૨૪/૧૦ | વિશ્રામ લાલજી પીંડોરીયા - માધાપર-કચ્છ હ. કાંતિભાઈ હાલ ઓસ્ટ્રેલીયા-પર્થ |
| તા.૨૪/૧૦ | નારણ જાદવા ખેતાણી હ. પ્રેમજીભાઈ સુખપર હાલ ઓસ્ટ્રેલીયા-પર્થ |
| તા.૨૪/૧૦ | (સાંજે) પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના જન્મોત્સવ દિન નિમિત્તે હ. સાં.યો.વિમળાબા - મુકેશભાઈ કલોલવાળા |
| તા.૨૪/૧૦ | પ્રસાદીના ગણપતિજીના સ્થાપન અને પૂજન નિમિત્તે પ્રકાશભાઈ મુળજીભાઈ કાચા (કાચા સાડીઝ) - લેસ્ટર-યુ.કે. |
| તા.૨૬/૧૦ | અ.નિ.કમળાબેન ગજાનંદ જાદવ - મણીનગર હ.અનિલભાઈ તથા રાજુભાઈ તથા યોગેશભાઈ |
| તા.૨૭/૧૦ | શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ - બાપુનગર |
| તા.૩૦/૧૦ | ડૉ. મનોજ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ - અમેરિકા હ. સંદિપભાઈ |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## જનહિતકારી શ્રીહરિ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

લીંબડીના રાજાનો ભાવ બિલકુલ કડવી લીંબડી જેવો એ જગત કોઈ જાણે નહિ ભગવાનને ખ્યાલ હતો. માણસ જ્યારે કપટ કરે છે ને ત્યારે બહુ મુશ્કેલી આવે છે. જેની જે પ્રકૃતિ હોય એ પ્રમાણે જો વર્તે તો એમાં કાંઈ તકલીફ નહીં. ઈશ્વરીય સૃષ્ટિમાં દરેક પ્રાણી પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે છે. તો આપણે એમની સાથે એ રીતે જ વર્તીએ છીએ. શ્વાન બેઠું હોય તો આપણે જરાક દૂરથી ચાલીએ છીએ. શી ખાત્રી, કદાચ બચકું ભરી લે. પરંતુ માણસ એવો છે. પોતાની પ્રકૃતિ છૂપાવે છે. લીંબડીનો આ રાજા નામ હરિસિંહ સ્વામિનારાયણ ભગવાન સાથે એને દ્વેષ હતો. છતાં પ્રેમ બતાવવાનો એણે દંભ કર્યો. લીંબડીમાં સોની હતાં. નારાયણભાઈ, નારાયણભાઈને કહે છે. તમારા સ્વામિનારાયણ ભગવાનને સામા જાવ. ધામધૂમથી આપણે સ્વાગત કરીશું. લીંબડી શહેરમાં લઈ આવો. નારાયણભાઈ ભગવદીય આત્મા હતા. સરળ હતા. ખુશ થઈ ગયા કે અમારા લીંબડીના રાજા શ્રીજી મહારાજનું સન્માન કરશે. લીંબડી શહેરમાં રહેનારા બધા ભક્તોને ખબર પડી ગઈ કે ભગવાન પધારે છે. બધા જ ભક્તજનો, સૌએ હરિભક્તોના સમુદાય શહેરની બહાર આવ્યા છે. નારાયણભાઈ શ્રીજી મહારાજ પાસે જઈને લીંબડીથી એક ગાઉ આગળ જઈને કહે છે. મહારાજ મને તો રાજાએ મોકલ્યો છે. માટે આપ કૃપા કરી અને લીંબડી શહેરમાં પધારો તમારી સૌ ત્યાં રાહ જુએ છે. શ્રીજી મહારાજ કહે છે. નારાયણભાઈ તમારો રાજા કેવો ભાવિક છે. એને ભાવ છે કે કુભાવ છે એ તો અમે જ જાણીએ છીએ એટલે અમે અત્યારે લીંબડીમાં પ્રવેશ નહીં કરીએ. લીંબડીથી બારોબાર આગળ વધીશું.

પણ મહારાજ ! ઘણા બધા હરિભક્તો ત્યાં ઉભા છે. પ્રભુ કહે છે. બધા ભક્તોને કહો અહીં શહેરથી બહાર આવી અને અમારી પૂજા કરી લે. શહેરમાં પ્રવેશ નહિ કરીએ. શ્રીજી મહારાજે ચોખ્ખી ના પાડી. નારાયણભાઈના મનમાં ઉદ્વેગ થયો. શ્રીજી મહારાજે શા માટે ના પાડી હશે ? નારાયણભાઈની સાથે હરિભક્તો બધાં જ શહેરથી બહાર આવ્યા. સ્વામિનારાયણ ભગવાનની પૂજા કરી બધાં રાજી થયા. કૃપાળુ શ્રીહરિ લીંબડીનો મુખ્ય જે દરવાજો ત્યાંથી બારોબાર આગળ વધ્યા. આ બધા જ લીંબડીના હરિભક્તો, નારાયણભાઈ એ બધાએ મહાપ્રભુની પૂજા કરી અને પાછા શહેરમાં જવા લાગ્યા. ત્યારે એમણે નજરે-નજર એક દશ્ય જોયું. લીંબડી શહેરનો મુખ્ય દરવાજો. એ દરવાજા ઉપર કોટ અને કાંગરાની પાછળ કેટલાંય માણસો સંતાઈ રહેલા નીચેથી દેખાયા. હાથમાં ધૂળની પોટલીઓ અને ઢેખાળા, પથરાં લઈને, છાણ લઈને ઉપર ચઢેલા. એ બધાએ ગોઠવી રાખેલું કે સ્વામિનારાયણ અહીંથી નીકળે એટલે ઉપરથી ધૂળ નાંખવી, છાણ નાંખવું, પથરાં નાંખવા.

નારાયણભાઈ સોની એમ કંઈ જેવા તેવા નહોતા. સુખી હતા. પૈસાદાર હતા અને શૂરવીર પણ હતા. એ મનમાં વિચારે કરે છે મારા ઈષ્ટદેવ અહીં આવ્યા નહિ એનું કારણ આજ હોઈ શકે. ત્યાં તો દાદાખાચર અને સોમલાખાચર આવ્યા. નારાયણભાઈ ચાલો તમારા રાજા પાસે. શ્રીજી મહારાજે અમને કહ્યું છે. ચાલો એમને મળવું છે. નારાયણભાઈને વિચાર થાય છે. આવા શૂરવીર દરબારો જેમની સાથે હોય અને આ દૂર્જનો અપમાન કરે તો તો ઝઘડો થઈ પડે. માટે ભગવાન ગામમાં ન પધાર્યા. પછી નારાયણભાઈએ જાણી લીધું કે, તમને કોણે આ કાવતરું આ તોફાન કરવાનું કહ્યું છે. માણસોએ કહ્યું, રાજા અને એમના કારભારીએ. અને કારભારી એ તો અમને પૈસા આપ્યા છે. નારાયણભાઈ હવે રાજી થયા કે ભગવાન કેવા દયાળુ છે. પરમાત્મા કેવા કૃપાળુ છે. અહીં કલેશ થાય, ઝઘડો થાય. એ બધી ઉપાધિઓથી ભક્તોને બચાવવા ભગવાન ગામમાં પધાર્યા નહીં.

મહારાજની આજ્ઞાથી દાદાખાચર અને સોમલા ખાચર લીંબડીના રાજાને જઈને મળ્યા. તમે શું ધાર્યું છે. તમે સ્વામિનારાયણ ભગવાન ઉપર ધૂળ નાંખવા તૈયાર થયા છો. તમને ખબર નહીં હોય કે તમને એક ચપટીમાં ચોળી નાંખીએ એવા અમે એમની સાથે છીએ. જો તમને હૈયામાં ભાવ હોય તો હાથ જોડવા. જો ભાવ ન હોય તો તમારા ઘરમાં બેસી રહો પણ આવી ધમાલ અને તોફાનની તૈયારીઓ શા માટે કરાવો છો ? એ તો અમારા ભગવાન બહુ કૃપાળુ છે. અને બારોબાર ચાલ્યા

ગયા. પણ સ્વામિનારાયણ ભગવાન ઉપર તમે ધૂળ નખાવત અને અમે જોઈ રહેત નહિ. કારણ કે અમારા હાથમાં થનગનતી તરવારો છે, કાંડામાં શક્તિ છે. હરિસિંહને એમ થયું વાત તો સાચી છે. મારું તો એક આ લીંબડીનું રાજ્ય અને મારી પાસે રક્ષણ કરવામાં બહુ બહુ તો પચાસ-સાઈઠ માણસો. સ્વામિનારાયણ પાસે હજારો કાઠી-દરબારો શૂરવીરો છે. આટલું કહી બંને ભક્તો, દાદાખાચર અને સોમલા-ખાચર પાછા વળ્યાં. લીંબડીથી થોડે દૂર ભલગામડા છે. ભલગામડાના તળાવે શ્રીજી મહારાજે રાહ જોઈ બંને ભક્તો ત્યાં મળ્યા. મહારાજ કહે છે. દાદા ખાચર બહુ વઢ્યાં નથી ને, ના મહારાજ ! આવા તોફાન ન કરવાનું કહીને આવ્યાં છીએ.

ભક્તો કેવી સુંદર વાત છે ! ભક્તજન હિતકારી ભગવાન સદાય પોતાના ભક્તોનું સુખ શાંતિ જોતા હોય છે. માટે ભગવાન જે કરે છે તે સારા માટે છે. એવો વિશ્વાસ રાખવો.

**હું હરિનો હરિ મમ રક્ષક**
**એ ભરોંસો જાય નહિ**
**જે હરિ કરશે તે મમ હિતનું**
**એ નિશ્ચય તજાય નહિ.**

આવો વિશ્વાસ રાખી ભગવાનનું ભજન કરીએ તો આપણા જીવનમાં સદાય દિવાળી-નૂતન વર્ષના જેવો આનંદ રહે.

બાલવાટિકાના વાચક બાલમિત્રોને શ્રીહરિની સ્મૃતિ સાથે નવા વર્ષના જય સ્વામિનારાયણ અને નૂતન વર્ષાભિનંદન.

●

## સુખનો માર્ગ ચરિત્ર ચિંતન

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સુખ અને દુઃખનાં મુખ્ય કારણો બે છે. મુક્તિ અને બંધન. જ્યાં જ્યાં બંધનોથી બંધાય છે. ત્યાં ત્યાં દુઃખી થવાય છે. અને જ્યારે એમાંથી મુક્ત થવાય ત્યારે પરમ સુખની પ્રાપ્તિ થાય છે. એટલે જ તો ભક્ત કવિ નરસિંહ મહેતા પત્ની પુત્ર વગેરેથી મુક્ત થયા ત્યારે બોલી ઉઠ્યા કે

**"સારું થયું ભાંગી ઝંઝાળ, સુખે ભજીશું શ્રીગોપાળ."**

પરંતુ બંધનમાંથી મુક્ત થવા માટેની માસ્ટર કી એટલે વૈરાગ્ય. જો વૈરાગ્ય હોય તો જ જીવ બંધનોથી મુક્ત રહી શકે છે. અને એ વૈરાગ્ય પણ કેવો હોય એ સ્વામિનારાયણ ભગવાને આપણને પોતાના ચરિત્ર દ્વારા સમજાવું છે. સ્વામિનારાયણ ભગવાનનું એક નામ છે.

''तीव्र वैराग्यायदनमः'', ''तीव्र वैराग्यः''

તીવ્ર વૈરાગ્ય એટલે સીધો સાદો સામાન્ય વૈરાગ્ય નહીં. અતિ વૈરાગ્યવાળા.

કેવો પ્રબળ વૈરાગ્ય હશે કે જે કિશોર અવસ્થામાં પ્રારંભે અગિયાર વર્ષે અતિ સ્નેહવાળાં ભાઈ-ભાભી આદિનો ત્યાગ કરીને સંપત્તિથી ભર્યું ભાદર્યું ઘર છોડીને સુખ-સાહ્યબીને તરછોડીને એકાકી ખુલ્લા ચરણે ચાલી નીકળવું. એ તો કલ્પનાતીત ત્યાગ છે. માણસ પંદર દહાડા-મહિના માટે યાત્રા કરવા જાય તો પેટીઓ પટારા બાંધે છે. રસ્તામાં આ જોઈશે. ત્યાં અમુક વસ્તુ નહિ મળે માટે લઈ લેજો. કપડાં લઈ લેજો. ઠંડી પડશે બે ત્રણ ડબ્બા ભરીને વિવિધ ખાદ્ય પદાર્થો સાથે લઈ લે. એવી રીતે થોડા સમય માટે ઘર છોડવું હોય તો પણ આવી સગવડો આપણે સાથે લઈએ છીએ. જ્યારે સ્વામિનારાયણ ભગવાને ઘર છોડ્યું ત્યારે સગવડ નામે કોઈ વસ્તુ સાથે લીધી નહિ. બીજી તો શું ચરણની પાદુકા પણ સાથે ન લીધી. એટલે જ શ્રીહરિનું નામ તીવ્ર વૈરાગ્યવાળા એવું છે.

જ્યારે તપશ્ચર્યા પૂર્ણ કરી પુલહાશ્રમથી નીચા ઉતર્યા ત્યાં બુટોલપુર આવ્યું. ગામની ભાગોળે મહારાજે વિશ્રાંતિ લીધી. તીવ્ર વૈરાગ્યની આ કથા સાંભળવા જેવી છે. મયારાણીએ નગરનાં રાજા હતા. ત્યાંથી પસાર થતાં વર્ણિરાજને જોયા. ચિત્ત ચોંટી ગયું. શું તેજસ્વી પ્રભા છે ! અદ્‌ભુત આભા છે. કોઈ અલૌકિક મૂર્તિ છે. આ વર્ણી અમારે ત્યાં આવે તો જિંદગી તરી જઈએ. બેડો પાર થઈ જાય. મારી જે ચિંતાઓ છે. એ બધી મટી જાય. બે દીકરીઓ ઉંમર લાયક હતી ક્યાં દોડવું ક્યાં શોધવું એ મારી ચિંતા હતી. પણ આ પ્રતાપી વર્ણી ઘેર આવે તો તેને મનાવી લઉં. સમજાવી લઉં. પછી પૂછ્યું, વર્ણીરાજ ! અમારા રાજ્ય મહેલમાં પધારશો ! પ્રભુએ કહ્યું, ના અમે કોઈ રાજ્ય મહેલમાં કે શહેરમાં ક્યાંય જતા નથી. પણ કૃપા કરીને પધારો. અમારો રાજ્યમહેલ પવિત્ર કરો. વર્ણીરાજને સમાજ માટે એક ઉદાહરણ બતાવવું હશે કે તીવ્ર વૈરાગ્ય કોને કહેવાય ? અને પ્રભુ રાજ્ય મહેલમાં પધાર્યા. વર્ણીરાજની સેવા-સ્વાગતા કર્યા પછી મનમાં હતું એ રજુ કરી દીધું. હે વર્ણી હવે આ તપનો માર્ગ મૂકી દો. તમારે તો જુવાની હવે આવી રહી છે. મારી ઈચ્છા છે કે તમે અહીં જ રહી જાવ. મારું આ સમગ્ર રાજ્ય તમને સોંપી દઉં. અને આ મારી બે દીકરીઓનો સ્વીકાર કરો.

"ગ્રહો કુંવરી મારી દોય રાજા કરી સ્થાપું,
ઘણા ગામ દંતી પૈદલ હું પ્રેમથી આપું."

કૃપા કરી મારી વાત માની જાવ. વર્ણીરાજે કહ્યું ના, અમારે રાજ્યની, ગૃહસ્થાશ્રમની કોઈ જરૂર નથી. મયારાણીને સંસારનો અનુભવ હતો. વર્ણીના વૈરાગ્યની ખબર નહોતી એટલે આગળ કહ્યું, અત્યારે તો ના, ના કર્યા કરો છો. જોગી હઠ છે. પણ પછી પસ્તાશો.

"જ્યારે થાશે જોબન ભેર પછી પસ્તાશો."

જ્યારે જુવાનીનું પુર આવશે ત્યારે પસ્તાશો.

"મળી બુટોલપુરની માંહી, કહે છે મયારાણી."

મયારાણી હાથ જોડીને કહે છે. અહીં રોકાઈ જાવ. વર્ણીરાજે હા ન પાડી. છેલ્લે મયારાણી એ ચોકીદારને કહી દીધું. સાવધાન રહેજો, આ વર્ણી અહીંથી જાય નહી. આપણે એને જવા નથી દેવા. વર્ણીરાજ મનમાં હસ્યા ! તારી શું તાકાત છે કે મને રોકી શકે. ચોકીદારને ખબર પણ ન પડીને વર્ણીરાજ ચાલ્યા ગયા. આ તીવ્ર વૈરાગ્યનું અદ્‌ભુત ઉદાહરણ છે. જેને વૈરાગ્ય ન હોય એ ફાંફા મારતો હોય. અનેકવિધ આસક્તિઓની પૂર્તિ માટે પ્રયત્નો કરતો જાય છે. જેના જીવનમાં ક્યારે પણ વિષયાસક્તિનો પ્રવેશ ન થાય તેને તીવ્ર વૈરાગ્યવાળા કહેવાય.

ગીતામાં કહ્યું છે જે હે અર્જુન ! મારા જન્મને કર્મ તે દિવ્ય છે. તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મ ને નથી પામતો. મને જ પામે છે. માટે નિત્ય ભગવાનના નવીન ચરિત્રોનું શ્રવણ કરવું તથા વાંચન કરવું. આવા ચરિત્રના ચિંતનથી જ જીવ કૃતાર્થ થઈ જાય છે. અને હૈયામાં વૈરાગ્ય ભાવ જાગે છે અને બંધનોથી મુક્ત થઈ પ્રભુને પામે છે.

(પેજ નં. ૪ પરનું)

## ભક્તરૂપે વસ્ત્રાલંકાર

મને ધારણ કરશે. પ્રસાદીની પુષ્પમાળા પૂજારી આપે તો તેને મુક્તની જેમ મર્યાદા રાખી સાચવી રાખવી. ગમે તેમ ગમે ત્યાં મુકી દેવી કે ફેંકી દેવાથી મુક્તો અને મહારાજનો અપરાધ થાય છે. ઘરમાં સાચવી રાખવા અને એવી પુષ્પમાળા બહુજ જીર્ણ થતાં તુલસી ક્યારામાં અર્પણ કરવી.

એથી નાના મોટા મંદિરોમાં પૂજા કરનારાઓ જો વસ્ત્રો અલંકાર છત્ર, વાસણો આદિ સેવાના ઉપકરણોની મર્યાદા ન રાખે અને તેને જેમ તેમ જ્યાં ત્યાં પટકાવી લટકાવી રાખે, તો એવા પૂજારીઓને આસુરી બુદ્ધિ થઈ જતાં ભગવાનની સેવા કરવાનો કોઈ ભાવ કે ઉત્સાહ રહેવા પામતો નથી. સત્સંગીઓએ પોતાના ઘરમાં ભગવાનને થાળ જમાડવાના, જળ ધરાવવાના વાસણો પોતાના જમવાના પાત્રોથી જુદા રાખવા અને તેને સારી રીતે મુક્તોની જેમ સાચવી રાખવા.

ભગવાન સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી શ્લોક ૧૨૧ માં લખ્યું કે ધામને વિષે ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે. એમ જાણવું.

ભગવાનને ધન અર્પણ કરવું, થાળ જમાડવા, ભગવાનનું સ્થળ સ્વરૂપ એવું જે મંદિર બનાવવામાં સેવા આપવી. શ્રીહરિના ઉપાંગ થવું. આદિ ભગવાનના સ્વરૂપ સંબંધી કોઈ પદાર્થ રૂપે ભગવાનને ઉપયોગી બનવું. એથી ઉત્તમ કોઈ પ્રાપ્તિ નથી. ભગવાને ધારણ કરેલા શણગાર એ તો અક્ષરધામના મુક્તો છે. એટલે શણગાર આરતીના દર્શનમાં ભક્તોની ભીડ વધુ હોય છે.

## નવું પ્રકાશન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી દ્વારા લખાયેલ પુસ્તિકા સત્સંગ ચિંતામણી જેમાં જીવનને સુખી સદ્‌ગુણો બનાવવા માટેની વિવિધ બાબતોનો આપણા શાસ્ત્રો માંથી સંગ્રહ કરેલ છે. વાંચવા વસાવવા લાયક આ પુસ્તિકા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૦ માં પ્રાકટ્યદિને તેઓશ્રીના કર કમલમાં અર્પણ કરી હતી.

અમદાવાદના આપણા મોટા મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી આ પુસ્તિકા મળશે.

## ઈસનપુરથી જેતલપુર રૂટ નં. ૩૦ લાલ બસ ચાલુ થઈ છે

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા અમદાવાદના ઈસનપુરથી ૩૦ નંબરની લાલ બસ ચાલું કરી છે. જે દર ૨૦-૨૦ મિનિટે મળશે. જેતલપુર બળદેવજી દાદાના દર્શને જતા હરિભક્તો માટે આ સુંદર સગવડ થઈ છે.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"કરેલા સારા કર્મ અને ધર્મ એ જ જોડે આવે છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ, ઘોડાસર)

આપણે સત્સંગ કરીએ મંદિર જઈએ કથા શ્રવણ કરીએ આ બધું કરીએ તો પણ આત્માનું કલ્યાણ કરવા માટે કથા શ્રવણ કર્યા પછી મનન, ચિંતન અને તે પ્રમાણે આચરણ કરીને ધર્મમય જીવન જીવવું પડે છે. કેમ કે ? કર્મ તો દરેક વ્યક્તિને કરવું જ પડે છે. તો વિચારીને વિવેકથી જીવન જીવવાનું છે. આપણી અંદર ધર્મ અને અધર્મનું યુધ્ધ કાયમ ચાલતું જ હોય છે. સવારે આપણે જાગીએ ત્યારથી જ એમ થાય છે, કે સવાર થઈ ગઈ ? ચાર વાગી ગયા હજુ બે કલાક સૂઈ જઈએ. છ વાગે જાગીશું તો પણ ચાલશે. આવું થાય છે ને ! તો આપણને સૂઈ જવાનું શીખવાડે છે. તે કોણ છે ? દુર્યોધન. જે અધર્મનું પ્રતીક છે અને જે જાગવાનું કહે છે તે કોણ છે ? યુધિષ્ઠિર. જે ધર્મનું પ્રતીક છે. તો આપણે વિવેકી થઈને વિચારવાનું છે કે આપણું હિત શામાં છે. જીવાત્માં કર્મ કરવા માટે સ્વતંત્ર હોય છે. પરમાત્મા કર્મ કરવામાં નડતરરૂપે થતા નથી. માત્ર અંદર બેસીને તમે જે કર્મ કરો છો તેને દ્રષ્ટા તરીકે જુએ છે. અને મનુષ્ય કેવા કર્મ કરે છે તે પ્રમાણે ફળ આપે છે. પરમાત્મા કર્મફળ પ્રદાતા છે. કરેલા કર્મનું ફળ પરમાત્માની મરજી પ્રમાણે મળે છે. પોતાની ઈચ્છા પ્રમાણે મળતું હોય તો કોઈ પુરુષાર્થ કરે જ નહિ. પાણી, પાણી બે વાર બોલી જવાથી તૃષા છિપાઈ જતી નથી. પાણી પીવું જ પડે છે. સિંહ જંગલનો રાજા છે. છતાં પણ શિકાર માટે હરણ પાછળ દોડવું પડે છે. કોઈ પીરસેલી થાળી તૈયાર આપે તો પણ પોતે જમવું પડે છે. કોઈ કોળિયા મોઢામાં મૂકી આપે તો પણ ચાવવું તો પડે છે. સ્વર્ગમાં જવું હોય તો પણ મરવું તો પડે છે. કહેવાનો અર્થ છે કે કલ્યાણ જોઈતું હોય તો, આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ વધવું હોય તો પોતે જ ધર્મમય જીવન જીવી પ્રયત્ન કરવો પડે છે. તેના માટે પ્રબળ ઈચ્છાશક્તિ અને પ્રબળ આત્મનિષ્ઠાની જરૂર છે. શાસ્ત્રો આપણને માર્ગદર્શન આપે છે. તમારા રસ્તામાં અંધારૂ હોય તો કોઈ તમને રોશની કરી આપે પરંતુ જ્યાં સુધી પહોંચવું હોય ત્યાં સુધી પહોંચવા માટે ચાલવું તો પોતે જ પડે છે. એક રાજાને ચાર રાણી હતી. તેમાં રાજા ચોથા નંબરની રાણીને ખૂબ જ પ્રેમ કરે છે. વસ્ત્ર, અલંકાર બધું જ ખૂબ લાવી આપે. અને ત્રીજા નંબરની રાણીને ખૂબ સાચવીને રાખે છે. તેના પાછળ પોતાનો કિંમતી સમય પણ ખૂબ વ્યતિત કરે છે. રાજાને બીક લાગે છે કે રાણીને કોઈ લઈ જશે તો. અને બીજા નંબરની રાણી છે તે રાજાને કોઈ કાર્યમાં પરામર્શ સલાહ સૂચન જરૂર હોય ત્યારે રાજાને મદદ કરે છે. અને પેલા નંબરની રાણીને જરા પણ સારૂ ન રાખે તેને બિલકુલ પોતાનો સમય પણ ન આપે અને તેની ઉપેક્ષા કરે છે. એકવાર રાજા બિમાર પડે છે. અને તેનો છેલ્લો સમય આવે છે. તો રાજા પોતાની ચારેય રાણીને પાસે બોલાવે છે. અને ચોથા નંબરની જે રાણી છે. જેને પોતે સૌથી વધારે પ્રેમ કરે છે તેને પૂછે છે કે તમે મારી સાથે આવશો ને ? તો રાણીએ ના પાડી કે હું તમારી સાથે નહી આવું. રાજાએ ત્રીજા નંબરની રાણીને જેને ખૂબ સાચવીને રાખતા હતા તેને પૂછ્યું કે તમે મારી સાથે આવશોને ? તો ત્રીજા નંબરની રાણીએ કીધું કે તમારા મૃત્યુ પછી હું બીજા જોડે જતી રહીશ! રાજાએ બીજા નંબરની રાણી જે સલાહ સૂચન કરતી હતી તેને પૂછ્યું તો રાણીએ કીધું કે હું તમારી સાથે છેક સુધી તો નહિ આવી શકું પરંતુ તમારો અગ્નિ સંસ્કાર થાય ત્યાં સુધી હું આવીશ. પછી રાજાએ આખું જીવન જેની માત્ર ઉપેક્ષા કરી હતી તે પ્રથમ નંબરની રાણીને પૂછ્યું કે તમે મારી સાથે આવશો ! તો તે રાણીએ જવાબ આપ્યો કે હું તમારી સાથે આવીશ. આ સાંભળીને રાજા ખૂબ પસ્તાયા. મેં આખી જીંદગી જેને સમય ન આપ્યો સાચવી નહિ તો પણ સાથે આવવા તૈયાર થઈ. તો ચોથા નંબરની રાણી છે તે આપણું શરીર છે. શરીરમાંથી પ્રાણ નીકળે છે એટલે તરત જ શરીરના બધા અવયવો કામ કરવાનું બંધ કરી દે છે. શરીર સાથ છોડી દે છે. શરીર ઉપરથી કિંમતી દાગીના આ બધું ઉતારી લેવામાં આવે છે. ત્રીજા નંબરની રાણી છે તે ધન-દોલત મિલકત આ બધું છે. જેને મેળવવા માટે આપણે આપણો સમય ખૂબ જ વ્યતિત કરીએ છીએ તે આપણા મૃત્યુ પછી બીજા પાસે જતી રહે છે. અગ્નિ સંસ્કાર પતે એટલે તરત દીકરા-દીકરી બધા કોને ભાગે શું આવશે તેની ચર્ચા કરે છે. અને બીજા નંબરની રાણી છે તે આપણા કુટુંબીજનો છે. જે આપણને આપણા જીવન દરમ્યાન મુશ્કેલીમાં સલાહ-સૂચન કરી ઉકેલ બતાવે છે. તે આપણા દેહનો અગ્નિ સંસ્કાર કરવા માટે આવે છે. અને પેલા નંબરની રાણી છે તે આપણો આત્મા છે. તો આખી જીંદગી માણસ પોતાના શરીર પાછળ ખૂબ સમય આપે છે. તેને સજાવવું, ખવડાવવું તેના નવા નવા શોખોને પોષવા વગેરે તેમજ ધન-દોલત કમાવવા માટે પણ ખૂબ સમય આપે છે. તેમજ સાચવીને રાખે છે. એ કુટુંબીજનોને પણ સંબંધો સાચવવા માટે સમય આપે છે. પરંતુ આખી જીંદગી આત્માની ઉપેક્ષા કરે છે. જે આપણને આખી જીંદગી સારા કાર્યો કરવા માટે અને ધર્મમય જીવન જીવવા માટે અંદરથી

પ્રેરણા કરે છે. પરંતુ મનુષ્ય તેનો અવાજ સાંભળતો નથી અને અંત સમયે કોઈ સાથે આવતું નથી. માત્ર કરેલા સારા કર્મ અને ધર્મ એ જ જોડે આવે છે. તો આવા પ્રગટ નરનારાયણદેવ મળ્યા છે. અને આપણને જીવનમાં ખૂબ સત્સંગનો યોગ પણ મળે છે. બધું મહારાજે ખૂબ સરળ કરી આપ્યું છે. શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાનું અને શાસ્ત્રોના નિયમોનું ઉલ્લંઘન નહિ કરવાનું. ક્યારે શું થવાનું છે ? તે આપણને ખબર નથી. આપણા જીવનનો સમય કેટલો છે ? તે આપણા હાથની વાત નથી. માટે વિવેકથી સત્સંગ કરવાનો છે. આપણે ક્યા રસ્તા પર ચાલવું તે બરાબર ધ્યાન રાખવાનું છે. ગમે તેટલા જ્ઞાની હોય પણ વિવેક ન હોય અને ધર્મમય જીવન જીવતા ન હોય તો અંત સમયે કાંઈ કામ આવતું નથી. પરંતુ જે લોકો વિવેકી છે તે સમજે છે કે મનુષ્ય શરીર તો અનિત્ય છે. મૃત્યુ હંમેશા તેની પાછળ લાગેલું જ હોય છે. પરંતુ તેનાથી પરમ પુરુષાર્થની પ્રાપ્તિ પણ થઈ શકે છે. માટે જ અનેક જન્મો પછી અત્યંત દુર્લભ એવા મનુષ્ય શરીરને મેળવીને બુદ્ધિમાન પુરુષ છે તે જલ્દીથી એટલે મૃત્યુથી પહેલા મોક્ષને પ્રાપ્ત કરી લે છે. તો આપ સૌને નવા વર્ષમાં ધર્મમય જીવન જીવવાનું ખૂબ બળ મળે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

### કુશાગ્રબુદ્ધિ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આપણા પરમ પવિત્ર ભારત દેશના સત્‌શાસ્ત્રો તથા સંતો કહે છે કે જે મનુષ્ય પોતાનું આત્યંતિક કલ્યાણ સિધ્ધ કરવામાં સજાગ રહે છે તેને કુશાગ્ર બુદ્ધિવાળો જાણવો. શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્ ગીતાના ૧૮ માં અધ્યાયના ૩૦ માં શ્લોકમાં કહ્યું છે કે જે બુદ્ધિથી સંસારના બંધનનું સ્વરૂપ અને મોક્ષનું સ્વરૂપ સમજાય છે તે બુદ્ધિ સાત્વિક જાણવી. રાજસી બુદ્ધિ ધર્મ કે અધર્મને સમજી શકતી નથી. તથા કાર્ય કે અકાર્ય ને જાણી શકતી નથી. જ્યારે તામસી બુદ્ધિ અધર્મને ધર્મ માને છે. અને ધર્મને અધર્મ માને છે. સત્ પુરુષને અસત્ પુરુષ સમજે છે. અને અસત્ પુરુષને સત્ પુરુષ સમજે છે. આ પ્રમાણે બધું અવળું જ સમજે છે.

આ વિશ્વમાં બે વિદ્યા જાણવા યોગ્ય છે. એક પરા એ પરમાત્માના જ્ઞાનને પમાડનારી અને બીજી અપરા એટલે ધર્મ અધર્મના સાધનને તથા તેના ફળને પમાડનારી છે. જે વિદ્યાથી આત્યાંતિક કલ્યાણ ન થાય તે વિદ્યા નથી પણ અવિદ્યા છે. જે વિદ્યાથી આત્યંતિક કલ્યાણ થાય તેજ વિદ્યા છે. આ જીવ જ્યારે પ્રત્યક્ષ પરમાત્માને સત્સંગથી ઓળખી એમની શરણાગતિ લે છે ત્યારે એ જીવ અવિદ્યાને તરી જાય છે.

પરમાત્માએ બક્ષેલી બુદ્ધિનો મનુષ્યમાત્ર ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં ઉપયોગ કરે છે. કેટલાક અર્થ પ્રાપ્તિ પાછળ પોતાની બુદ્ધિ ખર્ચે છે. તો કેટલાક કામોપભોગ માટે બુદ્ધિનો વ્યય કરે છે. કેટલાક વ્યવહાર માર્ગમાં બુદ્ધિ દોડાવે છે. તો રાજનિતિજ્ઞો રાજ્ય શાસનનું સરળ સંચાલન કરી પોતાની બુદ્ધિના દર્શન કરાવે છે. કેટલાક વિદ્વાનો પંડિતો, શાસ્ત્રી-પુરાણીઓ ગદ્ય-પદ્ય ના નવ નિર્માણની દક્ષતાથી તેમજ તીવ્ર સ્મરણ શક્તિથી પોતાને બુદ્ધિશાળી માને છે. આવી રીતે બુદ્ધિનો ઉપયોગ કરે છે. પણ જો આત્યાંતિક કલ્યાણ સિદ્ધ કરવામાં સજાગ ન હોય તો તે બુદ્ધિ કુશાગ્ર ન કહેવાય. સ્વામિનારાયણ ભગવાને પણ સ્વમુખે ગઢડા પ્રથમના ૫૦ માં વચનામૃતમાં કહ્યું છે કે કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય છે તો પણ પોતાના કલ્યાણના અર્થે કંઈ જતન કરે નહિ તથા શાસ્ત્ર પુરાણ, ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય તો પણ પોતાના કલ્યાણના અર્થે જતન કરે નહી એને કુશાગ્ર બુદ્ધિવાળા ન જાણવા, એને તો જાડી બુદ્ધિવાળા જાણવા. અને જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્રબુદ્ધિ વાળો છે. અને જે જગત વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે અને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે.

સ્વામિનારાયણ ભગવાન કહેતા જે નાથભક્ત બુદ્ધિવાળા છે. ને નારૂપંત નાના દિવાન મૂર્ખ છે. સારૂં લુગડું વણાય તે સ્વામિનારાયણ ભગવાનને ધરતા. તેમનામાં વ્યવહારિક બુદ્ધિ, વિદ્વતા કે દ્રવ્યની વિપુલતા ઈત્યાદિક ન હતા. પરંતુ ભગવાનને વિષે અપૂર્વ નિષ્ઠા હતી. અને થોડી પણ બુદ્ધિ તે પ્રત્યક્ષ પરમાત્માનો નિશ્ચય કરવાના કામમાં આવી તો કુશાગ્ર બુદ્ધિવાળા કહેવાયા. જ્યારે નારૂપંત નાના જે વડોદરાના બાબા દિવાન નામે ઓળખાતા અને જેના નામ ઉપરથી બાબા શાહી સિક્કાનું ચલણ ચાલતું હતું. તેમની બુદ્ધિ રાજ્ય શાસનના કાર્યમાં અગાધ હતી. છતાં પ્રત્યક્ષ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનના નિશ્ચય કરવામાં ન આવી. તો ભગવાને તેમને મૂર્ખ કહ્યા છે. દિવાનજી ભગવાનને ઓળખીને નિશ્ચય તો ન કરી શક્યા પણ ભગવાનનો તથા તેમના ભક્તનો દ્રોહજ કર્યો. ત્યારે એ બુદ્ધિ શા કામમાં આવી ? આવી બુદ્ધિને કુશાગ્ર બુદ્ધિ ન કહેવાય પણ મુસલાગ્ર બુદ્ધિ (સાંબેલાના અગ્ર ભાગ જેવી જાડી બુદ્ધિ) કહેવાય. જે કલ્યાણને અર્થે જતન કરે છે તેને જ કુશાગ્ર બુદ્ધિવાળો જાણવો.

કુશાગ્ર બુદ્ધિની પારાશીશી જુદી જ છે. આપણે વ્યાસ રચિત શ્રીમદ્ ભાગવત જોઈએ. તેમના સમકાલીન બ્રાહ્મણો ઘણા વિદ્વાન અને વેદવેદાંતના જ્ઞાનવાળા હતા. પણ પ્રગટ ભગવાનને ઓળખી શક્યા નહી અને તેમની પત્નીઓ ભોળી અને અજ્ઞાન હતી. પરંતુ પ્રગટ ભગવાનને ઓળખી ગઈ. કુશાગ્ર બુદ્ધિ વાળી હતી તો ભગવાનને ઓળખી તેમનું

સન્માન કર્યું. તો ભવસાગર તરી ગઈ. માટે જે કર્મ પરમાત્માની પ્રસન્નતા કરાવે. જે ક્રિયાથી પરમાત્મા રાજી થાય તે જ સાચું કર્મ કે સાચી ક્રિયા છે. અને વિદ્યા પણ તે જ સાચી છે. બુદ્ધિપણ તેજ સાચી છે. કુશાગ્રતા પણ તેને જ કહેવાય.

આપણે રામાવતાર જોઈએ તો ખ્યાલ આવશે કે જ્યારે રામચંદ્ર ભગવાન આ પૃથ્વીને વિષે વિચરતા હતા ત્યારે તેમના સમકાલીન વિદ્વાનો ન હતા એમ નહી. પરંતુ ભક્તિ અને સત્સંગ વિના પ્રત્યક્ષ પરમાત્માનો આશ્રય ન કરી શક્યા અને અંતે અધોગતિને પામ્યા. લંકામાં તો ઘણા વિદ્વાનો - વેદવેદાંતના જ્ઞાનવાળા હતા, અરે ખુદ રાવણ ક્યાં ઓછો વિદ્વાન હતો, તો પણ આ સર્વે સત્સંગના અભાવે પ્રગટ ભગવાનને ઓળખી શક્યા નહી. તેમજ કૃષ્ણાવતારમાં પણ જરાસંધ તથા કર્ણ જેવા રાજાઓ હતા. કર્ણ રાજા તો દાનવીર અને સત્યપ્રતિજ્ઞ હતો. છતાં પણ કૃષ્ણ ભગવાનને ઓળખી શક્યાં નહિ. તેમને કુશાગ્ર બુદ્ધિવાળા ન કહેવાય. રામાવતારની શબરી ભીલ તેમજ કૃષ્ણ અવતારની ગોપીઓ તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના મોટીબા ઉર્ફે જીવુબા તેમજ લાડુબા તેમજ રાજબાઈ તેમજ લાડકીબાઈ, લાધીબા, માતાજી આદિ બહેનોને કુશાગ્ર બુદ્ધિવાળા જાણવા. જ્યારે પ્રખર શાસ્ત્રીય વિદ્વાન નિર્વિકલ્પાનંદ સ્વામી, હર્યાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી આદિ કેટલાક શાસ્ત્ર પુરાણ ઈતિહાસ અને તેના અર્થને સારી પેઠે જાણતા હતા છતાયં પણ આત્યાંતિક મોક્ષ બગાડી નાખ્યો. માટે તેમને જાડી બુદ્ધિવાળા કહેવાય. માટે કુશાગ્ર બુદ્ધિ રાખવી.

●

## દાનનો મહિમા

- સાંખ્યયોગી કુંદનબા ગુરુ સાં.યો. કંચનબા

હે ભક્તો ! શાસ્ત્રોમાં દાનનો ખૂબ મહિમા કહેવામાં આવ્યો છે. દાન છે તે ધર્મનું આભૂષણ છે. પ્રભુએ એક હાથ કમાવા માટે અને બીજો હાથ કમાયેલા ધનનો સદ્‌વ્યય કરવા માટે આપ્યો છે. દુઃખને સહન કરજો, પરંતુ સુખને વહેંચી દેજો. વૃક્ષો ફળ-ફૂલનો ત્યાગ કરે છે. તેથી તેને ભગવાન વધારે આપે છે. તેમ મનુષ્ય સંપત્તિનો સદ્‌ઉપયોગ કરે છે તો ભગવાન તેઓને વધારે સંપત્તિ આપે છે. જ્યાં સુધી અનુકુળ હોય ત્યાં સુધી તમારા હાથથી જ વાપરી લેજો. કારણ કે સમયને વળાંક લેતાં વાર નહિ લાગે. ધન પરમાત્માનું છે. આપણે તો તેઓના ટ્રસ્ટીઓ છીએ તે માટે ધનને ભગવાનના કામમાં વાપરવું. હે ભક્તો ! તનની શુદ્ધિ સ્નાન કરવાથી થાય છે. મનની શુદ્ધિ ભગવાનના ગુણો સાંભળવાથી થાય છે અને ધનની શુદ્ધિ દાન કરવાથી થાય છે. માટે શાસ્ત્રકારોએ કહ્યું છે કે ધં-ધો અર્થાત્ ધનને ધોઈને વાપર. કોઈને શંકા થાય કે ધનને કેમ ધોવું ! તો તે માટે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ૧૪૭ માં શ્લોકમાં કહ્યું છે કે ‘‘પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધન-ધાન્યાદિક તે થકી દસમો ભાગ કાઢી ને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો તથા ધનવાન એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા (૧૫૫) તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારના દાન દેવા (૧૫૬) તો આ રીતે કરવાથી ધન ધોવાઈ જાય છે. જે પુરુષો ભગવાનનું ઉત્તમ મંદિર કરાવે છે. તે મોક્ષ પામે છે. ઘણા લોકો કહેતા હોય છે કે અમારી સ્થિતિ સાધારણ છે તેથી અમો દાન પુણ્ય કરી શકતા નથી. તો તેવા લોકોએ વ્યવહારમાં કરકસર કરીને પણ પેટવેરામાંથી પુણ્યે વેરો કરવો. આ લોકની બેંકમાં ધનને મૂક્યું હોય અને જ્યારે લેવા જઈએ ત્યારે આપણને પાછું મળે છે. તેમ પરલોકની બેંકમાં પુણ્ય અને પરોપકારરૂપી ધનને મૂક્યું હશે તો મૃત્યુ પછી જીવાત્માને પરલોકમાં અને બીજા જન્મોમાં તે નાણું વ્યાજ સહિત પાછું મળશે.

હે ભક્તો ! જે લોકો અત્યારે ધનવાન છે તેઓએ પૂર્વજન્મમાં દાન-પુણ્ય કર્યા હશે તેના કારણે તેઓ સુખી જણાય છે. અત્યારે જેઓ ગરીબ છે તેઓએ પૂર્વના જન્માંતરોમાં એ જ્યારે મનુષ્ય હશે ત્યારે દાન-પુણ્ય કે પરોપકાર કર્યા નહિ હોય તેના કારણે તેઓ નિર્ધન થયા છે. અને જેઓ ધનવાન છે તેઓ અત્યારે દાન નહિ કરે તો આવતા વખતે તેઓને કર્માનુંસાર જ્યારે મનુષ્ય દેહ મળશે ત્યારે નિર્ધન થશે. આ પ્રસંગને સમજવા માટે આ દ્રષ્ટાંત સાંભળીએ - એક રાજાએ પ્રધાનને પાંચ પ્રશ્નો પૂછ્યાં : (૧) છે છે અને છે (૨) છે છે અને નથી (૩) છે અને નથી (૪) નથી અને છે (૫) નથી નથી અને નથી. આ પ્રશ્નોના જવાબ આપો.’’ આવું સાંભળી બુદ્ધિવાળા પ્રધાને થોડા દિવસની મુદ્દત માગી અને શહેરમાં ફરવા ગયા. ત્યાં તેમણે એક નગરશેઠનો બંગલો જોયો. તે સમયે શેઠ હિંડોળાએ બેસીને ધર્મશાસ્ત્ર વાંચી રહ્યા હતા. એક નોકર પવન નાખતો હતો. દરવાજે અન્નાર્થીઓની, સાધુઓની અને રોગીઓની ભીડ લાગી હતી. તેના એક સેવક દ્વારા શેઠ અન્ન-વસ્ત્ર ધન અને ઔષધ અપાવતા હતા. લેનારા ગરીબો શેઠને અંતરના આશીર્વાદ આપી રહ્યા હતા. આવું દ્રશ્ય જોઈ પ્રધાને શેઠને સાથે આવવાનું કહ્યું તેથી તેઓ સાથે બેસી ગયા. બન્ને રથમાં બેસી આગળ ચાલ્યા. તે સમયે બીજા શેઠનો બંગલો દેખાયો. ત્યાં જઈને શેઠે અને પ્રધાને જોયું તો શેઠ હિંડોળે બેસીને આધુનિક નવલકથા વાંચી રહ્યા હતા. દરવાજે

ભિખારીઓની ભીડ થઈ હતી. અને તેઓ ખાવાનું માંગી રહ્યા હતા. તેથી શેઠ નોકરને ધમકાવી તેઓને કાઢી મૂકવાનું કહેતા હતા અને નિરાશ થઈને જતા ગરીબો શેઠની નિર્દયતાના ઉદ્‌ગારો કહેતા હતા. આવું દ્રશ્ય જોઈ તેઓને પણ સાથે લીધા. રથ આગળ ચાલ્યો. ત્યાં એક વેશ્યાની મોટી હવેલી જોઈ ત્યાં જઈ જોયું તે વેશ્યા નાચી રહી હતી, અને હાથમાં દારુની પ્યાલીઓ લઈ લઈને અનેક લોકોને પીવડાવતી હતી. તેથી તે લોકો રૂપિયાના હાર બનાવીને વેશ્યાને પહેરાવતા હતા. પછી પ્રધાને તેને સાથે આવવા કહ્યું. રથ આગળ ચાલ્યો ત્યાં એક ઘાસની ઝુંપડી જોઈ. ત્યાં જઈ પ્રધાને જોયું તો એક સંત હાથમાં રામસાગર લઈ કીર્તન બોલતા હતા અને સાંધેલા કપડાં પહેર્યા હતાં. આવું જોઈ પ્રધાને સંતને સાથે આવવા વિનંતી કરી. તેથી સંત રથમાં બેઠા રથ આગળ ચાલ્યો. ત્યાં એક ભિખારીને ભૂખના દુઃખથી વ્યાકુળ બની બૂમો પાડતો જોયો. તેથી તેને પણ સાથે લીધો. અને રાજાની પાસે આવી પ્રધાને કહ્યું, ''હે મહારાજા! તમારા પાંચ પ્રશ્નોના જવાબો લઈને આવ્યો છું.'' એમ કહીને નગરશેઠને બતાવી કહ્યું : આ શેઠને પૂર્વનું પુણ્ય છે તેને કારણે અત્યારે મોટા ધનવાન થયા છે. અને હાલમાં તેઓ ધાર્મિક જીવન જીવીને અનેક પ્રકારના દુઃખી લોકની ઈચ્છાઓ પૂર્ણ કરી ખૂબ દાન-પુણ્ય કરે છે. તેને કારણે હવે પછીના જન્મોમાં તે મોટા ધનવાન થવાના છે. માટે છે અને છે. આ તમારા પહેલા પ્રશ્નનો જવાબ છે. બીજા પ્રશ્નના જવાબમાં આ શેઠની વાત સાંભળો. આ શેઠને પૂર્વના પુણ્ય છે તેના કારણે અત્યારે તેઓ ધનવાન છે. પરંતુ આ વખતે તેઓનું જીવન ધાર્મિક નથી અને ગરીબોને કંઈ આપતા નથી, તેમજ દાન પુણ્ય પણ કરતા નથી તેના કારણે ભવિષ્યના મનુષ્ય જન્મમાં તેનું પુણ્ય નથી તેથી તેઓ ભિખારી બનશે. તે બીજા પ્રશ્નોનો જવાબ આ શેઠના જીવનમાંથી મળે છે કે ''છે છે અને નથી.'' પછી વેશ્યાને બતાવીને કહ્યું આ વેશ્યા અત્યારે વ્યભિચાર કરીને બહુ ધનવાન બની છે. પરંતુ મૃત્યુ પછી યમયાતનાના ભયંકર દુઃખો ભોગવવા પડશે તેથી તેને સુખ નહિ મળે, માટે ''છે અને નથી''. આ તમારા ત્રીજા પ્રશ્નનો જવાબ છે. ત્યારબાદ સંતને બતાવીને કહ્યું : ''અત્યારે સ્થૂળરૂપે તેઓની પાસે સંપત્તિ નથી. પરંતુ સદાચારમય જીવન ગાળી તેઓ અખંડ નવધા ભક્તિ કરે છે. તેના કારણે મૃત્યુ પછી તેઓને પરમાત્માના ધામની પ્રાપ્તિ થશે અને ત્યાં મહાસુખને પામશે માટે ''નથી અને છે'' આ ચોથા પ્રશ્નોનો જવાબ છે અને પાંચમાં પ્રશ્નના જવાબમાં આ ભિખારી નમુનારૂપ છે. આ ભિખારી જન્માંતરે મનુષ્ય હશે ત્યારે તેણે પરોપકાર કે દાન-પુણ્ય કર્યું નહિ હોય તેના કારણે તેને આ જન્મમાં ભિખારી બનવું પડ્યું છે. અને અત્યારે કશું થઈ શકે તેમ નથી. તેથી કર્માનુસારે હવે ફરીને મનુષ્ય જન્મ મળશે ત્યારે પણ કશું થઈ શકે તેમ નથી. તેથી કર્માનુસારે હવે ફરીને મનુષ્ય જન્મ મળશે ત્યારે પણ ભિખારી જ બનશે. માટે તમારા પાંચમાં પ્રશ્નનો જવાબ આ ભિખારી છે. ''નથી નથી અને નથી''. આવું સાંભળી રાજા રાજી થયો. હે ભક્તો ! આ દૃષ્ટાંત જીવનમાં ઉતારવા જેવું છે. જે લક્ષ્મી ભગવત્ સંબંધી કાર્યમાં વપરાય છે તે લક્ષ્મી ઉત્તમ પ્રકારની છે અને ધનને કેવળ ભેગું જ કર્યા કરે પરંતુ દાન આપે નહિ તે લક્ષ્મી મધ્યમ પ્રકારની છે. અને જે ધનને કેવળ પંચવિષય ભોગવવામાં વાપર્યા કરે તે લક્ષ્મી કનિષ્ઠ પ્રકારની છે. ગીતામાં દાનોના ત્રણ વિભાગ કર્યા છે. (૧) સાત્વિક દાન : ફળની ઈચ્છા રાખ્યા વિના તથા યોગ્ય સુપાત્ર અને યોગ્ય સ્થળ જોઈ દાન આપવામાં આવે તો તે દાનને સાત્વિક દાન કહેવાય છે. (૨) રાજસદાન : જે દાન ફળની આશા રાખીને અથવા તો કચવાતા મને આપવામાં આવે છે તેને રાજસદાન કહેવાય છે. (૩) તામસદાન : ખોટી જગ્યાએ ખોટા સમયે, તુચ્છકારથી અને કુપાત્રને જે દાન અપાય છે તેને તામસદાન કહેવાય છે.

હે ભક્તો ! સુપાત્રમાં દાન કરવાથી પુણ્ય થાય છે અને કુપાત્રમાં દાન કરવાથી દોષ લાગે છે તેથી નરકમાં જવું પડે છે. એટલા માટે તો દેવાનંદ સ્વામી કહે છે કે -

**વિવેકી નરને, એમ વિચારીને જોવું.**
**કુપાત્રને દાન દેવું તે, બીજ ખારમાં બોવું રે...**
**વિવેકી**
**કામી ક્રોધી લોભી લંપટ, કૂડા બોલાકા'વે**
**અન્ન ધન વસ્ત્ર તેને આપે, તે શેકી બી વાવે રે.. વિવેકી**
**ઈન્દ્રિય પાંચ છઠ્ઠું મન જીતે, તે હરિદાસ કહાવે,**
**વાલી વસ્તુ તેને આપે, અનંત ગણી થઈ આવે રે...**
**વિવેકી**

હે ભક્તો ! ભગવાને ધન આપ્યું હોય તો પરોપકારમાં અને મંદિરના કામમાં સદુપયોગ કરી લેવો. નહિતર એક દિવસ આપણે તેને મૂકીને ચાલ્યા જશું. કાં તો એ આપણેને મૂકીને ચાલ્યું જશે.

## આપણા નવા પ્રકાશનો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુર તરફથી (૧) હજારી કીર્તનાવલિ (પુનઃપ્રકાશન) (૨) ભક્ત ચિંતામણી અને (૩) સ.ગુ. નિષ્કુળાનંદ કાવ્ય આ ત્રણ પુસ્તકોનું વિમોચન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૦ મા પ્રાકટ્યોત્સવ પ્રસંગે વિધિવત રીતે સંપન્ન થયું.

જે સાહિત્યકેન્દ્ર પરથી પ્રાપ્ત થશે.

**દટ્ટા તથા કેલેન્ડરનું વેચાણ ચાલુ છે**

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ યતિ કોને કહેવાય?

પ્ર. : ૨ અને અમારો મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે એમ જાણવું અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું. શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં છે?

પ્ર. : ૩ સલકી ગામના દયાળજી કરીને કોળી ઠાકોર હતા તથા આદરજના રતુખાંટ કરીને ઠાકોર હતા. બંન્ને બહુ સારા સત્સંગીઓ હતા. તેઓ બંન્નેએ શ્રીહરિને શું સેવા કરીને રાજી કર્યા?

પ્ર. : ૪ નિષ્કુળાનંદ કાવ્યમાં ''હૃદય પ્રકાશ'' નામનો ગ્રંથ છે. ભક્તના હૃદયને માયા રહિત સ્વચ્છ કરવા માટે નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથની રચના કઈ સાલમાં અને કઈ તિથિના રોજ કરી હતી?

પ્ર. : ૫ નાજા જોગીયા મહારાજની આજ્ઞાથી જસદણ ભોંયરા ગામ રેવા આવ્યા. આગળ જતા ત્યાંના રાજા વાજસુરખાચર ને સલાહ આપી તો તેમના ઢીંચણ ભાંગી નાખવાનો હુકમ રાજાએ આપ્યો. આ નાજા ભગત મૂળ ક્યા ગામના હતા?

પ્ર. : ૬ શ્રીહરિલીલા સિંધુ નામનો વિશાળ ગ્રંથ કોણે બનાવ્યો છે?

પ્ર. : ૭ ''તમારી મૂરતિ વિના મારા નાથ રે, બીજુ મને આપશો માં'' - આ કીર્તન કોણે ગાયુ છે.

## ઓક્ટોમ્બર-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** ગુરુનું, શ્રેષ્ઠ મનુષ્યનું, પ્રતિષ્ઠિત મનુષ્યનું, શસ્ત્રધારી મનુષ્યનું એ આદિનું અપમાન ન કરવું - શ્લોક ૩૫. **(૨)** અમૃતબાઈ. **(૩)** નિષ્કામાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી. **(૪)** (૧) વાસુદેવ (૨) સંકર્ષણ (૩) અનિરૂધ્ધ (૪) પ્રદ્યુમ્ન. **(૫)** ગ.મ. ૧૯માં. **(૬)** બળદેવપ્રસાદ (બલદીરામ) તથા ઉદયબાઈ (પૂર્ણાબાઈ). **(૭)** ત્રીજા નંબરના હોલમાં અને વડતાલધામ નામ આપેલ છે.

૧. પ્રભાતસિંહ કેશરજી ડાભી (ડાંગરવા)
૨. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૩. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૪. પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૫. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૬. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૭. પટેલ જયંતીભાઈ હીરાભાઈ (વહેલાલ)
૮. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૯. ઘરસભા બહેનો (લુણાવાડા)
૧૦. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૧. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૨. પટેલ જયકુમાર રમેશભાઈ (ટ્રેન્ટ)
૧૩. પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૧૪. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમિયતપુરા)
૧૫. ગવૈયા ચંદ્રપ્રકાશ (માણસા)
૧૬. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૭. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૧૮. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૧૯. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૦. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૧. ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર વાડીગામ)
૨૨. પ્રયાગકુમાર માધવલાલ, કૌશલકુમાર હસમુખલાલ (મારૂસણા)
૨૩. પટેલ જોશનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૨૪. શ્રી નરનારાયણદેવ બાલ મંડળ (પંચવટી-કલોલ)
૨૫. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૬. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૭. સાં.યો. કોકિલાબા-ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૮. ખંધેડીયા ભાવનાબેન કલમેશકુમાર (મોરબી)
૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (જુનું) (મોરબી)
૩૦. સાં.યો. ભારતીબા તથા મંજુબા (કાલુપુર મંદિર હવેલી)
૩૧. સાં.યો. શીલ્પાબા તથા શીતલબા (કાલુપુર મંદિર હવેલી)
૩૨. સાં.યો. કંચનબા, હીરાબા (સ્વા. મંદિર ધ્રાંગધ્રા)
૩૩. ભાવસાર વીણાબેન રતિલાલ (અમદાવાદ)
૩૪. ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૩૫. પટેલ ટીના (નારણપુરા)
૩૬. સાં.યો. રંજનબા તથા નાનીબેન (સ્વા. મંદિર બહેનોનું વિરાટનગર ઓઢવ)
૩૭. પંચાલ વંદના (નારણપુરા)
૩૮. સાં.યો. ગોપીબા, લલિતાબા (રામપરા)
૩૯. નિકીતા, કુસુમ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળ (બાલવા)
૪૦. ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૧. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૪૨. ટીંબડીયા ચિંતન આર. (એપ્રોચ-બાપુનગર)
૪૩. ઓચ્છવ મંડળ (શ્રી સ્વા. મંદિર એપ્રોચ-બાપુનગર)
૪૪. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (લાંઘણજ-વિસનગર)
૪૫. કપિલાબેન નટવરલાલ (લાઘણજ-વિસનગર)
૪૬. પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૪૭. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ધૂંટું)
૪૮. વિઠ્ઠલાપરા અમરશીભાઈ વી. (નવસારી)
૪૯. પટેલ રંજનબેન મફતલાલ, પટેલ સુભદ્રાબેન (કુંડાળ)
૫૦. કા. રૂપલબેન અને બિંદિયાબેન (લુણાવાડા)
૫૧. કા. હાર્દિક ઘનશ્યામભાઈ (લુણાવાડા)
૫૨. કુસુમબેન નારણભાઈ (વડુ)
૫૩. શકરીબેન ભગત (વડુ)
૫૪. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)

# સત્સંગ સમાચાર

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૦ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો**

ભરતખંડના અધિષ્ઠાતા પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને બ્રહ્મનિષ્ઠ સંતો અને ધર્મકુળ પ્રેમી હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૪૦ મો પ્રાકટ્યોત્સવ આસો સુદ-૧૦ વિજયા દશમી તા. ૨૪-૧૦-૨૦૧૨ ના રોજ અમદાવાદ મંદિરમાં ધામધૂમથી ઉજવાયો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સાથે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા ત્યારે મંદિરના બહારના ચોકમાં હજારો સંત-હરિભક્તો દ્વારા ભવ્ય સામૈયું સંગીતની મંગલ સૂરાવલી અને આતસબાજીના ગગન ભેદી સૂર સાથે થયું. શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપો દ્વારા શ્રી નરનારાયણદેવની શૃંગાર આરતી ઉતારવામાં આવી. ત્યારબાદ પ્રાસંગિક સભામાં બિરાજમાન થયા. વિદ્વાન પંડિતો દ્વારા સ્વસ્તીવાચન-પૂજન-અર્ચન આરતી થયા. ત્યારબાદ મુખ્ય યજમાન મુંબઈ ભાયંદર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સહ યજમાન પ.ભ. વિશ્રામ લાલજી પિંડોરિયા પરિવાર (માધાપર-કચ્છ) હાલ પર્થ ઓસ્ટ્રેલીયા - સુપુત્રો કાંતિભાઈ વિજયભાઈ, સુરેશભાઈ અને જમાઈ મુકેશ ખીમજી હાલાઈ અને સાથે ક્રિષ્ણાબેન નવિનભાઈ માંડલીયા મોરબીવાળા હ. પ્રતીક પરિવારે આરતી ઉતારીને લાભ લીધો હતો. ત્યારબાદ અગ્રગણ્ય સંતો અને સ્કીમ કમિટીના સભ્યોએ સમૂહ આરતી ઉતારીને મહા લાભ લીધો. આ પ્રસંગે પૂ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી, સ.ગુ.શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, મૂળીના મહંત શા.સ્વા. શ્યામસુંદરદાસજી, સ.ગુ.શા.સ્વા. નૌતમપ્રકાશદાસજી (વડતાલ), શા. વિશ્વસ્વરૂપદાસજી અને સ્વા. હરિકૃષ્ણદાસજી (એપ્રોચ) આદિ સંતોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે અમદાવાદ કાલુપુર મંદિરથી પ્રકાશિત નવા પ્રકાશન હજારી કીર્તનાવલીમાં સૌજન્ય સેવા આપનાર સ.ગુ.શા.સ્વામી હરિકેશવદાસજી અને પ.ભ. રમેશભાઈ આર. મારફતિયા (અમેરિકા) અને નિષ્કુળાનંદ કાવ્ય અને ભક્તચિંતામણી ગ્રંથમાં સૌજન્ય સેવા આપનાર માવિત્ર અ.નિ. પ.ભ. માવજીભાઈ વિસરામ ખીમાણી, ધ.પ. માનબાઈ, કુમારી સુશીલાબેન (દહીંસરા-કચ્છ), માવિત્ર પ.ભ. કરશનભાઈજીણા જેસાણી, ધ.પ. રતનબાઈ (બળદીયા-કચ્છ), પ.ભ. કાંતિલાલ માવજી ખીમાણી, ધ.પ. શર્મિલા, સુપુત્રી નેહા, શૈલી (ગામદહીંસરા-કચ્છ) (હાલ બોલ્ટન-યુ.કે.) આદિ સેવા કરનારને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી ગ્રંથનુ વિધિવત રીતે વિમોચન કર્યું હતું.

આ સિવાય પણ સ.ગુ.શા. સ્વા. હરિકેશવદાસજી દ્વારા લિખિત 'સત્સંગ ચિંતામણી' પુસ્તિકા અને જેતલપુર મંદિર દ્વારા પ્રકાશિત ''શ્રીહરિલાલા સિંધુ'' શ્રીહરિ સમકાલીન બ્ર. વૈષ્ણવાનંદકૃત ભાગ-૧ પુસ્તકનું વિધિવત રીતે ધર્મવંશીના વરદ્ હસ્તે વિમોચન થયું હતુ.

આ પ્રસંગે અમેરિકા આઈ.એસ.એસ.ઓ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તૈયાર કરાયેલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની બાલ સ્વરૂપથી લઈ વર્તમાન સમયની સંપ્રદાયમાં દેશ વિદેશમાં કરેલ વિવિધરૂપી પ્રવૃત્તિનું સુંદર સંકલન કરીને ડોક્યુમેન્ટરી ફિલ્મ પડદા પર દર્શાવવામાં આવી હતી. જેના દર્શન કરી હરિભક્તો ધન્ય ધન્ય બની ગયા હતા.

છેલ્લે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોના મંગલકારી મોક્ષ દાયી અને કલ્યાણદાયી આશીર્વાદ પ્રાપ્ત થયા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ સુપેરે સંભાળ્યું હતું. ધામોધામના સંતો અને હરિભક્તોએ પુષ્પહાર કરી ચરણ સ્પર્શ દર્શન કરી શુભકામના પાઠવી હતી.

આવો સુંદર પ્રસંગ પૂ. મહંત સ્વામીની પ્રેરણા અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્દર્શનથી બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, જે.કે. સ્વામી, યોગી સ્વામી, શા. વિશ્વવિહારીદાસજી આદિ સંતો-પાર્ષદો અને અમદાવાદ, બાપુનગર, જીવરાજપાર્ક શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સહયોગથી ધામધૂમપૂર્વક ઉજવાયો. જેમણે જેમણે આવા દર્શન કર્યા તે સૌનું જીવન ધન્ય બન્યું. પૂર્ણાહુતિ બાદ ધામોધામથી પધારેલા સંતો મહંતો અને હરિભક્તોએ મહાપ્રસાદ લઈ પ્રસન્ન ચિત્તે શ્રી નરનારાયણદેવના દર્શન કરી ધન્યતા અનુભવતા વિદાય થયા હતા. મહાપ્રસાદના યજમાન માવિત્ર અ.નિ. પ.ભ. માવજીભાઈ વિસરામખીમાણી, ધ.પ. માનબાઈ, કુમારી સુશીલાબેન (દહીસરા-કચ્છ), માવિત્ર પ.ભ. કરશનભાઈજીણા જેસાણી, ધ.પ. રતનબાઈ (બળદીયા-કચ્છ), પ.ભ. કાંતિલાલ માવજી ખીમાણી, ધ.પ. શર્મિલા, સુપુત્રી નેહા, શૈલી (ગામદહીંસરા-કચ્છ) (હાલ બોલ્ટન-યુ.કે.) રહ્યા હતા. (શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા**

શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયાના મહંત શા. ગુરુપ્રસાદદાસજી અને શા.આનંદપ્રસાદદાસજીની

પ્રેરણાથી જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીનો વિર્સજન વરઘોડો કાંકરિયા સરોવરે ઠાકોરજીની આરતી કરીને ત્યાં ઓચ્છવ મંડળ દ્વારા ઉત્સવ કરવામાં આવેલ. જ્યાં શા. યજ્ઞપ્રકાશદાસજી અને સંત મંડળે ભગવાનનો મહિમા કહ્યો હતો. સૌને ફરાળનો પ્રસાદ આપવામાં આવેલ. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સુંદર સેવા બજાવી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રીમદ્ સત્સંગિજીવન રાત્રીય સપ્તાહ પારાયણ

તા. ૧૦-૯-૧૨ થી તા. ૧૬-૯-૧૨ પર્યન્ત સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર સ.ગુ.શા. સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે થઈ હતી. સભા સંચાલન શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજીએ કર્યુ હતું.

અધિક પુરૂષોત્તમ માસની અમાસના ઠાકોરજીના સાનિધ્યમાં મહાપૂજા અને છપ્પન ભોગ અન્નકૂટ થયા હતા.

તા. ૧૨-૯-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી રાત્રે ૮-૩૦ કલાકે પધાર્યા હતા અને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. ધામો ધામના સંતોએ પધારી અમૃતવાણીનો લાભ આપેલ. મહંત શા.સ્વામી ગુરુપ્રસાદદાસજી અને મહંત શા.સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી નરોતમ ભગત, નીરૂભાઈ અને મૂળીના પૂજારી મુક્તજીવનદાસ અને હરિપ્રસાદદાસે સુંદર સેવા બજાવી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, શ્રીહરિ મહિલા મંડળ અને કષ્ટભંજનદેવ પાઠ મંડળની સેવા પ્રેરણારૂપ હતી. કાંકરિયા મંદિરના ગોર વિષ્ણુભાઈ શાસ્ત્રી અને ગૌરાંગ મહારાજે સમૂહ મહાપૂજા કરાવી હતી. (ડૉ. હિરેન)

**અધિક માસમાં થલતેજ વિસ્તારમાં બીજી સત્સંગ સભા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી ની આજ્ઞા-આશીર્વાદથી થલતેજ-બોડકદેવ વિસ્તારમાં તા. ૨-૯-૧૨ રવિવારે રાત્રે ૮ થી ૧૧-૩૦ સુધી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા ધૂન, કીર્તન, સત્સંગ કથા થઈ હતી. જેમાં કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મંદિરના મહંત શા. પી.પી. સ્વામી, સ.ગુ.શા.સ્વા. નિર્ગુણદાસજી અને શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી (નારણપુરા મહંત) આદિ સંતોની અમૃતવાણી અને કીર્તનકાર પૂરવ પટેલે કીર્તન ભક્તિ કરીને સૌને ભક્તિ રસમાં ગુલ તાન કરી દીધા હતા. આ સભાના યજમાન પ.ભ. ધનવંતભાઈ પટેલે સુંદર લાભ લીધો હતો. બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. બોડકદેવ અને થલતેજ વિસ્તારના હરિભક્તોને દર માસે શનિવારે થતી સત્સંગ સભાનો લાભ લેવા અનુરોધ છે. રાત્રે ૮ થી ૧૧.

સંપર્ક : કૃષ્ણકાંત શામજીભાઈ પટેલ
સી-૧૦, સાગ્રીલા-મેઘરાજ ૯૮૨૫૯૫૬૨૨૦)
ધનવંતભાઈ પટેલ (થલતેજ : ૯૮૨૫૦૧૬૪૫૩)

**શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય અક્ષર મહોલવાડી જેતલપુરમાં સરસ્વતી પૂજન**

પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પ્રસ્થાપિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુરધામ જેને ૨૦૦ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે. ત્યારે દર વર્ષની જેમ આ વરસે પણ સરસ્વતી પૂજન કાર્યક્રમ પાઠશાળાના વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા તા. ૨૧ થી ૨૩ ઓકટોબર દરમ્યાન સંપન્ન થયો. વિદ્યાર્થીઓએ વેદ પરંપરાગત સંસ્કૃત ભાષામાં વિવિધ કાર્યક્રમો રજુ કર્યા. સરસ્વતી પૂજનના યજમાન દર વર્ષની જેમ આ વરસે પણ ધર્મકુળ પરિવાર રહ્યા હતા. જેમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પૂજનમાં બિરાજમાન થયા હતા. સાથે પ.ભ. ઘનશ્યામભાઈ કાંતિલાલ શાહ પરિવારે (અમદાવાદ) યજમાન પદે રહી સરસ્વતી પૂજન અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના પૂજનનો લાભ લીધો હતો. આ પ્રસંગે ધામો ધામના સંતો પધાર્યા હતા. જેમાં સંસ્કૃત મહા વિદ્યાલયના સંચાલક પ.પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) પૂ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, શા. હરિૐપ્રકાશદાસજી અને સ.ગુ.શા.સ્વા. નિર્ગુણદાસજી આદિ સંતો પધાર્યા હતા. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ૨૦૦ વર્ષનો ઉત્સવ ધામધૂમથી ઉજવાય અને વધુને વધુ સંતો અને વિપ્ર બટુકો ભણવા આવે અને પાઠશાળાની ખૂબજ પ્રગતિ થાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા.શ્રી વાસુદેવ પુરોહિતે કર્યું હતું.

તમામ વ્યવસ્થા મહંતશ્રી કે.પી. સ્વામી, પ્રિન્સીપાલશ્રી વાચસ્પતિ મિશ્રાજી (મોટા ગુરુજી) તથા વિદ્યાર્થી પ્રકાશકુમાર રમેશભાઈ જોશી (શાસ્ત્રી-૩) એ કર્યું હતું. તમામ વિદ્યાર્થીની સેવા પ્રેરણારૂપ હતી. પ્રસાદ લઈ ભક્તો ધન્ય બન્યા હતા.

આ પાઠશાળામાં ધો ૯ થી એમ.એ. સુધીનો અભ્યાસ (સોમનાથ યુર્નિવસીટી) બ્રાહ્મણના પુત્રો અને સંતો (બન્ને દેશના) પાર્ષદો નિઃશુલ્ક કરી રહ્યાં છે. (શા. ભક્તિનંદનદાસજી અને પ્રકાશ જોષી, જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાના ૩૧ માં પાટોત્સવના ઉપલક્ષમાં થયેલી સભાઓ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ.શા.પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાના ૩૧ માં પાટોત્સવના પ્રસંગના ઉપલક્ષમાં ૧૮ મી સભા તા. ૨૬-૮-૧૨ ના રોજ હિંમતનગર ખાતે થઈ હતી. જેમાં શા. પી.પી. સ્વામી, શા. વિશ્વસ્વરૂપ સ્વામી અને શા. હરિજીવનદાસજી

(હિંમતનગર મહંતશ્રી) એ કથા વાર્તાનો લાભ આપેલ. ૧૯ મી સભા તા. ૨૧-૯-૧૨ ના રોજ સમૌ ગામે થઈ હતી. જેમાં પી.પી. સ્વામી, શા. રામ સ્વામી અન શા. ચેતન સ્વામીએ કથા વાર્તા કરીને લાભ આપેલ. ૨૦ મી સભા તા. ૨૩-૯-૧૨ ના રોજ લોદરા ગામે થઈ હતી. જેમાં શા. પી.પી. સ્વામી, શા. રામ સ્વામી અને અભય સ્વામીએ સુંદર કથા વાર્તા કરીને મહારાજને ઓળખવા માટેની વાતો કરી હતી.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર (રાજ.) પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી અને અત્રેના મહંત શા.સ્વા. દેવસ્વરૂપદાસજીની પ્રેરણાથી પ.ભ. મોહનલાલ ઠાકોરલાલના યજમાન પદે શ્રાવણ વદ-૫ ના જયપુર મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો. ઠાકોરજીને અભિષેક, પંડિતો દ્વારા મહાપૂજા અને અન્નકૂટ આદિ ધામધૂમથી સંપન્ન થયા. પ્રાસંગિક સભામાં પૂ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી અને શા. હરિપ્રકાશદાસજી (મકનસર)એ આશીર્વાદ આપી હરિભક્તોને રાજી કર્યા હતા.

(કૃષ્ણ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં કથા પારાયણ-જલઝીલણી અને મહામંત્ર ધૂન્ય**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા.સ્વા. માધવપ્રસાદદાસજીના માર્ગદર્શનથી તા. ૩-૯-૧૨ થી તા. ૯-૯-૧૨ પર્યન્ત પ.ભ. અંબાલાલ મગનદાસ પટેલ (શિલજ)ના યજમાનપદે અને સ.ગુ.શા. સ્વા. હરિૐપ્રકાશદાસજી (નારણપુરા મહંત)ના વક્તા પદે સંગીત સાથે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ થઈ હતી. જેમાં કથામાં આવતા ઉત્સવો ઉજવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા માટે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે મહાપ્રસાદની વ્યવસ્થા દેવ સ્વામી અને પ્રેમસ્વામીએ કરી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી તા. ૨૬-૯-૧૨ જલઝીલણી એકાદશીનો વરઘોડો ખૂબજ ભવ્યતાથી ઉજવાયો. બપોરે ૧-૩૦ થી નારણપુરાથી પ્રારંભ થયો. જેમાં રાસ મંડળી શણગારેલા ટ્રેકટરો, બેન્ડ પાર્ટી, ભૂંગળ, તડતડીયા, શરણાઈ શણગારેલ આઈસર ગાડી-૨, બગી, અને ૩૦૦ સાફાધારી યુવકોની બાઈક સવારી અને ૫૦ ગાડીઓ જોડાઈ. ધામો ધામના સંતો પણ પધાર્યા હતા. આવા ભવ્ય વરઘોડામાં જ્યારે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન થતા સૌનો ઉત્સાહ ઉમંગની કોઈ સીમા ન રહી ! સત્સંગી બહેનો પદયાત્રામાં મોટી સંખ્યામાં જોડાઈ હતી. આવી ભવ્ય શોભાયાત્રા અમદાવાદના રાજમાર્ગો ઉપર પસાર થતી સાંજે ૪-૦૦ વાગ્યે નારણઘાટ મંદિર પહોંચી. જ્યાં પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કાલુપુર તથા નારણપુરાના ઠાકોરજીના તેમજ પરા વિસ્તારમાંથી આવેલ શ્રી ગણપતિજીનું પણ પૂજન અર્ચન થયું. પૂજન બાદ પૂ. લાલજી મહારાજશ્રી સાથે નારણઘાટ મંદિરના મહંત દેવ સ્વામી અને નારણપુરાના માધવ સ્વામીએ ઠાકોરજીને જળ ઝિલાવ્યા હતા. અને વિસર્જન વિધિ પૂર્ણ થઈ હતી. સાબરમતીના કાંઠે જળ ઝિલવાની સુંદર વ્યવસ્થા નારણઘાટના મહંત શા.પી.પી. સ્વામીએ કરી હતી. ઠાકોરજીનો રાતવાસો યજમાન અ.નિ. ભગવાનદાસ શિવદાસ પટેલ પરિવારના પ.ભ. ઘનશ્યામભાઈ (ફુવા) અને તેમના ભાઈ નટવરભાઈ પટેલને ત્યાં રાખવામાં આવેલ. રાત્રે ૯ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં કીર્તનકાર શ્રી હસમુખ પાટડીયા અને હાસ્ય કલાકાર ધનસુખ ટાંકનો સુંદર કાર્યક્રમ થયો હતો. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી રાત્રે પધાર્યા હતા અને યજમાન પરિવારના બહેનોના રૂડા આશીર્વાદ આપ્યા હતા.

બંને ભાઈઓને ત્યાં મહાપૂજાનું સુંદર આયોજન મહંત શા. હરિૐપ્રકાશદાસજી દ્વારા થયું હતું. મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. આ પ્રસંગે ધામોધામના સંતો અને હજારો હરિભક્તોની વિશાળ સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. અને તેમની સેવાને બિરદાવી હતી. યજમાન પરિવારના અશ્વિનભાઈ, વિપુલભાઈ આદિ પરિવાર અને સગા સ્નેહીઓએ સુંદર લાભ લઈ પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા.

<u>શ્રાધ્ધપક્ષમાં મહાપૂજા-મહામંત્ર ધૂન્ય</u>

તા. ૧૦-૧૦-૧૨ ભાદરવા વદ-૧૦ શ્રીહરિ અંતર્ધાન તિથિ નિમિત્તે પ.ભ. નરેશભાઈ ભાવસાર તથા પ.ભ. હિતેશભાઈ સોનીના યજમાન પદે સુંદર મહાપૂજા મહંત સ્વામી તથા પાઠશાળાના ભૂદેવોએ એ કરાવી હતી.

મહાપૂજાના અંતે પ્રસાદ જમાડવામાં આવેલ. સાંજે ૪ થી ૬-૩૦ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય થઈ હતી. વિશાળ સંખ્યામાં હરિભક્તોએ ધૂન્યનો લાભ લીધો હતો.

(પટેલ ઘનશ્યામભાઈ ઉવારસદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વાર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી આનંદજીવનદાસજીની પ્રેરણાથી અત્રે આપણા હરિદ્વાર મંદિરમાં પુરુષોત્તમ માસમાં કથા પારાયણ

યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ પારાયણ પ.ભ. બચુભાઈ ટેક્ષીવાળા પરિવાર તરફથી અને બીજી પારાયણ બિલિયા સિધ્ધપુરના હરિભક્તો અને ત્રીજી પારાયણ નારણપુરાના હરિભક્તો રણછોડભાઈ પટેલ અને ચંદ્રકાન્તભાઈ પટેલ આદિ તરફથી થઈ હતી. જ્યારે ચોથી પારાયણ પ.ભ. માવજીભાઈ આંબાભાઈ ધડુક તથા ચિ. ધ્રુવ (અભરામપુર સાવર કુંડલા) તથા વાડજના રેખાબેન કનુભાઈ પટેલ અને ગૌરાંગભાઈ આદિએ લાભ લઈ શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો. (કોઠારી હરિપ્રકાશદાસ)

**શ્રી પ્રભા હનુમાનજી જમીયતપુરા સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૭-૧૦-૧૨ ને રવિવારે પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની અંતર્ધાન તિથિ નિમિત્તે શા. ઘનશ્યામ સ્વામીના વક્તાપદે સુંદર સભા થઈ હતી. આ પ્રસંગે નારણપુરાના મહંત સ્વામી હરિૐપ્રકાશદાસજીએ પણ કથા વાર્તાનો લાભ આપેલ. અન્ય સંતોમાં પૂ. શ્યામ સ્વામી, ચૈતન્ય સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સંતોએ દેવ, ધર્મકુળના કૂળ દેવતા શ્રી હનુમાનજી મહારાજનું માહાત્મય સુંદર રીતે કહ્યું હતું.

કથાના અંતે આરતી કરી હરિભક્તોએ પ્રસાદનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. સભા સંચાલન પ.ભ. ઘનશ્યામભાઈ પટેલે (ઉવારસદ) સુંદર રીતે શોભાવ્યું હતું.

(મહંત સ્વા. વિજયપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજીના માર્ગદર્શનથી અ.નિ. ગવૈયા સ્વામીના શિષ્ય પૂ. હરિજીવન સ્વામી અને બળદેવ સ્વામી આદિ સંતોએ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગરમાં પુરુષોત્તમ માસમાં તા. ૮-૯-૧૨ ના રોજ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન્ય હજારો હરિભક્તોએ સાથે મળી કરી હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને હરિભક્તો માટે દર્શન ખુલ્લાં મૂક્યા હતા. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. મોટા પી.પી. સ્વામી, શા. ઘનશ્યામ સ્વામી (માણસા), સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી (કાલુપુર) શા.સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર) અને પ્રાંતિજ મંદિરના મહંત સ્વામી માધવપ્રસાદદાસજીએ સુંદર પ્રેરણાત્મક ઉદ્‌બોધન કર્યું હતું.છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. તા. ૨૫-૯-૧૨ ના રોજ પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી સાંખ્યયોગી બાઈઓ સાથે પધાર્યા હતા. અને બહેનોને રૂડા આશીર્વાદ આપીને અતિ પ્રસન્ન થયા હતા. (કોઠારી ભીખુભાઈ ડાભી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ પંચમ જ્ઞાનસત્ર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે બોપલ આપણા મંદિરમાં તા. ૧૦-૯-૧૨ થી તા. ૧૬-૯-૧૨ પર્યન્ત પંચમ જ્ઞાન સત્ર અંતર્ગત શ્રીમદ્‌ ભાગવત દશમ સ્કંધ કથા પ.ભ. હિમંતભાઈ પડશાળા (મુખ્ય યજમાન)ને ત્યાંથી પોથીયાત્રા કાઢીને મંદિરમાં પધરાવવામાં આવેલ. શા.સ્વા. ધર્મવલ્લભદાસજી તથા શાસ્ત્રી વ્રજવલ્લભદાસજીએ વક્તાપદે વિરાજીને સુંદર કથામૃત પાન કરાવેલ. સમગ્ર આયોજન શા.સ્વા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી કોઠારી અમૃતભાઈ પટેલ અને અરવિંદભાઈ સેંધાભાઈ પટેલ અને ભાઈઓ અને બહેનોના સાથ સહકારથી થયુ હતું. કથામાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. જેમાં શ્રી લક્ષ્મણભાઈ ઠાકોર, રણજીતસિંહ વાઘેલા, દિલીપભાઈ પટેલ તથા જગદીશભાઈ દરજી વગેરેએ પ્રસંગમાં યજમાન બની લાભ લીધો હતો.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને 'ગોવર્ધન અન્નકૂટ'ની આરતી ઉતારીને સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

મંદિરના મહંત સ્વામી હરિવલ્લભદાસજી અને હરિનંદન સ્વામીએ મંદિર સુશોભન અને સભા સંચાલન કરીને સૌને રાજી કર્યા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે સૌ ભક્તો પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. (પ્રવિણભાઈ ઉપાધ્યાય)

**પાટડી શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ઘરે ઘરે ઠાકોરજીની પધરામણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રે બાઈઓના મંદિરના પૂજારી સાં. શાંતાબાની પ્રેરણાથી શ્રાધ્ધ પક્ષમાં ઘેર ઘેર ઠાકોરજીની પધરામણી કરવામાં આવી હતી. રાત્રે તમામ સત્સંગીઓએ ઉપસ્થિત રહીને ધૂન, ભજન, કીર્તન કર્યા હતા. આ પ્રસંગે જેતલપુર ધામથી શા. ભક્તિનંદન સ્વામી, શા. ઉત્તમપ્રિય સ્વામી અને વિદ્યાર્થી સાધુ આનંદ સ્વરૂપદાસ (અક્ષર મહોલવાડી) આદિ સંતોએ હરિભક્તોને કથા વાર્તાનો લાભ આપ્યો હતો. રાત્રે વચનામૃતની કથા તથા વિવિધ ભક્તોના આખ્યાનોની કથા કરી ભક્તોને રાજી કર્યા હતા. શ્રી નરનારાયણદેવની નિષ્ઠા વધે તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મળે તેવા પ્રયાસ હરિભક્તો દ્વારા કરવામાં આવેલ. અમાસના દિને ઠાકોરજીને થાળ તથા હરિભક્તો માટે પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

(કોઠારી નારણભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુપુરા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પવિત્ર અધિક માસમાં માણસા શ્રી રાધાકૃષ્ણદેવની છત્રછાયાના ગામ બાપુપુરા ગામમાં વિદુર નીતિ પારાયણ માણસા મહંત સ્વામી શા. ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તા પદે થઈ હતી. જેના

યજમાન ચૌધરી રમણભાઈ વેલજીભાઈ રહ્યાં હતા. કથા નિલકંઠ મહાદેવ મંદિરમાં યોજાઈ હતી. આ પ્રસંગમાં કોઠારી રમણભાઈ, પોપટભાઈ, જેસંગ સ્વામી, લાલભાઈ અને પંડિતની સેવા પ્રેરણારૂપ હતી. હરિભક્તોએ કથામૃતપાન કરી ધન્ય બન્યા હતા. (ગવૈયા ચંદ્રપ્રકાશદાસ)

**દિયોદર (બનાસકાંઠા)માં સત્સંગ સભા**

સર્વોપરિ શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૮-૧૦-૧૨ ના રોજ પ.ભ. દિલીપભાઈ ઠક્કરના ઘરે સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી અને શા. માધવપ્રિયદાસે નવ ધામ મહિમાની વાતો કરી સત્સંગીઓને રાજી કર્યા હતા. (દિયોદર સત્સંગ સમાજ)

**મારૂસણામાં સત્સંગ સભા**

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૯-૧૦-૧૨ ના રોજ મારૂસણા ગામે ઉમિયા માતાજીના ચોકમાં જાહેર સત્સંગ સભા થઈ હતી. જેમાં શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી અને શા. માધવપ્રિયદાસજીએ કથાનો સુંદર લાભ આપેલ. ગામના તમામ હરિભક્તોએ કથાવાર્તાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (જીવણભાઈ પટેલ)

**ચાણસ્મા ગામે સત્સંગ સભા**

સર્વોપરિ શ્રીહરિની કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૬-૧૦-૧૨ ના રોજ ચાણસ્મા ગામે સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી અને શા. માધવ સ્વામીએ શ્રી નરનારાયણદેવના મહિમા માહાત્મ્ય અને ધર્મકુળની આજ્ઞામાં રહી ભજન ભક્તિનું અંગ રાખવા ટકોર કરી હતી.

(બાબુભાઈ કોઠારી)

**ડીસામાં સત્સંગ સભા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ડીસા ગામે શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી અને શા. માધવ સ્વામીએ સુંદર કથામાં ભગવાનનું મહિમા માહાત્મ્ય અને ધર્મકુળનું માહાત્મ્ય કહ્યું હતું. હરિભક્તો ખૂબજ રાજી થયા હતા. (ગુણવંતભાઈ)

**અમદાવાદ શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૪-૧૦-૧૨ ના રોજ શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળના બાળકોને યાત્રા પ્રવાસમાં હિંમતનગર, સાપાવાડા, ટોરડા અને પ્રાંતિજ મંદિરમાં ઠાકોરજીના દર્શન સાથે દરેક મંદિરના મહંત સ્વામીએ જે તે સ્થાનનો મહિમા સમજાવેલ. બાળકો પણ દર્શન સાથે જ્ઞાન-ગોષ્ઠિ કરી આનંદિત થયા હતા.

આ આયોજનમાં પ.ભ. રતિભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી) તથા બાપુનગરના રાકેશ ભગતે સારો સહયોગ આપ્યો હતો. (ગોપાલભાઈ મોદી)

**ઉણાદ (તા. વડનગર) સત્સંગ સભા**

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તા. ૨૫-૧૦-૧૨ ને ગુરુવારના શુભ દિને દંઢાવ્ય દેશના ઉણાદ તા. વડનગરમાં દિવ્ય સત્સંગ સભાનું આયોજન થયું.

વક્તા તરીકે પ.ભ. શ્રી ઉદયનભાઈ મહારાજા (વિસનગર) એ વચનામૃતનાં સિદ્ધાંતો તથા ધર્મકુળના મહિમાની કથા કરી, જેનો સમગ્ર ગ્રામજનોએ અલૌકિક લ્હાવો લીધો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગર દ્વારા કીર્તન-ભક્તિ કરવામાં આવી હતી. (તુલસીભાઈ પટેલ, ઉણાદ)

**લુણવા (તા. ખેરાલુ) સત્સંગ સભા**

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તા. ૧૩-૧૦-૧૨ ને શનિવારના શુભ દિને દંઢાવ્ય દેશના ગામ લુણવા (તા. ખેરાલુ) દિવ્ય સત્સંગ સભાનું આયોજન થયું.

વક્તા તરીકે પ.ભ. શ્રી ઉદયનભાઈ મહારાજા (વિસનગર) દ્વારા ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંતોની કથા થઈ. જેનો સમગ્ર ગ્રામજનોએ અલૌકિક લ્હાવો લીધો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, વિસનગર દ્વારા કીર્તન-ભક્તિ કરવામાં આવી હતી. (સુમતિલાલ ભાવસાર, લુણવા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**મૂળી મંદિર સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભાશીર્વાદથી મુળી મંદિરમાં ભાદરવા સુદ-૧૫ ના શુભ દિને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન મહંત સ્વામી શ્યામસુંદરદાસજીએ કર્યું હતું. સત્સંગ સભાના વક્તા પદે શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) હતા. આ પ્રસંગે શા.સ્વામી સૂર્યપ્રકાશદાસજી (વાંકાનેર), સ્વામી ભક્તિહરિદાસજી (ધ્રાંગધ્રા), મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) વગેરે સંતો ઉપસ્થિત રહેલા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા ને પોતે જાહેરાત કરેલ કે આગામી દિવસોમાં મૂળી દેશના નાના-નાના બાળકોના સત્સંગ માટે, બાળકોમાં સત્સંગના સંસ્કાર માટે એક સુંદર સત્સંગ શિબિર પ.પૂ. લાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને થશે. સમગ્ર પ્રસંગનું સંચાલન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી

(સુરેન્દ્રનગર)એ કર્યું હતું. મોટી સંખ્યામાં ઝાલાવાડ પ્રદેશના હરિભક્તોએ લાભ લીધો હતો. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**રણજીતગઢ દેરિયારી તળાવ (તા. હળવદ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ્વામી ભક્તિહરિદાસજી (ધ્રાંગધ્રા મંદિર)ની પ્રેરણાથી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને નિલકંઠ વર્ણી સ્વરૂપે જ્યાં શિંગડીયો વછનાગ નામની ઝેરી વનસ્પતિના પાન જમી તલાવડીમાં સ્નાન કરી શિવાલયમાં રાતવાસો કરી જે ભૂમિને તીર્થરૂપ બનાવી હતી. જ્યાં દર વર્ષે ભાદરવા વદમાં સમૈયાનું આયોજન થાય છે. જે પરંપરા મુજબ આ વર્ષે પણ સોમવતી અમાસે તા. ૧૫-૧૦-૧૨ ના રોજ ભવ્ય સમૈયામાં પ્રારંભમાં શ્રી નિલકંઠ વર્ણીની મૂર્તિની ભવ્ય શોભાયાત્રા અને ધામોધામથી પધારેલા વિદ્વાન સંતો દ્વારા શ્રી રાધાકૃષ્ણદેવનો દૃઢ આશ્રય અને ધર્મકુળનો મહિમા- કથાવાર્તા, પ્રસાદીની છત્રીનું પૂજન આરતી, ફટાકડાની આતશબાજી અને તળવામાં ભગવાનનો ભવ્ય અભિષેક ઉત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવ્યો હતો. જેમાં ઘણા હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

(અનિલભાઈ બી. દુધરેજીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સાધુ ભક્તવત્સલદાસની પ્રેરણાથી અધિક માસમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા પારાયણ અને સમૂહ મહાપૂજા કરવામાં આવી હતી. કોઠારી વંદનપ્રસાદદાસે કથામૃતપાન કરાવ્યું હતું. (કોઠારી સ્વામી)

## વિદેશ સત્સંગ સમાચાર

**અમેરિકાની ધરતી ઉપર શ્રી સ્વામિનારાયણ મંદિર સીનેમીન્સન (જેતલપુરધામ)નો પંચમ વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો**

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા અ.સૌ. પૂ. મોટા ગાદીવાળાશ્રીના સંપૂર્ણ રાજીપાથી તેમજ વડનગર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી તથા સીનેમીન્સન શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી (વડનગર) તથા શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજીના માર્ગદર્શન અને સીનેમીન્સન શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રેસિડેન્ટ પ.ભ. રાજેશભાઈ બી. પટેલ (વડુવાળા) તથા સ્થાનિક કમિટિ સભ્યો અને સમસ્ત હરિભક્તોના સાથસહકારથી અમેરિકાના શ્રી સ્વામિનારાયણ મંદિર સીનેમીન્સન (જેતલપુરધામ)નો પંચમ વાર્ષિક પાટોત્સવ તા. ૨૭ ઓગસ્ટ ૨૦૧૨ થી તા. ૨ સપ્ટેમ્બર ૨૦૧૨ સુધી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સાનિધ્યમાં તેઓના શુભ વરદ્ હસ્તે ધામધૂમથી ઉજવાયો હતો.

આ પંચમ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ભક્તિશાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણનું તા. ૨૭ ઓગસ્ટ-૧૨ થી તા. ૨ સપ્ટેમ્બર-૧૨ સુધી મંગલમય કલ્યાણકારી આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે વડનગર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ વ્યાસાસને બિરાજી કથામૃત રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે ધામધૂમથી 'પોથીયાત્રા' નું મંગલ આયોજન કરી કથાપારાયણનો પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે જ અ.સૌ. પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પધારી તમામ બહેનોની ભક્તિ ભાવનામાં વૃધ્ધિ કરી હતી. આ શુભ પ્રસંગે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૨૮ ઓગસ્ટ-૧૨ ના રોજ સાંજના ૬-૩૦ કલાકે સીનેમીન્સન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પધાર્યા ત્યારે તમામ યુવાન, વડીલ હરિભક્તો તેમજ બહેનોએ વાજીંત્રો સાથે અને કીર્તન ભક્તિના ગાન તાન સાથે મંદિરના મુખ્ય પ્રાંગણના ગેટથી સ્વાગત સામૈયું કરી હરખભેર વધાવી મંદિરમાં પધરાવ્યા હતા. ત્યારબાદ પૂ. આચાર્ય મહારાજશ્રી દર્શન કરી કથાના મંચ ઉપર પધાર્યા હતા. અને સૌને દર્શન આપતા સતા કથા શ્રવણ કરી સંધ્યા આરતી કરવા પધાર્યા હતા.

ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તા. ૨૯ ઓગસ્ટ-૧૨ અને તા. ૩૦ ઓગસ્ટ-૧૨ ના રોજ સંતો-હરિભક્તોની સાથે હરિભક્તોના ઘેર પધરામણી કરી હતી. તેમજ તા. ૩૦ ઓગસ્ટ-૧૨ ના રોજ પંચમ પાટોત્સવ અંગભૂત 'શ્રીહરિયાગ'નો મંગલમય પ્રારંભ સવારે ૯-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો. જે હરિયાગમાં ૧૯૦ થી વધારે યજમાનોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ શુભ પ્રસંગે ૨૧ કુંડી યજ્ઞનું મંગલમય કલ્યાણકારી આયોજન સૌને માટે અત્યંત આકર્ષક બન્યું હતું. તેમજ સમૂહ મહાપૂજા અને મેડીકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ શુભ પ્રસંગે તા. ૧ સપ્ટેમ્બર-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શોભાયાત્રાનો બપોરે ૩-૩૦ કલાકે ધામધૂમથી વાજીંત્રોના ધ્વનિ અને જયઘોષથી સંતો હરિભક્તો સાથે દબદબા પૂર્વક હાઈ-વે ઉપર વોલમાર્ટથી પ્રારંભ થયો હતો. જેમાં સીનેમીન્સન, એડીસન, વીહોકન, હ્યુસ્ટન, ડેટ્રોઈટ, શીકાગો, ફલોરીડા, કલિવલેન્ડ વિગેરેથી પધારેલા સંતો પણ શોભાયાત્રામાં જોડાયા હતા. આ શોભાયાત્રામાં સીનેમીન્સન

સીટીના મેયરશ્રીએ પણ હાજરી આપી પૂ. આચાર્ય મહારાજશ્રીનું અભિવાદન કરી શણગારેલ ફ્લોટમાં નીચે સંતોની સાથે સ્થાન લીધું હતું. શોભાયાત્રામાં ભાઈઓ-બહેનોએ ગાનતાન સાથે કીર્તનોની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં પધારી વિધિસર 'શ્રીહરિયાગ'ની પૂર્ણાહુતિ કરી હતી. રાત્રે ૮-૩૦ થી ૧૨-૩૦ સુધી 'ગુંદાળી ગામના કાઠી હરિભક્તોએ સંતોનો પક્ષ રાખેલો એ નાટક તથા પિબેકનો શ્રી નિલકંઠવર્ણીએ પરાજ્ય કર્યો એ નાટક તથા 'શ્રી હનુમાન ચાલીસાં' ઉપર અભિનય વિગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો નાના તેમજ મોટા યુવાનોએ રજૂ કર્યા જેને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો-હરિભક્તોએ નિહાળી યુવાનોની કળા અભિનયને બિરદાવ્યા હતા. બહેનોએ પણ સત્સંગ લક્ષી નાટકો તેમજ રાસ ગરબાનો અનોખો કાર્યક્રમ રજૂ કર્યો હતો.

તા. ૨ સપ્ટેમ્બર-૧૨ ના રોજ વહેલી સવારે ૮-૦૦ વાગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ વેદોક્ત વિધિઅનુસાર શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ શ્રી નરનારાયણદેવ, શ્રી રેવતી બળદેવજી મહારાજ, શ્રી રામ પરિવાર, શ્રી શિવ પરિવાર, શ્રી સૂર્યનારાયણદેવ, શ્રી વિઘ્ન વિનાયક દેવ, શ્રી હનુમાનજી મહારાજનું પૂજન અર્ચન કરી શ્રીહરિનો પંચામૃત કેશરજળ, વડે અભિષેક શરૂ કર્યો ત્યારે હજારો હરિભક્તોએ હર્ષભેર જયનાદ કરી દેવદુર્લભ અલભ્ય લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ 'શ્રીહરિકૃષ્ણ મહારાજ'ની પંચમ પાટોત્સવ નિમિતે રજત (ચાંદી) તુલા પોતાના શુભ વરદ્ હસ્તે કરી ત્યારે હજારો હરિભક્તોએ 'જય જયના નાદ' સાથે શ્રીહરિકૃષ્ણ મહારાજની તુલાવિધિના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ સભાનું આયોજન થયું. જેમાં સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ગ્રંથ અને વક્તાનું પૂજન કરી કથાની પૂર્ણાહુતિની આરતી કરી હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન અને આરતી કરી યજમાનશ્રી તેમજ હરિભક્તોએ અલભ્ય લાભ લીધો હતો. આ પ્રસંગે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ દાતાઓ તેમજ યજમાનશ્રીઓનું સન્માન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભાના કાર્યક્રમમાં સ.ગુ.શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ હરિભક્તોની ભક્તિ ભાવના બિરદાવતા પ્રસંગની શાનદાર સફળતાને શબ્દોમાં વર્ણવી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે સભામાં સ.ગુ.શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર મહંત), સ.ગુ. શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી (ધોલકા મહંત), સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ), સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજી (હ્યુસ્ટન), સ.ગુ. શા.સ્વામી વિવેકપ્રસાદદાસજી (ફ્લોરીડા), સ.ગુ. શા.સ્વા. વ્રજવલ્લભદાસજી વિગેરેએ પ્રેરક પ્રવચન દ્વારા પ્રસંગને બિરદાવ્યો હતો, તેમજ શા.સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી (કલોનિયા) તથા શા.સ્વા. સર્વેશ્વરદાસજી (ડીટ્રોઈટ) તથા શા.સ્વામી શાન્તિપ્રકાશદાસજી (શિકાગો) તથા શા.સ્વામી ધનશ્યામ સ્વામી (વિહોકન) વિગેરે સંતોએ મૌન આશીષ પાઠવી પ્રસંગને દીપાવ્યો હતો.

અંતમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સીનેમીન્સન શ્રી સ્વા.ના. મંદિરના પંચમ પાટોત્સવ પ્રસંગે નિયમ, નિશ્ચય, પક્ષ, આજ્ઞા અને ઉપાસના ઉપર ભાર મૂકી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ અહીં સહુ હરિભક્તોમાં સર્વોત્તમ જોવા મળે છે. તેમ કહી સૌ હરિભક્તોના ઉત્સાહને બિરદાવી પ્રોત્સાહન આપી રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં મંદિરના પ્રેસિડેન્ટ પ.ભ.શ્રી રાજેશભાઈ બી. પટેલે આભાર વિધિ કરી હતી. આ પ્રસંગનું આયોજન અને સભા સંચાલન શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ દીપાવી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શાસ્ત્રી અભિષેકપ્રસાદદાસજી દ્વારા સંકલન કરેલ ''શ્રી વર્ણિરાજ ચરિત્ર'' પુસ્તકનું વિમોચન કરાવી પુસ્તકના યજમાન પ.ભ. પટેલ નવીનભાઈ ઘનશ્યામભાઈ (રાજપુરવાળા) અને પ.ભ. પટેલ મનોજભાઈ લક્ષ્મણભાઈ (ડાંગરવાવાળા)નું બહુમાન કરાવ્યું હતું, છેલ્લે સ્વામિનારાયણ મહામંત્રની ધુન અને મહાપ્રસાદ સાથે પંચમ વાર્ષિક પાટોત્સવ મહોત્સવની પૂર્ણાહુતિ દબદબાપૂર્વક કરવામાં આવી હતી.

(શા. વિશ્વપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વોશિંગ્ટન ડી.સી. (આઈ.એસ.એસ.ઓ.) અમેરિકા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે આપણા મંદિરમાં દર શનિવારે રેગ્યુલર સત્સંગ સભા થાય છે. (સપ્ટેબરની ૧, ૮, ૧૫, ૨૨ અને ૨૯) ૧૯ તારીખે શ્રી ગણેશચતુર્થી ઉજવવામાં આવી હતી. સમૂહમાં શ્રી ગણેશજીનું પૂજન કરવામાં આવ્યું હતું. તા. ૨૬-૯-૧૨ ના રોજ જલઝીલણી એકાદશીના સમૂહમાં ભજન-કીર્તન કરવામાં આવેલ તેમજ દરેક પૂનમે પણ ભજન કીર્તન કરવામાં આવે છે. તા. ૨૨ મી ના પણ ૫ થી ૯ ભજન કીર્તન કરવામાં આવ્યા હતા. દર વખતની સભામાં નવા નવા મુમુક્ષુઓ જોડાય છે. નંદ સંતો રચિત કીર્તન અને વચનામૃત (૨૭૩) વાચન, જનમંગલ નામાવલિ, ધૂન્ય, થાળ, આરતી અને ચેષ્ઠા બાદ પ્રસાદ લઈ સૌએ શ્રીહરિ સ્મરણ કરતા વિદાય લીધી હતી. (કનુભાઈ પટેલ)

**કોલોનીયામાં પ.પૂ. મોટા મહારાજશ્રી**

શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં પ.પૂ. મોટા મહારાજશ્રી એકાદશી પર્વ નિમિત્તે સૌ ભક્તોને દર્શન આપવા પધાર્યા હતા. સાથે અમદાવાદ મંદિરના મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, જેતલપુરધામના મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, તથા શા.સ્વા.

હરિપ્રકાશદાસજી (મકનસર), છપૈયાધામના બ્રહ્મચારી સ્વામી અને હ. પાર્ષદ કનુ ભગત સાથે પધાર્યા હતા. એકાદશી પર્વ હોવાથી મંદિર કીર્તન ભક્તિથી ગાજી ઉઠ્યું હતું. સૌ પ્રથમ હરિભક્તો દ્વારા પ.પૂ. મોટા મહારાજશ્રીનું અને સંતોનું ડી.કે. સ્વામીએ ફુલહારથી સ્વાગત કર્યું હતું.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી અને શા. હરિપ્રકાશદાસજી આદિ સંતોએ દેવ, આચાર્ય પરત્વે ખૂબજ નિષ્ઠા રાખી ભગવાનને ભજવા ઉપર ભારપૂર્વક જણાવ્યું હતું. છેલ્લે **પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે આપણા સૌનું જોડાણ આ મંદિર છે. મંદિર દ્વારા મંગળા, સંધ્યા, રાજ ભોગ, શયન આરતી, આમ મહારાજનો ઘંટારવ ચાલુ જ રાખશે. મહારાજે સ્વયં શ્રી નરનારાયણદેવ પધરાવ્યા છે. માટે આપણા સૌના ઉપર શ્રીજી મહારાજનું જોડાણ ખૂબજ છે. જોડાણ વિના કોઈ પણ લક્ષાંક સિધ્ધ થતો નથી. શ્રીજી મહારાજે સૌ પ્રથમ નરનારાયણદેવને ખૂબજ પ્રેમથી પધરાવ્યા છે. મહારાજે જણાવ્યું છે કે અમારા અને આ નરનારાયણદેવમાં લેશમાત્ર ફર્ક નથી. આપણને સૌને આવો અદ્‌ભુત સમય મળ્યો છે તો જરૂરથી ભગવાનને ભજશો અને પૂજશો. જીવન પર્યંત આપણે જે ક્રિયા કરીએ છીએ તે જ આપણું કલ્યાણ છે. એકાદશીનું વ્રત કરીએ તો આપણે સારા સત્સંગી કહેવાઈએ. એકાદશી પર્વ આપણા પર નિયંત્રણ રાખવાનું પર્વ છે. ખૂબજ આનંદ થયો કે આપ સૌ આવા પવિત્ર દિવસે સત્સંગ કરો છો, આવો જ સત્સંગ ખૂબજ સુમેળથી કરશો તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.**

**કોલોનીયા મંદિરમાં ભાગવત પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં શ્રીમદ્‌ ભાગવત દશમ સ્કંધ કથા ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર સુધી એલ.એ. મંદિરના મહંત શા.સ્વા. ધર્મકિશોરદાસજીના વક્તાપદે હિન્દી ભાષામાં થઈ હતી. આ કથાનું શ્રવણ કરવા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી અને પૂ. બિન્દુરાજા પણ પધાર્યા હતા. સંતોમાં અત્રે કોલોનીયા મંદિરના મહંત સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, શા. નરનારાયણદાસજી આદિ સંતો અને કથા પ્રેમી હરિભક્તોએ કથામાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. કથામાં સેવા કરનારનું સન્માન મહંત સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરોન્ટો, કેનેડા ખાતે પરમ પૂજ્ય શ્રી મોટા ગાદીવાળાશ્રીની પધરામણી**

આપણા લાડીલા અને પૂજનીય ધર્મકુળની દિવ્યતા અને પવિત્રતા વિશે એક મુમુક્ષુ બહેનનો અનુભવ એમનાં જ શબ્દોમાં વર્ણવતા ખૂબ જ આનંદ અને રોમાંચ થાય છે.

"મારા માતા-પિતાના ઘરે ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉપાસના નહોતી અને મારા લગ્ન સત્સંગી પરિવારમાં થયા. મારા પતિને સ્વામિનારાયણ ભગવાન અને ધર્મકુળ પ્રત્યે પૂર્ણ શ્રધ્ધા, સંતો સાથે અને જ્ઞાની હરિભક્તો સાથે સત્સંગ કરી તેમનો નિશ્ચય અને નિષ્ઠા પાકી થઈ ગઈ હતી. અને મને મનમાં ઊઠતાં પ્રશ્નોના યોગ્ય રીતે સમજાવટથી ઉત્તરો પણ આપતા હતા. છતાં હૃદયમાં ભગવાન પ્રત્યે સાચી ભક્તિનો અનુભવ ન હતો થતો. આજે મારા પુણ્યના પ્રતાપે પૂ. ગાદીવાળાશ્રીના દિવ્ય દર્શનનો અને એમની અમૃતવાણી સાંભળવાનો લાભ મળ્યો. ધીરે ધીરે સત્સંગ દરમ્યાન જ મનમાં થતા તર્ક-કુતર્કો બંધ થઈ ગયા. અને એક દિવ્ય શાંતિનો અનુભવ થયો. એક દિવ્ય અનુભૂતિ થઈ ગઈ કે ભગવાન સ્વામિનારાયણ અને એમના સ્થાન પર આરૂઢ ધર્મવંશી પરિવાર દિવ્ય અને સત્ય છે. ભગવાન પ્રત્યે મારો વિશ્વાસ અને શ્રધ્ધા દૃઢ બન્યા. હવેથી ભગવાનની ભક્તિ કરવાનો એક અનેરો જ આનંદ આવે છે.

આ છે એક સાક્ષાત્‌ પુરાવો - હવે આ મુમુક્ષુ બેન સાચી રીતે સત્સંગી બનશે અને પરિવારમાં પણ સ્વામિનારાયણ સત્સંગના સંસ્કારો દૃઢ કરશે.

ઉપરોક્ત પ્રસંગ પ.પૂ. અખંડ સૌભાગ્યવંતા શ્રી મોટા ગાદીવાળાશ્રીની ટોરોન્ટો, કેનેડા ખાતેની પધરામણી દરમ્યાન બન્યો હતો.

કેનેડાના સત્સંગ સમુદાયના પ્રેમભર્યા આમંત્રણને માન આપીને પોતાના દિવ્ય દર્શનનો અને અમૃતવાણીનો લાભ આપવા પ.પૂ. મોટા ગાદીવાળા બા સાંખ્યયોગી પૂ. મંજુબા અને બહેનો હરિભક્તો સાથે તા. ૨૩, ૨૪, ૨૫ સપ્ટેમ્બર-૨૦૧૨ દરમ્યાન ટોરોન્ટો ખાતે પધાર્યા હતા.

પૂ. બાના આગમનના સમાચાર સાથે જ મંદિરમાં સત્સંગી બહેનોએ ઉત્સાહભેર તૈયારી શરૂ કરી દીધી. રવિવારે સાંજે ૩-૩૦ થી ૭-૦૦ વાગ્યા સુધી સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સમયસર મંદિરમાં પધારી મનમોહક ઘનશ્યામ મહારાજના દર્શન કરી ખૂબ રાજી થયા. સૌ પ્રથમ ગણપતિજીની આરતી કરીને ગણેશચતુર્થીની ઉજવણી કરી. ત્યારબાદ સૌએ પૂ. બાનું ઉમળકાભેર ફુલહારથી સ્વાગત કર્યું અને સત્સંગશિબિરની શરૂઆત કરી. સ્ત્રીના જીવનમાં દરેક વિષયોને આવરી લેતા અટપટા પ્રશ્નોને પોતાની સરળ શૈલીમાં સમજણ સાથે અમલમાં મુકી શકાય એવા-ઉત્તરો આપીને સૌને સંતોષ આપ્યો. એક સ્ત્રી તરીકે પારિવારિક સામાજિક અને વ્યવસાયિક જવાબદારી નિભાવીને પણ પોતાનો આધ્યાત્મિક વિકાસ કેવી રીતે કરવો તે સમજાવ્યું.

સોમવારે ૨૪ મી સપ્ટેમ્બરે સાંજે ૪-૩૦ થી ૬-૩૦ સુધી સાંજની સભામાં સાંસ્કૃતિક પ્રોગ્રામઅને કીર્તન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆત પ.પૂ. શ્રી ગાદીવાળા બાની જન્મદિવસની સરપ્રાઈઝ ઉજવણી સાથે થઈ. નાની બાલિકાઓની હાજરીમાં બર્થ-ડે કેક કાપવામાં આવી. સૌએ અંતઃકરણપૂર્વક પ્રાગટ્યદિનની શુભેચ્છા પાઠવી. આજનો સોનેરી દિવસ આપણા ટોરેન્ટો મંદિરમાં ઉજવાયો તેની ખુશાલી સૌના ચહેરા પર જણાતી હતી. ત્યારબાદ નાની બાલિકાઓએ નંદ સંતો રચિત કીર્તન ઉપર નૃત્ય રાસ-ગરબા કરી ભગવાનને અને પૂ.બાને રાજી કરવા પ્રયત્ન કર્યો. પૂ.બા એ

બાલિકાઓને અંતરના આશીર્વાદ આપ્યા અને મંદિરમાં ચાલતી ગુજરાતી સ્કૂલની પ્રવૃત્તિને બિરદાવી.

કીર્તન સંધ્યા કાર્યક્રમમાં પૂ. મંજુબાએ નંદસંતો રચિત મૂર્તિના રાસ-ઢાળના કીર્તનો ગાઈ-ગવડાવી સૌને રાસ-ગરબા રમવાનો આનંદ આપ્યો. આનંદ-ઉલ્લાસ સાથે બીજો દિવસ પણ પુરો થયો.

અંતમાં પોતાના આશીર્વચનમાં અહીં પધારીને મહારાજના દર્શન કરવાનો અને સૌને મળવાનો આનંદ વ્યક્ત કર્યો અને આવી રીતે સત્સંગ અને બાળ-સંસ્કાર સિંચન કરતા રહો તેવા આશીર્વાદ આપ્યા. તેના માટે મંદિરમાં નિયમિત આવવાનું મહત્વ સમજાવ્યું. મંદિરમાં આવીને ધર્મ-ભક્તિથી, સેવાથી ભગવાનને કેવી રીતે રાજી કરવા તે જણાવ્યું. સભામાં હાજર સર્વે બહેનોને વ્યક્તિગત રીતે પ્રેમથી મળ્યા અને ફરિવાર જરૂરથી આવવાનું વચન આપીને સૌને રાજી કર્યા.

પ.પૂ.શ્રી મોટા ગાદીવાળા બાની નાનકડી પણ મીઠી યાદ વાળી મુલાકાતથી ટોરોન્ટો મંદિરનો મહિલા સત્સંગ સમાજ ધન્ય ધન્ય થઈ ગયો. (ભૈરવી પટેલ)

**પિયોરિયા ચેપ્ટર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી આપણા આઈ.એસ.એસ.ઓ. પિયોરીયા ચેપ્ટરમાં દર રવિવારે સાંજે ૬-૦૦ થી ૮-૦૦ વાગ્યા સુધી સત્સંગ સભા થાય છે.

ગણેશ ચતુર્થીના ઉત્સવને અનુલક્ષીને ગણપતીજીની પૂજા કરી ગણપતીને ગોળના લાડુ જમાડી આરતી ઉતારી ગણપતીનો રાજીપો મેળવેલ.

તથા જલઝીલણી એકાદશીને અનુલક્ષીને ભગવાનને નૌકાવિહાર કરી ભગવાનને નવડાવી રાજીપો મેળવ્યો હતો.

હરિભક્તો પણ સભામાં સારી એવી સંખ્યામાં પધાર્યા હતા. સભામાં વચનામૃત વાંચી તેને અનુરૂપ સમજાવીએ છીએ. બાળકો પાસે પણ ભજન ગવડાવીએ છીએ. આ રીતે નવી પેઢીને પણ પ્રોત્સાહિત થાય તેવી પ્રવૃત્તિ કરતા રહીએ છીએ. જેતલપુરના મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી શિકાગો પધારેલા તો તેમણે પણ આપણા મંડળને યાદ કરી રાજીપાના આશીર્વાદ આપેલ. (રમેશ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી આપણા હ્યુસ્ટન મંદિરમાં ઉત્સવ સમૈયાઓ થતા રહે છે. મહંત કે.પી. સ્વામી અને ડી.કે. સ્વામી સુંદર લાભ આપે છે.

ગણેશ ચતુર્થીના દિવસે ગણપતી પૂજન રાખેલ. હરિભક્તોએ આરતી ઉતારી રાજીપો મેળવ્યો હતો.

જલઝીલણી એકાદશીએ ભગવાનનો વરઘોડો કાઢી નૌકા વિહાર કરવા લઈ ગયેલ. અને ત્યાંથી વાજતે ગાજતે ભગવાનને લાવેલ. ભગવાનને મંદિરની ફરતે પ્રદક્ષિણા કરાવી સર્વેને દર્શનનો લાભ આપેલ.

આ રીતે યુવક મંડળે સારો પ્રસંગ ઉજવેલ. અહીં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી સપ્ટેંબર માસમાં બાળકોનો કેમ્પ કરી સુંદર કાર્યક્રમ કર્યો હતો. (રમેશ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ક્રોલી પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ક્રોલીનો પાટોત્સવ તા. ૨૬-૮-૧૨ ના રોજ ઉજવાયો. આ પ્રસંગે પુરાણી સ્વા. વિશ્વવિહારીદાસજીના વક્તાપદે ભક્તચિંતામણી ગ્રંથની ત્રિદિનાત્મક કથા થઈ. પાટોત્સવના યજમાન શ્રીહરિશભાઈ રહ્યા હતા. યોગી સ્વામી અને પૂજારી રાજુ મહારાજે ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક કરી દર્શન કરાવ્યા હતા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર બ્રાઈટન પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને તા. ૩૧-૮-૧૧ થી તા. ૨-૯-૧૨ પર્યન્ત પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની કથા પુરાણી સ્વામી વિશ્વવિહારીદાસજીના વક્તા પદે થઈ હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં કથાનો લાભ લીધો હતો.

**શ્રી સ્વામિનારાયણ મંદિર સ્વીડન પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સ્વીડન ખાતે ઠાકોરજીનો પાટોત્સવ અને કથા નો લાભ પુરાણી સ્વામી વિશ્વવિહારીદાસજી અને યોગી સ્વામીએ આપેલ. હરિભક્તો ખૂબજ રાજી થયા હતા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટ્રેધામ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઠાકોરજીના પાટોત્સવ નિમિત્તે શ્રીમદ્ સત્સંગિજીભૂષણ સપ્તાહ પારાયણ તા. ૬-૮-૧૨ થી તા. ૧૨-૮-૧૨ પર્યન્ત પુરાણી સ્વા. વિશ્વવિહારીદાસજીના વક્તાપદે થઈ હતી. કથાના યજમાન રજનીભાઈ ગોવિંદભાઈ પટેલ અને માધુભાઈ ગોવિંદભાઈ પટેલ રહ્યા હતા. જન્માષ્ટમી અને ઠાકોરજીનો અભિષેક અન્નકૂટ આદિ ધામધૂમથી થયા હતા.

તા. ૨૭-૮-૧૨ સમૂહ મહાપૂજા પ.ભ. સૂર્યકાંતભાઈના યજમાન પદે થઈ હતી. આ પ્રસંગે ખાસ લંડન વિલ્સડન મંદિરના પ્રમુખ પ.ભ. મનજીભાઈ, દેવરાજભાઈ અને શિવજીભાઈ પણ પધાર્યા હતા અને મહાપૂજામાં બેસીને લાભ લીધો હતો. પ.ભ. અશોકભાઈ માંડવી (કચ્છ) વાળા ખાસ પ્રેરણારૂપ રહ્યાં હતા.

**નવું પ્રકાશન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર દ્વારા પ્રકાશિત સ.ગુ.બ્ર.સ્વા. વૈષ્ણવાનંદ કૃત શ્રીહરિલીલા સિંધુ ભાગ-૧ જેતલપુર મંદિરથી પ્રાપ્ત થશે.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| શ્રાવણ સુદ-૨ | પટેલ હંસાબેન ઘનશ્યામભાઈ (મોહનથાળ-મોતૈયા) | સુરત |
| અ.ભાદરવા સુદ-૧ | અ.નિ. તારાબેન રમણભાઈ પટેલ (મગશ) (હ. પ્રવિણભાઈ (નાન ભગત)હ. બ્ર.રાજુ સ્વામી) | શિકાગો |
| અ.ભાદરવા સુદ-૨ | બિપીનચંદ્ર નંદલાલ મામતોરા (દુધપાક-પુરી) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| અ.ભાદરવા સુદ-૨ | જયંતિભાઈ સબાભાઈ પટેલ (મોહનથાળ) | ગોતા |
| અ.ભાદરવા સુદ-૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર (મોહનથાળ) (હ. દેવ સ્વામી) | મુબારકપુરા |
| અ.ભાદરવા સુદ-૨ | દિલીપભાઈ (મોહનથાળ) | |
| અ.ભાદરવા સુદ-૨ | પટેલ હસમુખલાલ ચુનિલાલ (હ. મહંત સ્વામી) | ગાંધીનગર |
| અ.ભાદરવા સુદ-૩ | અ.નિ. અમૃતભાઈ (શીખંડપુરી-ધારી) (હ. ગોવિંદ સ્વામી, વિવેકભાઈ) | મેતપુર-પુના |
| અ.ભાદરવા સુદ-૩ | પટેલ જશવંતભાઈ ફુલાભાઈ (સાટા) | મોટેરા |
| અ.ભાદરવા સુદ-૩ | પૂ. બિન્દુરાજા (ધારી) (હ. વનરાજ ભગત) | અમદાવાદ |
| અ.ભાદરવા સુદ-૪ | કુંજ અજયભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અ.ભાદરવા સુદ-૫ | પટેલ મણીબેન મણાભાઈ આદરભાઈ (મોહનથાળ) | ઉનાવા |
| અ.ભાદરવા સુદ-૭ | પટેલ જ્યોતિબેન પાનાચંદ (ચુરમાના લાડુ) (હ. મણીભાઈ પટેલ) | નારદીપુર |
| અ.ભાદરવા સુદ-૭ | અ.નિ. પટેલ ઈશ્વરભાઈ કેશવલાલ (ચુરમાના લાડુ) | કાળીગામ |
| અ.ભાદરવા સુદ-૮/૯ | ગજજર રમીલાબેન વિનુભાઈ (કાજુબદામમૈસુબ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| અ.ભાદરવા સુદ-૧૦ | પટેલ હસુમતીબેન કાન્તિલાલ (ચુરમાના લાડુ) | કલોલ |
| અ.ભાદરવા સુદ-૧૦ | શારદાબેન વી. શેલત (ચુરમાના લાડુ) (હ. ઘનશ્યામભાઈ સ્વા.માસિક) | અમદાવાદ |
| અ.ભાદરવા સુદ-૧૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ પગપાળા સંઘ (ચુરમાના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી) | ઝુંડાલ |
| અ.ભાદરવા સુદ-૧૦ | વિષ્ણુભાઈ ગોરધનભાઈ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અ.ભાદરવા સુદ-૧૧ | ખેમચંદભાઈ કરશનભાઈ પટેલ (શીખંડપુરી) | સાચોદર |
| અ.ભાદરવા સુદ-૧૨ | કેશવલાલ નારણદાસ પટેલ (ચુરમાના લાડુ) | ઉનાવા |
| અ.ભાદરવા સુદ-૧૨ | મોહનભાઈ અમીચંદભાઈ પટેલ (ચુરમાના લાડુ) (હ. ઈશ્વરભાઈ) | સાપાવાડા |
| અ.ભાદરવા સુદ-૧૨ | પરસોત્તમભાઈ ભુરાભાઈ (મગસ) | |
| અ.ભાદરવા સુદ-૧૩ | મોરારભાઈ કનુદાસ પટેલ (મગસ) | ગોઠીબ |
| અ.ભાદરવા સુદ-૧૪ | કિરણભાઈ બાપુલાલ બ્રહ્મભટ્ટ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| અ.ભાદરવા સુદ-૧૪ | લીલાબેન ત્રિભોવનદાસ પટેલ (બુંદીના લાડુ) (હ. નીરૂબેન અંબાલાલ પટેલ) | મોખાસણ |
| અ.ભાદરવા સુદ-૧૪ | રતિલાલ ખેમાભાઈ (મગસ) (હ. હરિસ્વરૂપ સ્વામી) | જાનવડ |
| અ.ભાદરવા વદ-૨ | પટેલ વાસુદેવભાઈ બાબુલાલ અંબાલાલ (ચુરમાના લાડુ) (હ. રમણભાઈ પટેલ) | મોખાસણ |
| અ.ભાદરવા વદ-૨ | પટેલ પ્રકાશકુમાર લાલભાઈ (મોહનથાળ) (હ. મુનિ સ્વામી) | ઉનાવા |
| અ.ભાદરવા વદ-૨ | રશ્મિકાન્ત ચીમનલાલ ભાવસાર (મોહનથાળ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૨ | મુળજીભાઈ નારણભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૨ | પટેલ ગોકળભાઈ કરસનભાઈ (મોહનથાળ) (હ. ઈશ્વરભાઈ) | સાપાવાડા |
| અ.ભાદરવા વદ-૨ | પરેશભાઈ જગદીશભાઈ બ્રહ્મભટ્ટ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૨ | હેમાબેન વિપુલભાઈ ભાવસાર (મોહનથાળ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૩ | તારાબેન, સવિતાબેન, શારદાબેન, સુશીલાબેન (બુંદીના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૩ | ભગવાનજી બાપા અરોરા (મોહનથાળ) (હ. મુનિ સ્વામી) | તલાલા |
| અ.ભાદરવા વદ-૩ | મનસુખભાઈ પુંજાભાઈ (મોહનથાળ) | વાલાસેટી |
| અ.ભાદરવા વદ-૪ | પટેલ ડાહીબેન ઈશ્વરદાસ (ચુરમાના લાડુ) (હ. મહેન્દ્રભાઈ) | મોખાસણ |
| અ.ભાદરવા વદ-૪ | અ.નિ. ડાહ્યાલાલ ગોપાલભાઈ શાસ્ત્રી (કાજુ-બદામમૈસુબ) | સામત્રા-કચ્છ |
| અ.ભાદરવા વદ-૬ | મનહરભાઈ મોતીભાઈ બારોટ (મોહનથાળ) | ખેડા |
| અ.ભાદરવા વદ-૬ | પ્રાગજીભાઈ પોપટભાઈ સેલડીયા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૮ | અ.નિ. પટેલ મણીબેન કાન્તિલાલ (મગસ) (હ. પ્રવિણભાઈ) | સોજા |
| અ.ભાદરવા વદ-૮ | રમેશભાઈ મગનભાઈ પટેલ (મગસ) | રડોદરા-બાયડ |
| અ.ભાદરવા વદ-૮ | મણીબેન ભોળાભાઈ પટેલ (મગસ) (હ. હરિભાઈ) | |
| અ.ભાદરવા વદ-૮ | સોની મનોજભાઈ સૂર્યકાન્તભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૮ | કોકીલાબહેન મેહુલભાઈ જયંતિભાઈ પટેલ (મોહનથાળ) | કણભા |
| અ.ભાદરવા વદ-૮ | ચૌધરી રમણભાઈ ગોબરજી ઈન્દુજી (મૈસુબ) (હ. જીવાભાઈ) | બાલવા |
| અ.ભાદરવા વદ-૮ | કનુભાઈ રમણભાઈ પટેલ (ચુરમાના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અંબાપુર |
| અ.ભાદરવા વદ-૮ | મોદી નટવરભાઈ સોમચંદ (મગસ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૮ | અ.નિ. લલીતાબેન અમૃતભાઈ પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૯ | પટેલ ઈન્દુકુમાર મણીલાલ (ઉનાવાવાળા) (ચુરમાના લાડુ) (હ. જયંતિભાઈ) | સાબરમતી |
| અ.ભાદરવા વદ-૯ | અ.નિ. પટેલ બબલદાસ જોઈતારામ(ચુરમાના લાડુ) (હ. લાલભાઈ) | ભાવપુરા |
| અ.ભાદરવા વદ-૧૦ | એક હરિભક્ત (મગસ) (હ. બાબુ ભગત તથા જય) | અમદાવાદ |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| | | |
|---|---|---|
| અ.ભાદરવા વદ-૧૨ | અ.નિ. જસુમતીબેન ચંદુભાઈ પટેલ (ડેટ્રોઈટ) (મગસ-મોતૈયા) (હ. મીનાબેહન) | રાણીપ-રાજપુર |
| અ.ભાદરવા વદ-૧૨ | ચૌધરી નારણભાઈ રામાભાઈ (મગસ) | બદપુરા |
| અ.ભાદરવા વદ-૧૨ | છોટાભાઈ માધાભાઈ પટેલ (ચુરમાના લાડુ) (હ. કેશાભાઈ કોઠારી) | વક્તાપુર |
| અ.ભાદરવા વદ-૧૨ | પટેલ નિલય મહેન્દ્રકુમાર (દુધપાકપુરી) (હ. કલ્પેશભાઈ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૧૨ | ચંદુભાઈ નારણભાઈ પટેલ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૧૨ | અ.નિ. મંગુબેન ત્રિભોવનદાસ પટેલ (મોહનથાળ) (હ. રામભાઈ ટી. પટેલ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૧૨ | હીરાબેન પટેલ (દૂધપાક પુરી) (હ. ભારતીબા) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૧૨ | ચેલાજી અનાજી ચૌધરી (ચુરમાના લાડુ) (હ. ચંદ્રપ્રકાશ સ્વામી) | દાંતીવાસ |
| અ.ભાદરવા વદ-૧૨ | નિર્મળાબેન ચંદ્રકાન્તભાઈ પુજાપાવાળા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૧૩ | બી. કે. ચૌધરી (ચુરમાના લાડુ) | માણેકપુર |
| અ.ભાદરવા વદ-૧૩ | ડૉ. દર્શનભાઈ સ્વામિનારાયણ (ચુરમાના લાડુ) (હ. મણીભાઈ એમ. પટેલ) | ઉનાવા |
| અ.ભાદરવા વદ-૧૩ | અ.નિ. પટેલ લલીતાબેન દેવજીભાઈ સવજીભાઈ (ચુરમાના લાડુ) (હ. પ.ભ.રતિભાઈ ટ્રસ્ટી) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૧૩ | જયરામભાઈ છગનભાઈ કાનાણી (મોહનથાળ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૧૪ | જીવરાજપાર્ક મહિલા મંડળ (બુંદીના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી, રજનીભાઈ) | જીવરાજપાર્ક |
| અ.ભાદરવા વદ-૧૪ | અમૃતલાલ જેસંગદાસ પટેલ (બુંદીના લાડુ) | રણછોડપુરા |
| અ.ભાદરવા વદ-૧૪ | ઈશ્વરભાઈ હરિભાઈ પટેલ (મગસ) | ઉનાવા |
| અ.ભાદરવા વદ-૧૪ | પટેલ છાયાબેન હરેશકુમાર (બુંદીના લાડુ) (હ. ઈશ્વરભાઈ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૩૦/૧ | પ્રહલાદભાઈ એ. પટેલ, કપિલાબેન (મોહનથાળ) (હ. પી.પી. સ્વામી નારાયણઘાટ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૩૦/૧ | મનજીભાઈ (મોહનથાળ) (હ. હરિજીવન સ્વામી) | પ્રાંતિજ |
| અ.ભાદરવા વદ-૩૦/૧ | ચીમનભાઈ હેમાભાઈ પટેલ (મગસ) | કનીપુર-નરોડા |
| અ.ભાદરવા વદ-૩૦/૧ | વૈભવ રણછોડભાઈ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૩૦/૧ | રાજેશભાઈ હરિપ્રસાદ ભાવસાર (મોહનથાળ) | સરસપુર |
| અ.ભાદરવા વદ-૩૦/૧ | પ્રવિણાબેન ધીરજલાલ તથા હિતેષ ધીરજલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| અ.ભાદરવા વદ-૩૦/૧ | બાબુભાઈ કેશવલાલ પટેલ (મગસ) (હ. પ.ભ. રમણભાઈ ટ્રસ્ટીશ્રી) | કાળીગામ |

શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યનું સરનામું બદલવા અંક ન મળવા અંગે અથવા અંકને લગતા કોઈ કામ માટે પોતાનો ગ્રાહક નંબર જણાવવો. ગ્રાહક નંબર વગર કોઈ ફરિયાદ લેવામાં નહી આવે. (સંચાલકશ્રી)

# ધનુર્માસનો વિશેષ સત્સંગ

## તા. ૧૬-૧૨-૨૦૧૨ થી તા. ૧૪-૧-૨૦૧૩

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂન્યનો લાભ લેવા સમસ્ત સત્સંગને રૂડું આમંત્રણ છે.**

ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજનીય સંતો અને વહાલા હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં અને હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં સમસ્ત બહેનોની ઉપસ્થિતિમાં ધનુર્માસ ધૂન્ય મહોત્સવ ઉજવાશે. સમગ્ર માસ દરમ્યાન કડકડતી ઠંડીમાં આપણા ઈષ્ટદેવશ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રનો જાપ લેવાનું આપણને સદ્‌ભાગ્ય મળ્યુ છે. તો પરિવાર સહિત આવો અલૌકિક અને દિવ્ય લાભ લેવાનું ચૂકતા નહીં. આખો દિવસ તો નોકરી, ધંધા રોજગારમાં ક્યારે સમય મળે અને ભગવાનને સંભારવાનું બને ! આ એકજ અવસર એવો છે કે સમયસર ટાઈમ ટેબલ પણ સચવાય અને ભગવાનનું નામ લેવાય અને તે બહાને વહેલા જાગવાનું નિયમ પણ થાય ખરૂને ભક્તો ! અને હા, યજમાન બનવાનો પણ લાભ લેવાય.

દરેક માસિક ધૂન્યના યજમાનો અને દૈનિક ધૂન્યના યજમાનોને ધનુર્માસની યાદગીરી રૂપ અલૌકિક ભેટ પણ મળશે. કેટલા બધા લાભ ધૂન્યમાં આવવાથી મળે છે.

- મહંત સ્વામી

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

**૬૬૬/- મૂળજીભાઈ કાચા ટેલર લેસ્ટર (યુ.કે.)**
૧૦૧/-અ.નિ. માવજી હિરજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/-અ.નિ. બચુલાલ માવજી પરમાર વિલેપાર્લે
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/-અ.નિ. માધવજી માવજી પરમાર વિલેપાર્લે
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/-ગં.સ્વ. મુક્તાબેન બચુલાલ પરમાર વિલેપાર્લે
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/-જગદીશ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/-ચૌહાણ સંદિપ અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બારડોલી
૧૦૧/-અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૨૫૧/-પટેલ અમિતભાઈ નંદુભાઈ કેનેડા ગયા તે નિમિત્તે સાબરમતી
૧૦૧/-ચૌહાણ સ્મિત સંજયભાઈ જન્મદિને
૧૦૦/-પટેલ કમલેશભાઈ સતિષભાઈ જમિયતપુરાવાળા
ચિ. નિસર્ગના લગ્ન પ્રસંગે
૧૦૦/-સોની હિતેશભાઈ અમૃતલાલ ચિ. આર્યનના જન્મ દિવસે લીંબડી
૧૫૦/-પટેલ જયકુમાર જન્મ દિવસ નિમિત્તે અમદાવાદ
૨૦૧/-ભાવસાર મનન નલીનકુમાર સગાઈ નિમિત્તે અમદાવાદ
૧૦૧/-વાઘેલા લઘધીરસિંહ છત્રસિંહ ખોડા
ચિ. ગોપાલસિંહની પોલીસમાં નિમણૂંક થવાથી
૧૦૧/-પટેલ સોમાભાઈ ઈશ્વરદાસ ભાણાના જન્મ પ્રસંગે વિહાર
૧૦૧/-શાહ ભગવતભાઈ ફકીરચંદ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૦૦/-શર્મા કેતન શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે કેલિફોર્નિયા
૧૦૧/-પરમાર હરિભાઈ મોતીભાઈ બળોલ-ભાલ
ચિ. જયશ્રીબેનની સગાઈ નિમિત્તે
૧૦૧/-સિંધવ દીપુભાઈ નારણભાઈ સુરેન્દ્રનગર
ચિ. ચેતનબેનના ભાણાના જન્મ પ્રસંગે
૧૦૧/-અ.નિ. સરવૈયા કાંતાબેન કરશનદાસ શ્રીહરિ સ્મરણાર્થે અમદાવાદ
૧૦૧/-પટેલ દિનેશભાઈ મંગળદાસ સોજાવાળા
ગાંધીનગર નવું મકાન લીધું તે નિમિત્તે
૨૫૧/-ચૌધરી દશરથભાઈ બાપુભાઈ (ડી.બી.) કેનેડાના વિઝા થયા તે નિમિત્તે
૧૦૦/-ગોહીલ વાલાભાઈ મલુભાઈના સ્મરણાર્થે ટીંબા
૧૧૧/-અ.નિ. મોદી રણછોડદાસ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/-મોદી દિપ્તિ મિતેશભાઈ અમદાવાદ
સ્વામિનારાયણ ભગવાને રક્ષા કરી તે નિમિત્તે
૧૦૦/-પટેલ અરવિંદભાઈ માધવલાલ શ્રીજી પ્રસન્નાર્થે ઈટાદરા
૧૦૦/-પટેલ પ્રહલાદભાઈ લક્ષ્મણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાના ઉભડા
૧૦૧/-પરમાર યુવરાજસિંહ મહેન્દ્રકુમાર બળોલ-ભાલ-અમદાવાદ
જન્મ દિવસ નિમિત્તે
૧૦૧/-ખેર મીનાબેન ઘનશ્યામભાઈ બળોલ-ભાલ સુરેન્દ્રનગર
નવું પ્રેજર લાવ્યા તે નિમિત્તે
૧૦૧/-પટેલ વિષ્ણુભાઈ કેશવલાલ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૧૧/-સોની શૈલેન્દ્રકુમાર રમેશચંદ્ર અમદાવાદ
અ.સૌ. ચિ. દિપ્તિના શ્રીમંત પ્રસંગે
૧૦૦/-પટેલ સમીર વિષ્ણુભાઈ રવિના જન્મદિવસ નિમિત્તે મોખાસણ
૧૦૧/-પટેલ હેત સતિષભાઈ જન્મદિને રાણીપ
૧૨૫/-સોલંકી ધ્વનીશ રાજેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૨૫/-સોલંકી ગાંડાભાઈ ગોબરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/-દરજી મનોજ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/-મોરી ભીખાભાઈ કનુભાઈ નવો બોર બનાવ્યો તે નિમિત્તે ડેડિયાસણ
૧૦૦/-અમીન જ્યોતિબેન ભૂપેન્દ્રભાઈ શંભુભાઈના સ્મરણાર્થે અસલાલી
૨૦૧/-ભાવસાર મહેન્દ્રભાઈ છોટાલાલ અમદાવાદ
નવું હીરો હોન્ડા લીધું તે નિમિત્તે
૧૦૧/-પટેલ મહેન્દ્રકુમાર જીવણલાલ મારુસણા
ધવલના જન્મ દિવસ નિમિત્તે
૧૦૧/-ઠક્કર સોમચંદભાઈ હેમચંદભાઈ ચિ. પ્રકાશના જન્મ દિવસ નિમિત્તે
(સ્વા. માસિક ઓફિસ અમદાવાદ)
૧૦૧/-સીતાપરા પાર્થ ગોરધનભાઈ બાપુનગર
કેનેડા પી.આર. થયા તે નિમિત્તે
૧૦૧/-વન્ડરા રીયા ધર્મેશ જન્મદિવસ નિમિત્તે અમદાવાદ
૨૦૧/-કાછીયા સચિન દિલીપકુમાર ખારોલ
ચિ. શ્રેયાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે
૧૦૧/-કાછીયા ચીમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/-રાઠોડ કૌશિક વાલજી જન્મદિન નિમિત્તે મુંબઈ
૧૦૧/-ગાંગાણી અંકિત મગનભાઈ નોકરી મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/-પટેલ લવ રીકીનકુમાર પ્રથમ જન્મ દિવસ નિમિત્તે અસલાલી
૧૧૧/-અ.નિ. ઘનશ્યામ શંકરલાલના સ્મરણાર્થે લુણાવાડા
૧૦૧/-જોષી વત્સલકુમાર નિતીનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કોઠંબા
૧૦૧/-મોદી નિશિત હર્ષદભાઈ યુ.એસ.એ.ના વિઝા થયા તે નિમિત્તે ઊંઝા
૧૦૦/-સોની હંસાબેન ઉપેન્દ્રભાઈ નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિરમગામ
૧૧૧૧/-હીરપરા નરેન્દ્રભાઈ જીવરાજભાઈ મેઘાણીનગર
ચિ. હર્ષની વર્ષગાંઠ નિમિત્તે
૧૫૦/-પટેલ કલ્પેશભાઈ માધવલાલ ચડાસણા
ચિ. દેવર્ષના જન્મદિવસ નિમિત્તે
૧૦૧/-અ.નિ. વોરા ચંપાબેન હરિશ્ચંદ્ર પુણ્ય તિથિ નિમિત્તે ગઢડાવાળા
૧૦૦/-રાદડીયા નિકુંજ દિનેશભાઈ નોકરી મળી તે નિમિત્તે અમદાવાદ
૨૦૧/-પટેલ સતીષભાઈ કાનજીભાઈ ભગવાનપુરા
રિયાના જન્મ દિવસ નિમિત્તે
૧૦૧/-પટેલ રમેશભાઈ નટવરલાલ વાગોસણા
જીગ્નેશ અને પાયલને વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૦/-મારવી ડૉ. સ્વાતિ ચિંતન, નોકરી મળી તે નિમિત્તે ધ્રાંગધ્રા
૧૦૦/-મારવી પાયલ ભાવેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધ્રાંગધ્રા
૧૦૧/-આડેસરા પિયુષકુમાર વ્રજલાલ અમદાવાદ
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/-આદેસરા વ્રજલાલ વિરચંદભાઈ ૭૫ મી વર્ષગાંઠ નિમિત્તે અમદાવાદ
૧૦૦/-પટેલ ઉષાબેન દશરથભાઈના સ્મરણાર્થે અસલાલી
૨૦૦/-મોદી કૃનાલ પ્રવિણકુમાર નોકરી મળી તે નિમિત્તે મહેસાણા
૧૦૦/-પટેલ પ્રદીપકુમાર મુકેશભાઈ ભગવાનપુરા
ગર્વમેન્ટ નોકરી મળી તે નિમિત્તે
૧૦૦/-પટેલ પ્રદીપકુમાર મુકેશભાઈ ભગવાનપુરા (પ્રતાપપુરા)
જન્મદિવસ નિમિત્તે
૧૦૧/-ઠક્કર હીના નરેશકુમાર જન્મદિવસ ૨૦-૧૦ નિમિત્તે નારણપુરા
૨૦૦/-પટેલ ગોકુલભાઈ રાવજીભાઈ બાપુનગર
તેમના બા-બાપુજીના શ્રાધ્ધ નિમિત્તે
૧૦૦/-પટેલ પરાગ ગોકુલભાઈ યુ.એસ.એ.
ચિ. ખુશીના જન્મ દિવસ નિમિત્તે
૧૦૦/-પટેલ ભાવિક ગોકુળભાઈ પુત્રી તિથિના જન્મ નિમિત્તે બાપુનગર
૧૫૦/-પટેલ દિપેનકુમાર પ્રવિણલાલ અભ્યાસમાં પ્રગતિ અર્થે રાણીપ
૧૦૧/-પટેલ પંકજકુમાર ડાહ્યાલાલ જન્મ દિવસ નિમિત્તે હાંસોલ
૧૦૦/-ઠક્કર ભરતભાઈ ચીમનભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ધોળકા
૧૫૦/-પટેલ દક્ષેશ પ્રહલાદભાઈ જન્મદિવસ નિમિત્તે અમદાવાદ શાહીબાગ
૧૦૧/-પટેલ વિરેનકુમાર કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૫૦૧/-પટેલ સુજાતા મૌલિક અમેરિકા ગયા તે નિમિત્તે સાબરમતી
૨૫૧/-ડાભી કિરીટસિંહ પ્રભાતસિંહ ચિ. પ્રીતિબેનના લગ્ન નિમિત્તે ડાંગરવા
૨૦૦/-પટેલ પરષોતમભાઈ શંકરભાઈ કોઠારી ગાડી લાવ્યા તે નિમિત્તે કડી
૧૫૦/-કા. હિરેનભાઈ નિલેશભાઈ પુત્ર જન્મ પ્રસંગે કોઠંબા
૧૦૦/-પટેલ નારણભાઈ મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોઠીબ
૧૦૦/-પટેલ યસ જશુભાઈ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૧૦૧/-પટેલ લાભુબેન મનુભાઈ કુંડાળ
રોનકને કોલેજમાં એડમીશન મળ્યું તે નિમિત્તે
૧૦૦/-કાછીયા પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દાદાના શ્રાધ્ધ નિમિત્તે કોઠંબા
૧૫૧/-રાઠોડ પાર્વતીબેન વીરજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ

૧૦૧/- મનાણી દામજીભાઈ લાલજીભાઈ જન્મદિવસ નિમિત્તે જીરાગઢ
૧૦૧/- પટેલ સવિતાબેન મનસુખભાઈ અધિક માસ નિમિત્તે હઠીપુરા
૧૦૧/- વાઘેલા મેહુલસિંહ જયેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- ટાંક અંકિત બિપીન શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/- ટાંક નિમેષ બિપીન શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ-કાંદીવલી
૫૦૦/- પટેલ સ્નેહલ કૃષ્ણકાંત ચિ. અવિચલનું નામકરણ કાંકરીયા
પ.પૂ.મોટા મહારાજશ્રીના હસ્તે થયું તે નિમિત્તે
૧૧૦/- પટેલ પ્રવિણભાઈ મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- ઠક્કર નિમેષકુમાર જયદીપભાઈ પુત્રીના જન્મ પ્રસંગે કઠલાલ
૧૫૧/- મોદી પ્રતિકકુમાર નરેશકુમાર અમદાવાદ
સી.એ.માં પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- અ.નિ. પટેલ નાથીબેન મંગળદાસ બીજી પુણ્યતિથિ નિમિત્તે વિહાર
૧૦૦/- મોરી પથાભાઈ મલુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- અંજનાબેન મનુભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૧/- પટેલ ગીતા એમ. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ઘોડાસર
૧૦૧/- મોરી ભીખાભાઈ દાનુભાઈ નવા બોર નિમિત્તે કાલીયાણા
૧૦૧/- વાઘેલા મહાવીરસિંહ જામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/- વાઘેલા રણજીતસિંહ ધૂન નિમિત્તે ગોધાવી
૧૦૧/- અમીન ઠાકોરભાઈ કાશીભાઈ ચલોડા
પુત્રને યુ.એસ.એ. વિઝા નિમિત્તે
૨૫૧/- ભાવસાર હેલી મેહુલભાઈ જન્મદિને ગાંધીનગર
૧૦૧/- ભાવસાર ભગુભાઈ નારણદાસ પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર
૧૦૧/- ભાવસાર જસ્મીન ભગુભાઈ પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર
૧૦૧/- ભાવસાર પાર્વતીબેન નારણદાસ પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર
૧૦૧/- ભાવસાર કમળાબેન રમણલાલ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર
૫૦૦૦/- પટેલ જયદીપકુમાર મહેન્દ્રભાઈ સિમરીકંપા
મકાનના પ્રથમ ભાડા નિમિત્તે
૧૦૧/- ગરનાળા સંદિપકુમાર ધીરજલાલ નવી દુકાન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ ઉન્નતકુમાર ચંદ્રેશભાઈ જન્મદિન નિમિત્તે આકરૂંદ
૧૦૦/- ધરણી, શિશલ, ઉન્નત નવું ફ્રીજ લાવ્યા તે નિમિત્તે આકરૂંદ
૧૦૦/- ચૌધરી હેતકુમાર ઘનશ્યામભાઈ શાપર (રાજકોટ)
નવું લેપટોપ નિમિત્તે
૧૦૧/- પટેલ હેત આશિષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ પૂર્વા આશિષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- સોની જીજ્ઞાશાબેન ક્રિષ્ણાલાલ નોકરી નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ કાવ્ય જતીનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સરઢવ
૧૦૧/- કાછીયા જયંતિલાલ કાંતિલાલા પુણ્યતિથિ નિમિત્તે
૧૦૧/- કા. ઈન્દીરાબેન જયંતિલાલ પુણ્યતિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ મીનાબેન નટુભાઈ માધવલાલ શ્રીજી પ્રસન્નાર્થે વિહાર
૧૦૧/- પટેલ રમેશચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- રાવળ નયનાબેન પ્રવિણચંદ્ર યાત્રા નિમિત્તે કાલીયાણા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૫૦/- પટેલ રમણભાઈ કિશોરભાઈ તેમના પિતાના શ્રાધ્ધ નિમિત્તે
૧૫૦/- મોદી સુરેશકુમાર સોજા
ચિ. નૈતિકકુમારને એમ.બી.બી.એસ.માં એડમીશન નિમિત્તે
૧૦૧/- અ.નિ. ઠક્કર સેજલબેન ચંદુલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૫૦/- અમીન નનુભાઈ મોતીભાઈ ૮૦ વર્ષ પુરા થવા નિમિત્તે નરોડા
૧૦૧/- ભાવસાર જલદીપ જીતેન્દ્રકુમાર જન્મદિન નિમિત્તે વસઈ
૧૫૧/- અ.નિ. પટેલ શાંતાબેન ચુનીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૨૫૧/- પટેલ હેપ્પી પ્રહલાદભાઈ અમદાવાદ
કેનેડાના સીટીઝન થયા તે નિમિત્તે
૫૦૦/- પટેલ બિપીનભાઈ નટવરભાઈ નવા કારખાનાના ઉદ્‌ઘાટન પ્રસંગે સોજા
૧૦૧/- પટેલ કિર્તનકુમાર હસમુખભાઈ જન્મ દિવસ નિમિત્તે વડોદરા
૧૦૧/- પટેલ શીતલબેન કિર્તનકુમાર જન્મ દિવસ નિમિત્તે વડોદરા
૧૦૧/- ટાંક માવજીભાઈ જીવાભાઈ લેસ્ટર
ચારાધામ યાત્રા પૂર્ણ થઈ તે નિમિત્તે
૧૦૧/- ટાંક નારણભાઈ પોપટભાઈ રાજકોટ
આચાર્ય મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે
૧૦૧/- ટાંક વેલજીભાઈ કરશનભાઈ ચિ. ચિરાગની સગાઈ નિમિત્તે રાજકોટ
૧૦૦/- પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- રાવલ તરુણભાઈ સાહેબ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- શેલડીયા પ્રથમ, પ્રચિતા સુરેશભાઈના જન્મદિવસ નિમિત્તે નિકોલ
૧૦૦/- મોદી હરિભાઈ કેશવલાલ (કોઠારી) પ્રાંતિજ
નિકુંજને નોકરી મળી તે નિમિત્તે
૨૦૦/- પટેલ અંબાલાલ વિઠ્ઠલભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે નાંદોલ
૧૦૦/- પટેલ રૂતુલ નરેન્દ્રભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૨૫/- કાનાણી વાલજીભાઈ કાનાભાઈ દહેગામ
વૃધ્ધ પેન્શન પાસ થયું તે નિમિત્તે
૧૫૧/- ભાવસાર મિતેશકુમાર વિજયભાઈ પુત્રના જન્મ નિમિત્તે લાંઘણજ
૧૦૧/- પરમાર શાંતિલાલ પરસોતમભાઈ મકાન વેચ્યુ તે નિમિત્તે રાજકોટ
૨૫૧/- તરસરીયા હિરેન ધીરૂભાઈ નોકરી મળી તે નિમિત્તે બાપુનગર
૧૦૦/- કાછીયા બિપીનકુમાર શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/- ચાવડા અજમલભાઈ ગણેશભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે વઘાડા
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ ખોડીદાસ શ્રીજી પ્રસન્નાર્થે વડુ
૧૦૦/- પટેલ રમેશચંદ્ર બાબરભાઈ નાંદોલ
પ.પૂ. મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે
૧૦૦/- રાણપુરા મહેશભાઈ દલપતભાઈ અમદાવાદ
દેવના જન્મદિવસ નિમિત્તે
૧૦૧/- કાછીયા પ્રતિકભાઈ પિયુષભાઈ બાલાસિનોર
બી.એડ.માં પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- ચોટલીયા મુકેશભાઈ દયાલજીભાઈ ધુળકોટ
પુષ્પાબેનને ત્યાં બેબીના જન્મ નિમિત્તે
૨૦૦/- પટેલ પલ કેવલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પરમાર શ્લોક પંકજભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ બાવળા
પ.પૂ. મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- સોલંકી હંસાબેન દિલીપસિંહ બાબાનું સગપણ થયું તે નિમિત્તે વધાડા

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અરોડા (ઈડર દેશ)** : શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. કચરાભાઈ સાંકાભાઈ પટેલના સુપુત્ર પ.ભ. કૌશિકભાઈ કચરાભાઈ પટેલ (ઉ. ૫૫ વર્ષ) તા. ૨૩-૯-૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**દહેગામ** : પટેલ શાંતાબેન ચુનીભાઈ તા. ૬-૧૦-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**નાંદોલ** : ચંચળબેન છનાભાઈ પટેલ તા. ૧-૧૦-૧૨ ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સાણંદ** : લીલાબેન હિંમતલાલ ઠક્કર અધિક માસમાં છપૈયા ધામે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક** : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.